
આવતી કાલનાં નાગરિકો માટેનું આજનાં ઘરોનું અદ્યતન માસિક
વર્ષ ઓગણીસમું · અંક દસમો
ઑક્ટોબર · ઓગણીસસો બેતાળીસ
તંત્રી · રવિશંકર રાવળ
સંપાદક · બચુભાઈ રાવત



કુમાર

૨૨૬

કુમાર

ઑક્ટોબર ૧૯૪૨

અંક ૨૨૬

અનુક્રમણિકા

મુદ્રક·બચુભાઈ રાવત. તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂ. ૬, બહારદેશના રૂ. ૬॥, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના. મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬–૧૪૨ મેડોઝ સ્ટ્રીટ; આર. આર. શેઠની કં. અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ; વડોદરામાં: નૂતન ફોટો સ્ટુડિયો, રાવપુરા.



શશિ, સંગીત અને સંવેદન

ચિત્રકાર • કનુ દેસાઈ



હિજરતીઓ

(ચિત્રકાર • આર. જૅક., એ. આર. એ.)

યુરોપના ગત ૧૯૧૪–૧૮ના મહાયુદ્ધ વખતે જર્મનીના આક્રમણથી તારાજ થએલા ફ્રેન્ચ તથા બેલ્જિયન પ્રદેશોમાંથી, હાથ આવી તે રહીસહી ઘરવખરી ખભે મારીને સ્થળાંતર કરતાં આપદ્ગ્રસ્ત પ્રજાજનોનું તાદૃશ ચિત્ર રજૂ કરતું આ ચિત્ર, આજે પણ જગતમાં ઠેરઠેર બની રહેલી, અને આપણા જેવા કૈંક પ્રદેશો પર તોળાઈ રહેલી આપત્તિનો તાદૃશ ચિતાર આપે છે. આ ચિત્રના પ્રકાશકે (બ્રિગિંઝ ઍન્યુઅલે) આ ચિત્રની સમજણ આપતાં, ઈ. ૧૮૦૪ની સાલના ઈંગ્લંડ પરના આક્રમણ વેળા રેવ. સિડની સ્મિથે લંડનના સ્વયંસેવક દળ આગળ કરેલા પ્રવચનના નીચલા શબ્દો ટાંક્યા છે, જે આજે પણ અક્ષરશઃ સાચા લાગે છે: "રખે ભ્રમમાં રહેતા, કે બીજા દેશોને રંજાડી રહેલા ક્રૂર આક્રમણકારોથી તમારો બચાવ કરનારી કોઈ દૈવી ઢાલ તમારી આડે તોળાઇ રહેવાની છે. ઈશ્વરે આ દેશને કાંઈ એવો પવિત્ર પરવાનો નથી આપ્યો કે દુનિયામાં બીજે બધે જ્યારે શોક અને રોકકળ હોય ત્યારે અહીં આનંદ અને શાંતિ રહેશે. એટલે, આ આપત્તિકાળે મારી તમને સલાહ છે કે તમે ધીરતાભરી સહનશક્તિ અને ઉદાત્ત આચરણ ધારણ કરજો. આજે, માણસનું ખરું મૂલ્ય આંકી બતાવનારો એવો કાળ પ્રવર્તે છે કે જ્યારે સૌ કેટલા પાણીમાં છે તે દેખાઇ આવશે, અને દરેક માનવ આત્મામાં ઈશ્વરદત્ત ખમીરની જે કાંઇ વધતીઓછી માત્રા હશે તે તેના સાચા સ્વરૂપમાં પ્રકટી રહેશે." વેધક ચેતવણીના આ શબ્દો, જેમજેમ ઉપલું ચિત્ર જોતા જઇએ છીએ તેમતેમ, મન આગળ તરવરી રહે છે. લડાઈની સાથે જેમને કશી લેવાદેવા નથી એવી ગરીબ રૈયતનાં નિઃસહાય હિજરતીઓનો આ કરુણ સંઘ, પાછળ, દુશ્મનની ગોળીથી વીંધાઇને પડેલા પતિઓ અને પિતાઓથી, તથા પડીને પાધર થઈ ગએલાં ઘરબારથી વિછોડાઈ જઇને, દુઃખસાગરનાં ભીષણ મોજાં પર અફળાતો, ભાંગેલે હૈયે ને લથડતે પગે કયા અજ્ઞાત મુકામ ભણી ઘસડાઈ રહ્યો છે તેની એમને પોતાને પણ ખબર નથી.

વર્ષ ૧૯મું **કુમાર** અંક ૧૦મો

ઑક્ટોબર · ૧૯૪૨

ખંડેર પરનો પીપળો

• સ્રગ્ધરા •

ઊગ્યો ક્યાંથી અહીં તું અધવચ અટૂલો ભગ્ન ખંડેર માથે?
ઊગ્યો ક્યાંથી અહીં તું રમણીય તજીને સ્વચ્છ કો આંગણું, જ્યાં
ચંપાના ફૂલ જેવી તરલ ઉઘડતી કન્યકા સુપ્રભાતે,
ઘોળેલી ઊર્મિઓનાં કુમકુમ અરચે રમ્ય કંકાવટીથી?
તારે ભાગ્યે શું એવા જીવનવિભવના લ્હાવ નિર્મ્યા ન લેવા?
ઊગ્યો અશ્વત્થ! હ્યાં ક્યાં રસકસ સભરા છોડીને આ ધરિત્રી?

કે તું હું શો? હું યે જો ભવભટકણમાં ભગ્ન ખંડેર વચ્ચે
એકાકીલો ઊગ્યો છું, અવરજવર ના કોઈની આ દિશાએ.
ઝીલ્યો મેં એકલાએ જલધર અનરાધાર ઝૂકી પડેલો,
ઝીલી ઝંઝા-થપાટો, શિશિરરત તણા સૂસવાટા ય ઝીલ્યા,
ઝીલ્યા અંગાર ગ્રીષ્મે, લઘુક જીવનમાં કૈંક મેં રંગ જોયા;
મારે પોચી ધરાની અવ ન અબળખા, જ્યાં ઊગ્યો ત્યાંજ રાચું.
શોભા ખંડેરની થૈ, કઠણ વજર શી ભોંયમાં મૂળ રોપી,
જન્મ્યો તો જીવી જાણું પલપલ કપરી જોગવી જિન્દગાની.

બાલમુકુન્દ દવે

સૃષ્ટિ

• મિશ્ર •

આકાશ તો આદિ મહાપિતા છે,
ને નિત્યયૌવનવતી મુજ પૃથ્વીમાતા;
છે વાયુ તેજ જળ જીવનપ્રાણ ભ્રાતા,
હું એમની સુંદર બાલસૃષ્ટિ.

દેશળજી પરમાર

વિશિષ્ટતા

• મિશ્ર •

પ્રત્યેકની કૈંક વિશિષ્ટતા છે.
સહુ નથી એક નિશાન તાકતા,
સહુ નથી એક જ સ્થાન દોડતા,
કે જેમની આગળ કો થવા ચહે,
ને જીતવાની વળી કલ્પના કરે.
આ જિંદગી છે બસ ખેલવાનું;
ને ખેલવામાં નહિ જીતવાનું,
પરન્તુ આનન્દનું ખેલવામાં.

ભગીરથ મહેતા

નવ શમે

ભરી કુસુમવેલ આશ કળીઓ થકી ખીલીને
સુવાસિત કરી રહે જીવનને ય એ કલ્પના
જીવાડતી રહી સદૈવ નવચેતના સીંચીને.
ખીલી નવ કળી, સુવાસ પમરી ન, એ જાણતાં
થઈ પૂરણ જિંદગી નવ તથાપિ તૃષ્ણા શમે.

હૈદરઅલી હુસેન જીવાણી

દાદા

ઘર આખાનાં
બધાં સગાંમાં
દાદા સાથે ફાવે.
કરે કંઈ કંઈ નવા તમાશા
અણજોયાંના કરે ખુલાસા,
વાતોના તો અજબ ઝરા શા
જમવાનું રખડાવે
મોટાભાઈનો રોફ ભણ્યા જ્યાં,
બાપુજી તો ઑમ્બ બધામાં,
બા કે' 'ભાગો, પડો ચૂલામાં'
દાદાજી બોલાવે.
દાદાજીના વાળ રુપેરી,
ચોટલી છોટી, પોતડી પ્હેરી,
ફેંટો ઠેઠ પુગે જઇ શેરી–
અમને યે બંધાવે.
દાદા મારો બનતા ઘોડો,
ચાબુક વિણ પછી ચડું હું થોડો?
'ચલ, ચલ ઘોડા, ખૂબ ખૂબ દોડો'
ફટાક ફટાક ફટાક

'શશિન્' ઓઝા

મારી નજરે



ઉત્તર ભારતનાં કલાકેન્દ્રોની તંત્રીની સંસ્કારયાત્રામાં
આ સાથેના નકશામાંની ચેરીલીટીની રેખાએ રેખાએ કરેલી, શાન્તિનિકેતન, કલકત્તા, ઝરિયા, નાલંદા, પટણા, બનારસ, લખનૌ, કાનપુર અને અલ્લાહાબાદની મુલાકાતો પછીનો છેલ્લો હપતો

દિલ્હી

● અલ્લાહાબાદથી આવ્યા પછી કાનપુરમાં એકાદ દિવસ રોકાઈ અમે સાંજે દિલ્હી જતી ગાડી સાંધી. કાનપુરમાં તો નાનું ગુજરાત માણી લીધું, અને સ્ટેશનમાંથી ગાડી ઊપડી ત્યાં સુધી સૌના હૃદયનું ભારે ખેંચાણ અનુભવ્યું. એ જ વખતે અમારા તાર ને પરબીડિયું મળતાં જણાયું કે ભાઈશ્રી યશવંત પંડ્યા રાબેતા મુજબ દિલ્હી સ્ટેશને અમને લેવાઆવવાનો પ્રોગ્રામ કરી ચૂક્યા હતા. દિલ્હીનાં મિત્રમંડળો અને ગુજરાતી સમાજના મંત્રીઓને ખબર આપી, તેમણે અમને રાત્રે આઠ વાગ્યે સ્ટેશન પરથી સહીસલામત કૉનૉટ સર્કસમાંની બૉમ્બે લાઈફની ઈમારતમાં આવેલા પોતાના ફ્લૅાક્સ પર ઉતારી લીધા. અમે જાણે ગુજરાતને ઝાંપે આવી પહોંચ્યા.

તેમણે તો તુરત ટેલીફોન પર ગુજરાતી સમાજના મંત્રી જોડે મને ભેટાડી દીધો. વાત એ કે ગુજરાતી સમાજ એક મેળાવડો કરી મારા પ્રવાસનો પરિચય મેળવે. પરંતુ તેની જાહેરાત વગેરે કરતાં બે દિવસ અમારે રોકાવું પડે તેમ હતું. કોઈ પણ પ્રવાસી ધનતેરશે તો ઘરભેગો થઇ જવા ઇંતેજાર હોય જ; એટલે એમની અતિ પ્રેમભરી લાગણીને મારે નકારવી પડી ને બધાં જ પ્રોગ્રામો અમે માંડી વાળ્યાં.

દેવદાસ ગાંધી

● બૉમ્બે લાઈફ ઍસ્યોરન્સ કંપનીની ઈમારત (જેમાં અમારો ઉતારો હતો)ના એક ભાગમાં દિલ્હીના દેશવિખ્યાત રાષ્ટ્રીય અંગ્રેજી દૈનિક 'હિંદુસ્તાન ટાઈમ્સ'નું આખું પ્રેસ સમાઈ જવા ઉપરાંત કેટલીક ઑફિસો પણ આવેલી છે; અને ઉપરના મજલાઓમાં કેટલાંક કુટુંબોનો વાસ છે. શ્રી યશવંત પંડ્યા રહે છે તે—અમારા ઉતારાવાળા—માળ પર જ દાદરની સામી બાજુએ શ્રી દેવદાસ ગાંધી (હિંદુસ્તાન ટાઈમ્સના તંત્રી અને મૅનેજિંગ ડિરેક્ટર) કુટુંબ સાથે રહે છે. મારી દિલ્હીની મુલાકાત દરમિયાન દર વખતે તેમને મળવાની તક હું જવા દેતો ન હતો. આવ્યો તે રાત્રે મળાયું નહિ, એટલે સવારે ઊઠતાંવેંત તેમના બારણા પર ટકોરા કર્યા. લાગલા જ તે અને મહાદેવભાઇ સાથે જ બહાર આવ્યા. દેવદાસભાઈ પર, 'હિંદુસ્તાન ટાઇમ્સ'માં આવેલા એક અહેવાલથી ન્યાયાધીશનું અપમાન કર્યાનો પેલો સુપ્રસિદ્ધ કેસ

'કુમાર'ના તંત્રી બીમાર હોવાથી તેમને
★ અંગત પૃચ્છપરછ કરતો પત્રવ્યવહાર બે ★
માસ સુધી કૃપા કરીને કોઇએ કરવો નહિ.

હિંદુસ્તાનભરનાં પ્રાચીન શિલ્પસ્થાપત્યનાં સંશોધન ને સંરક્ષણનો ભાર વહેતા, સરકારી પુરાતત્ત્વ ખાતાના સર્વોચ્ચ વડા રાવબહાદુર કે. એન. દીક્ષિત

★



અલ્લાહાબાદમાં ચાલવાનો હતો તે માટે તેઓ સ્ટેશને જતા હતા, એટલે તેઓ બંનેની ટૂંકી મુલાકાત જ થઇ. કોણ જાણતું હતું કે મહાદેવભાઈનું મને થએલું એ દર્શન છેલ્લું જ હતું?

થોડીવાર પછી 'કુમાર'ના જૂના મિત્ર, ફોટો આર્ટિસ્ટ શ્રી ભારદ્વાજને તેમના નંબર ઉપર ફોન કરતાં અનાયબી વચ્ચે તેમણે જણાવ્યું કે તેઓ નજીકના મકાનમાં જ હતા; અને થોડી વારમાં તો તે હાજર થઈ ગયા. તેમણે પહેલી રાહત એ આપી કે પ્રવાસમાં ભાઈ નરેને પાડેલી બધી ફિલ્મો તરત તેમણે પોતાના સ્ટુડિયોમાં લઈ જઈ વિધિસર ડેવેલપ કરાવી આપી અને પછી પોતે પરવારતા બની અમારી સાથે નીકળ્યા. શ્રી યશવંત પંડ્યાએ પોતાની મોટરનું પેટ્રોલ માપી બિરલા મંદિર જોવાનું ઠરાવ્યું.

બિરલામંદિર

● આ મંદિર વિષે મેં ઘણું સાંભળ્યું હતું. લાખો રૂપિયાનો તે પર ખર્ચ થયો છે અને તેમાં સર્વ હિંદુ દેવતાઓની એકીસાથે પ્રતિષ્ઠા કરવામાં આવી છે. આખો દિવસ લાઉડ સ્પીકરથી ભજનો અને કથાની ધૂન ચારેપાસ જારી રહે છે. પરંતુ એ સ્થળ નજરે જોયા પછી તે વિષેની મારી સર્વ ઇંતેજારી ઠરી ગઈ. માત્ર ધાર્મિકતાને પ્રધાન સ્થાન



આધુનિક પણ પ્રાચીન બાંધારચનામાં આવેલા દિલ્હીના બિરલામંદિરનો એક ભાગ



પોતાનાં કટાક્ષ-ચિત્રોવડે ભારત-ખ્યાત થએલા, દિલ્હીના 'હિંદુસ્તાન ટાઈમ્સ' પત્રના કાર્ટૂનિસ્ટ શ્રી શંકર પિલાઇ. (એમના વિગતવાર પરિચય માટે જુઓ આ અંકમાંનો લેખ).

આપી આ મંદિર કરેલું હોવાથી તેમાં આરસની કોતરણી વગેરે પર પુષ્કળ ખર્ચ થયો હોવા છતાં અનેક સ્થાપત્યસ્વરૂપોને સમરસ કરવાની કળા એમાં નિષ્ફળ બની છે. ભીંતો પર વેદ પુરાણ ગીતા વગેરેનાં સુવાક્યો મોટાં ચિત્રો સાથે કોતરવામાં આવ્યાં છે. પણ તેમાંયે ઇતિહાસદૃષ્ટિએ સ્થળ, કાળ પરિધાન વગેરે પર સૂક્ષ્મ વિચાર કર્યો હોય એમ ન લાગ્યું તેમજ ભાવોદ્દીપન કરે એવું માર્મિક કળાકૌશલ્ય જોવાનું પણ મળ્યું નહિ. ત્યાં દ્રવ્ય તો પાણીનાં પૂર પેઠે રેલાયું છે, પણ શાસ્ત્રીય મૂલ્યાંકન વિના જ. હવેની પ્રજા જ્યારે કળા, ઇતિહાસ અને સંસ્કૃતિના સાચા પાઠો દ્વારા તૈયાર થશે ત્યારે આ મંદિરનો ખૂણેખૂણો ટીકાપાત્ર થશે. ઉત્તર હિંદમાં વિશાળ અને સુરમ્ય સ્થાપત્યરચનાના અનેકાનેક નમૂનાઓ છતાં આ મંદિરની રચના મંજૂર જ કેમ થવા પામી તે એક આશ્ચર્ય રહેશે. નિરાશાનો સ્વર ઘૂંટતા અમે ત્યાંથી નીકળી ગયા.

કાર્ટૂનિસ્ટ શંકર

● શ્રી પંડ્યા રસ્તામાં પોતાના એક સંબંધીની ખબર કાઢવા ઇસ્પિતાલમાં રોકાયા એટલે અમે પગે ચાલતા જ શહેર જોતાજોતા મુકામ તરફ વળ્યા. પણ ઘેર પહોંચતાં તો અમે તેમને અમારી આગળ આવી જઇને દાદરા પાસે કોઈની સાથે વાતોમાં રોકાએલા જોયા. ચાળીસ વર્ષની આસપાસના એક ગૃહસ્થ સ્વચ્છ પાટલૂન અને હાફ શર્ટમાં તેમની સાથે ખૂબ લટકાં અને મુખમુદ્રાના ત્વરિત ફેરફારો કરતા વિચિત્ર અદબથી તડાકા મારી રહ્યા હતા. અમને જોતાં શ્રી પંડ્યાએ કહ્યું, 'આ મિ. શંકર, હિંદુસ્તાન ટાઇમ્સના પ્રખ્યાત કાર્ટૂનિસ્ટ. મિ. શંકર,આ મારા મિત્ર રાવળ,ગુજરાતના આર્ટિસ્ટ. એ તમને મળવાને બહુ ઇંતેજાર છે.' 'આહો બહુ ખુશીથી. હું આજ બપોરે મારી ઑફિસમાં નવરો જ છું. આજે શીતળા-દાક્તરે મારા આખા ઘરને શીતળા ટાંકી કામ બંધ કરાવ્યું છે. જુઓ, સામે જ મારો સ્ટુડિયો છે.'

તેમની વાતો બહુ મઝેદાર હતી. મેં ટૂંકામાં વિવિધ આર્ટિસ્ટોનો પ્રવાસમાં પરિચય કર્યાની વાત કહી ત્યારે જરા ઊછળી પડ્યા: 'અરે ભાઈ, આર્ટિસ્ટો છે જ ક્યાં? કોઇને કેડ ઉપર ધોતિયું કેમ પહેરાવવું એ જ આવડતું નથી. ખરેખર, કેડ પરના વળની ઘેડો ચીતરવી કઠણ છે. હું પોતાને આર્ટિસ્ટ માનતો નથી; પણ તેમની ટીકા તો જરૂર કરીશ. કેટલા યે આર્ટિસ્ટોને શરીરનાં પ્રમાણોનું ય ભાન હોતું નથી. હાથનાં આંગળાં ને પગની રચનામાં ઠેકાણાં જ નથી. હું તો ભાઈ, દેવદેવતા કરતાં ભૂમિ પર પગ ઠરાવી ચાલતાં ખરાં માનવી જોવાની ઇચ્છા રાખું છું. આમ નેતેમ વળખાતાં ઊભેલાં ચિત્રો જોઈ મને તો કંટાળો આવે છે.' એમ કહેતાં પોતે કેટલીક પોઝના હાસ્યકારક અભિનય કરી બતાવ્યા.

શ્રી શંકર પોતાને 'સુપર ક્રિટિક' ગણાવે છે. માનવી જે કંઈ અવળચંડું કરતાં હોય તેનું તેમને ભાન થાય એવી રીતે તેમના વર્તન પર તે બહુ સચોટપણે કટાક્ષચિત્રો દોરી બતાવે છે. તેથી તો આજે તે હિંદુસ્તાનના અગ્રગણ્ય કાર્ટૂનિસ્ટ ગણાઈ ચૂક્યા છે. 'હિંદુસ્તાન ટાઇમ્સ' હાથમાં આવતાં જ વાઈસરૉયથી માંડીને શાળાના વિદ્યાર્થી સુધીનું પ્રત્યેક જણ પહેલાં 'આજે શંકરનું કાર્ટૂન શું છે' તે જોવા તલપાપડ હોય છે. શ્રી શંકર જિંદગીમાં કારકિર્દી માટે અનેક આડાંઅવળાં ફાંફાં મારીને છેવટે પોતાની લાયકાત મુજબ ઉચિત સ્થાને સિદ્ધ થઈ બેઠા છે. તે એલએલ. બી. થયા છે, આર્ટ સ્કૂલમાં થોડો અભ્યાસ કર્યો છે અને 'બૉમ્બે ક્રૉનિકલ'ના કાર્ટૂનિસ્ટ થઈને બહાર પડ્યા પછી અહીં સુધી ખેંચાઈ આવ્યા છે. તેમને લગભગ પાંચસો રૂપિયા પગાર મળે છે અને 'હિંદુસ્તાન ટાઈમ્સ'માં તેમની ખાસ ઑફિસ છે. આ રસપ્રદ વ્યક્તિ જોડે બેચાર કલાક ગાળવા મારી બહુ ઇચ્છા હતી; પણ બપોરે અમે જુદે જ સ્થળે રોકાઈ પડ્યા અને એ મુરાદ બર ન આવી. મળ્યાં તે સાધનો પરથી આ જ અંકમાં અન્ય સ્થળે તેમનો વિસ્તૃત પરિચય આપ્યો છે.

રાવબહાદુર દીક્ષિત

● બપોરે સરકારી પુરાતત્ત્વખાતાના સર્વોચ્ચ વડા રાવ બહાદુર કે. એન. દીક્ષિતની સાથે એક બહુ ઝડપી મુલાકાત થઇ. તેમની સાથે મારા પ્રવાસની મેં ચર્ચા કરી ને માગણી કરી કે યથોચિત સમયે મ્યૂઝિયમોમાં પડેલી આદર્શ શિલ્પપ્રતિમાઓના રૂચિકર ફોટોગ્રાફો તેમજ પ્લાસ્ટરની પ્રતિમૂર્તિઓ કરવાની રજા મળે તો ભારતવર્ષની કળાના અભ્યાસમાં નવો પ્રકાશ અને માર્ગદર્શન મળે એમ છે. એમણે એ વાત સ્વીકારી ખરી, પણ તે સાથે ચેતવણી આપી કે ઘણાખરા

પરદેશીઓએ તો તેમાંથી પોતાનો સ્વાર્થ સાધ્યો છે અને ખાતાને વગોવ્યું છે. કેટલાકે અસલ ભીંતો કે મૂર્તિઓ પર પોતાની સગવડ ખાતર વારનિશ કે પાણી લગાડી વધુ ખરાબી કરી છે. આ બીના ખરેખર શોચનીય છે. પણ એકંદર ધૂળ ખાતા નમૂનાઓ પ્રજામાં સૌંદર્ય અને સુશિક્ષા આપવાને ઉપયોગી થાય તો તેમણે સહાય કરવા પૂર્ણ તત્પરતા બતાવી. તેઓ એ વખતે મધ્ય એશિયામાંથી સર ઑરેલ સ્ટીને આણેલાં ફ્રેસ્કોનું પુસ્તક તૈયાર કરાવવા મહેનત કરતા હતા. તે માટે તેમણે રંગીન ફોટોગ્રાફીનો ઉપયોગ કરેલો તેના નમૂના બતાવ્યા. મને ખાત્રી હતી કે આ નવી કળા અસલિયત ઉપજાવવામાં બહુ મદદ કરશે. આખા હિંદુસ્તાનનાં પ્રાચીન શિલ્પ-સંશોધન અને રક્ષણનો ભાર વહેતા આ સજ્જને અમારી અચાનક મુલાકાતને પણ અરધો પોણો કલાક નિભાવી તે ખાતર આભાર માની અમે રજા લીધી. (ત્યાર પછી તો રા. બ. દીક્ષિતજીએ ગુજરાતમાં પૅલિયોલિથ માનવના અવશેષો શોધવા મંડળી તૈયાર કરી. તેમાં 'ભૂતકાળની શોધમાં'વાળી લેખમાળાથી 'કુમાર'ને સુપરિચિત શ્રી અમૃતલાલ વ. પંડ્યાને તેમણે અપનાવી લીધા છે, ને હાલ તે એમના જ ખાતામાં પાષાણયુગના જ્ઞાતા તરીકે સેવા આપવા પૂના ગયા છે.)

સાંજે શ્રી યશવંત પંડ્યા પણ જુદાં રોકાણમાં સપડાયા અને અમે લબડધક્કે ટ્રેન પર જવાની તૈયારી કરી. વરસાદ ટપકવા માંડ્યો, પણ પેટ્રોલનાં માપ સંભાળતાંસંભાળતાં પણ અમારા યજમાને ખૂબ રાહતથી અમદાવાદની ગાડીમાં અમારા બિસ્તરા ગોઠવી આપ્યા, અને દસ વાગ્યે છેલ્લી સલામીનો વિનિમય કરી અમે છૂટા પડ્યા.

ટ્રેનમાં પડ્યા એટલે અમદાવાદના પ્લૅટફોર્મને જ જોવાની વાર છે એમ લાગ્યું. પણ આખી યે મુસાફરીમાં પ્રભુકૃપાથી એક પણ પ્રસંગે તબિયતે દગો દીધો નહોતો તેણે પોતાનાં યંત્રો એકદમ ઢીલાં કરી નાખ્યાં અને ઘેર પહોંચતાં મને પાકો દર્દી બનાવી દીધો. પરિણામે મુસાફરીનું છેવટ તો આવ્યું—'બિછાનામાં લાંબો આરામ'.

(સંપૂર્ણ) **ર. મ. રાવળ**

हमारी चिडियाँ (સચિત્ર): લે. સુરેશસિંહ; પ્રકાશક. ભારતી ભંડાર, લીડર પ્રેસ, પ્રયાગ; ૧૯૯૮; પૃ. ૧૧+૧૩૮; રૂ. ૨-૮-૦.

કાલાકંકરના શ્રી સુરેશસિંહ હિન્દી સાહિત્યના પ્રસિદ્ધ લેખક છે. 'વિશાલ ભારત'માં અવારનવાર પ્રસિદ્ધ થએલા લેખરાશિથી એ પક્ષીઓના જાણકાર તરીકે લબ્ધપ્રતિષ્ઠ બન્યા છે એમનાં અવલોકનના સારરૂપ આ **हमारी चिडियाँ** પુસ્તકથી ભારતીય સાહિત્યમાં કિંમતી ઉમેરો થયો છે. ઉત્તર ભારતમાં ઘરઆંગણે નેમજ વાડીખેતરમાં નજરે પડતાં ૩૨, અન્ય પંખીપ્રાણીઓને હણી જીવન ગુજારનાર પ્રસહવર્ગનાં ૯ માણસની ક્ષુદ્ધાતૃપ્તિ અર્થે હણાતાં ૧૦, જલરાશિ પર વિચરનારાં ૧૧ અને જલાશયના આધારે જીવનારાં ૧૦ એમ એકંદર ૭૨ પંખીઓનાં રૂપરંગ અને જીવનવ્યવહારનો ટૂંકમાં પણ સરળ પરિચય આ ગ્રંથમાં આપ્યો છે અને પંખીને જોતાંવેંત ઓળખાય એ હેતુથી પુષ્કળ ચિત્રોથી એને વિભૂષિત કર્યો છે. એ સવના અલંકાર રૂપ, રૂપરંગના ચમકારાવાળાં થોડાં પંખીઓ અને કેટલાક માળાની બે રંગીન પ્લેટો પણ આપી છે. પક્ષીજીવનની કેટલીક સમસ્યાઓને સ્પર્શતી ભૂમિકા પણ ગ્રંથારંભે મૂકી છે. કદમાં નાનું છતાં રૂપરંગની સજાવટવાળું હોવાથી રૂ. રાા માં મોંઘું ન ગણાય. માત્ર લંબાઇ પહોળાઇ ઘટાડી હત તો વગડામાં રખડનારને સાથે લઇ જવાની સુવિધા થાત. ગુજરાતી વાચકો પણ આ ગ્રંથની મદદથી આ રહ્યાં ઘણાં પંખીઓને સહેલાઇથી ઓળખી શકે. એમાંનાં કેટલાંક હિંદી નામો તો આપણાં પંખીઓને પણ અપાએલાં છે, એટલે ભાષાની અડચણ નહિ નડે.

'વનેચર'

લવીંગિયાની લૂમ

પ્રસિદ્ધ અંગ્રેજ લેખક ચાર્લ્સ લૅમ્બ થોડાં વર્ષ લંડનની ઇંડિયા ઑફિસમાં કારકૂન હતો. તેને ઑફિસમાં રોજ મોડો આવતો જોઈ એક દિવસ તેના ઉપરીએ કહ્યું, 'લૅમ્બ, હું રોજ જોઉં છું કે તું સવારમાં મોડો આવે છે.' લૅમ્બે તરત જવાબ આપ્યો: 'પણ સાહેબ, જાઉં તો વહેલો ને?'

∽

દરદીને તપાસવા માટે વૈદરાજને બોલાવવામાં આવ્યા. વૈદે દરદીને તપાસી દવા લખી આપ્યા બાદ ચાલવા માંડ્યું. ઓરડાની બહાર નીકળતાં દરદીની સ્ત્રીએ વૈદરાજને એક બાજુ બોલાવીને પૂછ્યું, 'સાહેબ, મારા ધણીના મંદવાડ વિષે આપનો મત શો પડે છે? આ દરદમાંથી બેઠા તો થશે ને?' વૈદરાજે ગંભીર મુખમુદ્રા ધારણ કરી કહ્યું: 'બેન! ઈશ્વર તારી ચૂડી અખંડ રાખે, પણ તેની માંદગી જીવલેણ નીકળે તેવું મને ભાસે છે. સઘળાં બાહ્ય ચિહ્નો નિરાશાજનક છે. તેમાં યે તેના હાથ કોણીથી આંગળાં સુધી કાળા પડી ગયા છે, અને તે વસ્તુ બતાવે છે કે તે દરદમાં ઘેરાઈ ગયા છે.' બાઈ બોલી: 'વૈદરાજ તેના હાથ તો હમેશાં કાળા જ રહે છે.' વૈદે આતુરતાથી પૂછ્યું, 'કેમ એમ?' બાઇએ કહ્યું, 'એ રંગરેજ છે.'

(ફારસી પરથી) —હિં. લી. ગાંધી

∽

મા-રમુ! તેં આ નાની બેબીને નાનું જામફળ કેમ આપ્યું? તેને પસંદગી કરવા દીધી'તી?

રમુ-હા, બા; મેં એને કહ્યું કે લેવું હોય તો નાનું છે; નહિ તો એકે ય નહિ મળે. એટલે એણે નાનું લીધું.

∽

શિક્ષક-આપણાથી વધુ દૂર કોણ—સૂર્ય કે અમેરિકા?

વિદ્યાર્થી-અમેરિકા, સાહેબ; આપણે સૂર્યને જોઈ શકીએ છીએ, પણ અમેરિકાને નથી જોઈ શકતા.

∽

શિક્ષક-ઇશ્વર! આજે મોડો કેમ આવ્યો?

ઈશ્વર-સાહેબ, મારા નાનાભાઇને હજામત કરાવવા લઇ જવાનો હતો.

શિક્ષક-એ કામ તો તારા બાપા પણ કરી શકત.

ઈશ્વર-હા, પણ એમને હજામ જેટલું સારું ન આવડે ને!

∽

શિક્ષક-તમને કેવી નિશાળ ગમે?

એક ચેકુસ-બંધ, સાહેબ.

∽

ઘરાક-આ ફોટામાં તો હું વધારે ઘરડો લાગું છું.

ફોટોગ્રાફર-સાહેબ, તમારે ભવિષ્યમાં બીજો નહિ પડાવવો પડે.

નવી કહેવતો

બળતી સીગારેટ ચૂલો ન સળગાવે.

મૂછો મૂંડાવવાથી કોઇ ના બનાય.

ચીરૂટ પીનારા એટલા ચર્ચિલ નહિ.

સુગંધી મેંદીનાં પાન!

તારૂં હૃદય તબેલા જેવું રાખ, એમાં ઘોડા જરૂર આવશે.

બીખા માણસને સોપારી આપવાનો અર્થ કદિ ન કરંજ

દરેક સ્ત્રીનું હૃદય તેના અંબોડા જેવું હોય છે; આકર્ષક, અને શ્યામ પણ.

આશા રાખવાથી સૌ પહેલાં મળતી ચીજ નિરાશા છે.

અંધારી રાત્રે સ્ત્રી સાથે રાખવા કરતાં, દંડૂકો રાખવો સારો.

આકાશમાં સૂર્ય અને ચન્દ્ર ન હોત, તો પૃથ્વી પર ઘાસલેટનો કદિ દુકાળ ન પડત.

(ગાજલિયા)

લેખક
પ્રો. મંજુલાલ રણછોડલાલ મજમુદાર, એમ. એ. એલએલ. બી.



ગુજરાતની શિલ્પસમૃદ્ધિ

અને વેષભૂષાનાં શિલ્પો

કોઇ પણ દેશ અને કાળની સંસ્કૃતિનું માપ એ દેશનાં સાહિત્ય અને કલાનાં સાધનો ઉપરથી કાઢી શકાય: અને સાહિત્ય એટલે માત્ર હસ્તલિખિત કે પ્રકાશિત ગદ્ય અને પદ્યના ગ્રંથો જ નહિ, પણ શિલાલેખો, સિક્કાઓ, દંતકથાઓ, લોકગીતો, ચિત્ર શિલ્પ અને મૂર્તિવિધાનના અવશેષો—એ બધું યે.

ગુજરાતમાં શિલ્પ અને સ્થાપત્યના અવશેષોરૂપી પુષ્કળ સાહિત્ય અહીંતહીં વેરાયેલું પડ્યું છે. અને તે ઉપરાંત શિલ્પ તથા સ્થાપત્યને લગતા અનેક સંસ્કૃત ગ્રંથો તથા તેની ભાષાટીકાઓ આજે પણ પ્રાચીન ગ્રંથભંડારોમાં જોવા મળે છે. પ્રાચીન પરંપરાને બરાબર અનુસરી ગુજરાતી સ્થપતિઓએ મંદિરો તળાવો, વાવો, કુંડ, પ્રાસાદ, સ્તૂપ આદિ સાર્વજનિક બાંધકામોની રચના કરી છે.

આખા હિંદમાં મળી આવતા અવશેષો, વાસ્તુશાસ્ત્ર અને તેની સંહિતાઓને આધારે નિર્માણ થયેલા છે: પરંતુ ગુજરાતનું વાસ્તુનિર્માણ ગુજરાતના ભૃગુઋષિની સંહિતાના સિદ્ધાંતોને આધારે થયુ જણાય છે. એ પરંપરાને જ આગળ ચલાવી મંડન જેવા સૂત્રધારે મૂર્તિવિધાન તથા મંદિરનિર્માણ સંબંધી ઉપયોગી ગ્રંથો રચ્યા છે, જે શિલ્પીઓમાં આજે પણ પ્રમાણભૂત મનાય છે. છેક ઓગણીસમી સદીના પ્રારંભમાં બંધાએલું અમદાવાદનું હઠીસિંહનું મંદિર બતાવી આપે છે કે પ્રાચીન કલા અને સ્થાપત્યમાં હજી પ્રાણ છે; પણ પ્રોત્સાહનને અભાવે તે ચેતનહીન અને ક્ષીણ થઈ ગયાં છે.

મનુષ્ય પોતાની સુંદર સુંદર કલ્પનાઓ પથ્થરમાં કોતરે છે, લાકડામાં કોતરે છે અથવા માટીના સુંદર પદાર્થ બનાવી તેને ભઠ્ઠીમાં શેકી રાખે છે. લાકડા કરતાં પણ ઓછા ટકાઉ પદાર્થોદ્વારા આપણે કળાનો વિકાસ કરી શકીએ છીએ: વનવેલીથી અને ફૂલપાનોથી આપણે મંડપશોભા કરીએ છીએ; પણ તે એકાદ દિવસ ટકી શકે છે. તેથી ખૂબ પ્રાચીન કાળમાં જ્યારે આર્ય પ્રજા એક સ્થળે ઠરી ઠામ બેઠી નહોતી ત્યારે પથ્થરમાં કોતરકામ કરી સૌંદર્યની કલ્પનાને સ્થાયી કરવાનો મોહ તેમને થયો નહોતો; અને એ જ કારણે હિંદુસ્તાનમાં પહેલવહેલું સ્થાપત્ય અને શિલ્પ લાકડામાં જ હતું. વેદકાળનાં રાચ-રચીલાં, યજ્ઞનાં વાસણકુસણ વગેરે લાકડાનાં જ બનાવવામાં આવતાં; અને એનો ઘાટ અનેક રીતે સુંદર કરવામાં આવતો. સામાન્ય પ્રજાને પોતાની કલા દીવી, કોડિયાં અને લોટાપવાલાંમાં વ્યક્ત કરવાનું સૂઝે એ સ્વાભાવિક છે: વળી લાકડાની વસ્તુઓ હોય તો ઉપાડીને બીજે પણ લઈ જવાય. એથી પણ પહેલાં, દારુ–શિલ્પ નિર્માણ થયું.

કાળે કરીને પથ્થરની શિલાઓ પર કામ કરનાર સિલાવટો–સલાટો શિલ્પી બન્યા. શિલ્પમાં કોતરેલી કથાઓ અને વાર્તાના પ્રસંગો એ પ્રજાશિક્ષણનું મોટામાં મોટું સાધન છે. સાહિત્ય, સંગીત અથવા ચિત્રકલા કરતાં શિલ્પકલા મારફત ગમે તેવા માણસોને બધા ભાવો સમજાવી શકાય તેમ હોવાથી પ્રજાશિક્ષણમાં તેનો જ ઉપયોગ વધારે છે. તળાવો, મંદિરો, કિલ્લાની દિવાલો વગેરે સાર્વજનિક સ્થાનોમાં દાખલ કરેલી કળા આખા રાષ્ટ્રના હૃદયમાં સોંસરી ઊતરી જાય છે. કારુ–કારીગર વર્ગની પ્રતિષ્ઠા પ્રાચીન કાળમાં બ્રાહ્મણો જેટલી જ હતી અને આજે સોમપરા શિલ્પીઓ પણ બ્રાહ્મણો જ છે. અંગત લાભને ખાતર તેમણે કંઇ પણ કામ ન કરવું એવો તેમને માટે નિયમ હતો: એ જ બતાવે છે કે તે કાળમાં કળાનું મહત્ત્વ લોકો બરાબર જાણતા અને કળાધર એ બ્રાહ્મણ જેટલો જ લોકશિક્ષક છે એમ મનાતું હતું. વળી સમાજને પૂરેપૂરું ભાન હતું કે ચિત્રકાર, શિલ્પકાર, ગાયક કે કવિ એમને માત્ર પુરસ્કાર આપવાથી કળાની ઉન્નતિ થતી નથી. કળાને સમાજે પોતાના હૃદયમાં, કુટુમ્બમાં અને સમાજમાં સ્થાન આપવું જોઇએ. શાસ્ત્રો કહેતાં: પોતાના જીવનમાં કળાની પ્રતિષ્ઠા કરો એટલે કળાકારો આપોઆપ પેદા થશે; કારણ કે હિંદુઓની દૃષ્ટિએ કળા એ કાંઈ મોજશોખની વસ્તુ નથી. કળા તો મનુષ્યના સ્વભાવનો અને તેના અભિલાષનો પરિચય આપે છે. માણસજાતને પોતાના કાર્યમાં અને જીવનમાં કેટલો અને કેવો આનંદ પડે છે તેનો નિર્ણય તેની કલા ઉપરથી થાય છે.

નિરાકારની સાધના આકારદ્વારા કરવાની છે એટલે જ આકારનો હેતુ છે–એ હિંદી શિલ્પનો આત્મા છે. એટલે હિંદની શિલ્પકલાનો મુખ્ય ધ્વનિ હમેશાં આધ્યાત્મિક રહ્યો છે.* પશ્ચિમના શિલ્પી માનસને આકારરહિત ઘનપથ્થરમાંથી કાંઇક આકાર કરવો એ જ મુખ્ય ધ્યેય હોય છે, એટલે પથ્થરને આકાર આપવાનો છે એમ પશ્ચિમનો શિલ્પી કલ્પે છે: ત્યારે હિંદી શિલ્પીને મન પથ્થરમાં આકાર છે તે શોધવાનો છે: એટલે જ આપણી દેવમૂર્તિઓના દેહમાં જે સૌંદર્ય, નૃત્યની જે મોહક સ્થિર ગતિ, પરિમલ ફેલાવતું જે દિવ્ય સ્મિત છે –એ બધી ઝીણી ઝીણી વિગતો પર ધ્યાન આપતાં શિલ્પીને શ્રમ લાગ્યો નથી. તેથી કેટલીકવાર તો આવી પ્રતિમાઓ ઘડેલી ન હોય, પણ નૃત્યની કોઈ સ્થિર થયેલી ગતિને શિલ્પીએ ઝડપી લીધી હોય તેવી લાગે છે: અને એની મુખમુદ્રાપરનું રહસ્યપૂર્ણ મોહક સ્મિત જીવનને આનંદરસે રસી દે છે.

મંદિર એ હિંદુ ધર્મનું—વ્યાપક હિંદુ ધર્મનું–શરીર છે. તેમાં હિંદુ લોકોનું સાહિત્ય, સંગીત, શિલ્પ, સ્થાપત્ય વગેરે સર્વ જાતનું રચના-કૌશલ એકત્રિત થાય છે. આખો સમાજ ત્યાં આવી તે પોતાના જીવનમાં ઉતારે છે. મંદિરમાં આપણી ધાર્મિક ભાવનાઓ મૂર્ત સ્વરૂપ ધારણ કરી ઊભી રહે છે. દાખલા તરીકે દરેક મંદિરમાં અંદરનું ગર્ભગૃહ, બહારનો રંગમંડપ અને વચ્ચેનું નાનકડું અંતરાળ–એ આપણી ઉપાસનાના ત્રણ પ્રકાર બતાવે છે. ગર્ભગૃહમાં ધાર્મિક વિધિઓના આચાર માટેનો કર્મકાંડ પ્રવર્તે છે; અંતરાળમાં કેટલાક નૈષ્ઠિક ઉપાસકો અને ધ્યાની પુરુષો બેસે છે–જેમનું ચિત્ત અંદર ચાલતા વિધિઓ પર હોય

*સરખાવો 'न काष्ठे विद्यते देवो न शिलायां न कर्दमे।
भावेषु विद्यते देवस्तमाद्भावो हि कारणम॥'

છે, છતાં તેઓ તેમાં પ્રત્યક્ષ ભાગ લેતા નથી; અને રંગમંડપમાં સામાજિક હિંદુ ધર્મ વસે છે. ત્યાં પુરાણ ચાલે, કથાકીર્તન ચાલે, સંગીતનો પ્રવાહ ચાલે, લોકો દર્શન કરે, ફૂલ ચઢાવે, પ્રસાદ લે અને ઘેર જાય.

આમ મંદિર એ 'અનોખી વસ્તુઓનું એ રાખ્યું સંગ્રહસ્થાન છે' એ ત્યાં ઉપયોગમાં આવતી લલિત કલાઓ ઉપરથી કહેવાનું મન થાય છે. આપણે આપણાં મંદિરો, અજાયબઘરો, ચિત્રસંગ્રહો અને તીર્થસ્થાનોને નવી ઢબે જોતાં શીખવાની જરૂર છે, કારણ કે સ્વદેશ એટલે કેવળ એનાં ખેતરો અને ડુંગરો જ નહિ, પણ દેશવાસીઓએ ખીલવેલી આખી સંસ્કૃતિ. એ જ સાચો દેશ છે અને એનાં જ દર્શન ઈષ્ટ છે.

દેવમંદિરના સ્થાપત્યમાં મુખ્ય દેવ કે દેવની મૂર્તિ જે ઓરડામાં સ્થાપિત કરેલી હોય તેને ગર્ભમંડપ કહે છે અને જ્યાંથી બહાર રહીને દર્શન કરી શકાય તે ખંડને ગૂઢ મંડપ કહે છે. તે ઉપરાંત કેટલાંક મોટાં મંદિરોમાં સભામંડપ કે રંગમંડપ પણ હોય છે. ગર્ભમંડપને ગૂઢ મંડપથી છૂટો પાડતો એક ફરતો માર્ગ હોય છે તેને 'ભમતી' કે 'પ્રદક્ષિણાપથ' કહે છે. તે ઉપરાંત પ્રવેશદ્વારમાં, રાજમાર્ગની વચમાં દીપસ્તંભ તરીકે કે મંદિરના ચોગાનમાં કીર્તિસ્તંભ તરીકે સ્તંભો રચીને પણ શોભા કરવામાં આવે છે. આ થાંભલાઓની શોભા જેમ વધારે તેમ મંડપની શોભા વધે છે. થાંભલાઓની વિપુલતાદ્વારા વનનાં અનેક વૃક્ષોની ઘટાવાળું સ્થાન ધ્વનિત થાય છે. આ રીતે કરવાથી સભામંડપ વિશાળ બની શકે છે અને તેમાં ખૂબ થાંભલાના ટેકાથી છાપરાની શક્તિ પણ વધી શકે છે. તેને લીધે શિખર કે ઘુમટને પુષ્ટિ પણ આપી શકાતી. ગુજરાતમાં લગભગ ૩૦૦ થાંભલા સુધીની રચના જોવામાં આવે છે અને તેમાં જેમ બને તેમ ઓછા અંતરાય સાથે સુમેળ અને સુપ્રમાણ જાળવી, મંડપની સ્તંભરચના કરવામાં ગુજરાતે શ્રેષ્ઠતા મેળવી હતી. અમદાવાદની જુમા મસ્જિદમાં ૨૮૬ થાંભલા હજી યે જોઈ શકાય છે. તે જ પ્રમાણે મોઢેરાના સૂર્યમંદિરમાં ને દેલવાડાનાં જૈન મંદિરોમાં આ સ્તંભરચનાનું વિશિષ્ટ ગુજરાતી સ્થાપત્ય જોઈ શકાય છે.


શિખરોની બાબતમાં, ગુજરાતનાં પ્રાચીન મંદિરોમાં ત્રણ કે ચાર જાતનાં શિખરોનો પ્રભાવ નજરે પડે છે. કાઠિયાવાડનાં પ્રાચીનતમ એવાં બીલેશ્વર અને ગોપમંદિરનાં શિખરો કાશ્મીરનાં શિખરો જેવાં, નીચેથી ઉપર સુધી ચૈત્યની કમાનોના સમૂહથી સુસજ્જિત છે. કેટલાંક શિખરો ઓરિસ્સાનાં ભુવનેશ્વર જેવાં મંદિરોને મળતાં આવે છે, ત્યારે કેટલાંક શિખરો દક્ષિણનાં ચાલુક્ય મંદિરો જેવાં માળવાળાં છે; પરંતુ મોટો ભાગ રાજપુતાના અને મધ્ય હિંદનાં મંદિરનાં શિખરોને મળતાં શિખરપુંજની ઢબનાં છે. તેવાં શિખરો દસમી સદી પછી બંધાયાં લાગે છે, અને સોલંકી યુગના સ્થપતિઓએ તેને વધુ અલંકૃત ને કલામય બનાવ્યાં. આપણું જાતજાતનું ઝીણું કોતરકામ અને અનોખા પ્રકારની મૂર્તિઓની રચના પણ આ સુવર્ણયુગની સાક્ષી પૂરે છે. હિંદુસ્તાનમાં ધર્મ એ રાજકારણની સાથે જોડાએલું એક અભેદ્ય તત્ત્વ રહ્યું છે, એટલે તેના રાજપરિવર્તનની સાથે જ ધાર્મિક અને તેની સાથે કલાવિષયક પુનરુદ્ધાર સંકળાયેલો છે.

ઓરિસ્સા જેમ બે મહાન પ્રદેશોના રાજમાર્ગ પર છે અને તેથી ઉત્તર અને દક્ષિણની શિલ્પશૈલીનો સુંદર સમન્વય ઘણી વખત ઓરિસ્સાનાં ભુવનેશ્વર તથા કોણાર્કનાં મંદિરોમાં મળી આવે છે, તેમ માળવા અને ગુજરાત પણ ઉત્તર દક્ષિણના રાજમાર્ગ પર હોવાથી એની શિલ્પશૈલીમાં ઓરિસ્સા શૈલીનું ખૂબ મળતાપણું છે: કહો કે બંનેની પ્રેરણા એકમાંથી જ આવેલી છે.


કલાકારોએ મંદિરના શિલ્પમાં પ્રાણીથર, નરથર અને દેવથરમાં વાસ્તવિકતાથી જીવનપ્રસંગોને ઊતારેલા દેખાય છે. ગુજરાતનાં મંદિરોના થરમાં ગ્રાસપટ્ટી એને ગજથરની આકૃતિઓ ગુજરાતના શિલ્પીઓ બહુ સુંદર રીતે બનાવી શકતા. જુદી જુદી દિશામાં ઊભા કે ચાલતા હોય એવા દેખાવવાળા હાથીઓની હારમાળા ખરેખર સુંદર લાગે છે.

ગુજરાતનાં ગુપ્તકાલીન ગુફામંદિરો, સોલંકી કાળનાં અને તે પહેલાંનાં સૂર્યમંદિરો, તે પછીનાં રુદ્રમહાલય, દેલવાડાનાં મંદિરોનું વન, વડનગર કોટયર્ક અને ચંદ્રાવતીનાં ખંડિત મંદિરો, તારંગા ગિરનાર અને શત્રુંજયનાં ભવ્ય દેરાસરો, સોમનાથ પાટણના પ્રાચીન ભગ્નાવશેષો, કાવી અને ખંભાતનાં ભવ્ય મૂર્તિવિધાનો—એ બધું મંદિરોનું શિલ્પ છે. ડભોઈ અને ઝીંઝુવાડાના કિલ્લાના દરવાજાનું અલંકૃત શિલ્પ, એલશ્કરી સ્થાપત્યના સુંદર અવશેષો છે. આ સૌ એક સમયે ગુજરાતની અંદર કેવાં પ્રાણવાન રસિકતાથી અને અભિજાત લાલિત્યથી ઊછળતાં હતાં તેનું ઉત્તમ ભાન કરાવે છે. આજ એ રસિકતા અને એ લાલિત્ય તેટલાં રહ્યાં નથી એમ દુ:ખની સાથે કહેવું પડે છે.

મોઢેરાના સૂર્યમંદિરની અંદર જે ચૈતન્ય ને વીર્ય રહેલાં છે તે કંઈ હઠીસીંગનાં સુંદર મંદિરમાં નથી; અને શેત્રુંજાના પહાડ ઉપર તો આજે કુબેરના ઉપાસકોએ લાખો રૂપિયા ખર્ચીને ત્યાંના સૌંદર્યને જડમૂળથી ઊખેડી નાખવાનો જાણે કે નિશ્ચય જ કરેલો છે! દેવોના જેવી મૂર્તિઓના મુખ ઉપર સીમેન્ટ અથવા ચૂનો ચોપડીને, તે મૂર્તિઓને પોતાની અરસિકતાનું યથાર્થ સ્મારક બનાવી મૂકવામાં જૈન ધનિકોએ કાંઈ કચાશ રાખી નથી. કોડીના મૂલની અટપટા રંગની ચીનાઈ ઈંટો અને ટાઈલ્સ મંદિરોની ભીંતોમાં જડીને અગાઉ શેત્રુંજા પર્વતની સ્વર્ગીય શોભાને જે પ્રકારે ગ્રામ્ય બનાવી મૂકી છે તે જોતાં કયા રસિક જનને સંતાપ અને ઉદ્વેગ નહિ થાય?



ડાબી બાજુ: પાટણના કાલિકા માતાના મંદિરમાંથી ઝાંઝર પહેરતી નર્તિકાનું શિલ્પ; જમણી બાજુ: વડોદરા મ્યૂઝિયમમાંનું એક સુંદર શિલ્પ—જેમાં પાદપીઠ પર બેઠેલી કોઈ રાજકન્યાને તેની પરિચારિકા પાન કરવા માટે સામે જલપાત્ર ધરી રહી છે.



મોઢેરાના સૂર્યમંદિરના રંગમંડપમાંનાં કેટલાંક સુંદર શિલ્પ: ડાબી બાજુથી (૧) દર્પણ કન્યા; (૨) પગે ઝાંઝર પહેરતી નર્તકી; (૩) પગે અળતો લગાડતી કોઈલાવણ્યમયી; (૪) ઝાંઝર પહેરતી બીજી આકૃતિ. મોઢેરાના સૂર્યમંદિરનો ખ્યાલ આપતા ચિત્ર માટે જુઓ છેલ્લા પાના સામેની ચિત્રપ્લેટ

સાધારણ રીતે આખા હિંદમાં પ્રચલિત એવી મૂર્તિઓની સશાસ્ત્ર બનાવટ એકબીજાને મળતી આવે છે; પરંતુ પ્રાંતિક ભેદમાન્યતાઓને લીધે, તેમજ સ્થાનિક કલાકૌશલ્યના પ્રભાવને લઇને તેમાં ફેરફારો જણાય છે. મૂર્તિવિધાનની એ પ્રાન્તીય વિશિષ્ટતાની દૃષ્ટિએ ગુજરાતનાં હિંદુ મંદિરો, જૈન દેરાસરો અને બૌદ્ધ ગુફાઓમાંની ઉપલબ્ધ સામગ્રી તપાસવા જેવી છે.

ગુજરાતમાં એક પ્રકારની મૂર્તિવિધાનની, મૂળ સાથે સંલગ્ન છતાં સ્વતંત્ર એવી શૈલી, અસ્તિત્વમાં હોવાનું જણાયું છે. સૂત્રધાર મંડનરચિત **રૂપમંડન** અને **દેવતામૂર્તિ પ્રકરણ**માં વર્ણવેલી વિષ્ણુની અસામાન્ય અને આખા હિંદમાં અજોડ એવી વિષ્ણુની વિલક્ષણ અને સૌમ્ય મૂર્તિઓ મળી આવી છે.

ચાર હાથના વિષ્ણુનાં શંખચક્રગદાપદ્માદિ આયુધોના સ્થાનના ફેરફારને લીધે ચોવીસ સ્વરૂપોની રચના થઇ છે: અને તેનાં શિલ્પ હિંદના બીજા પ્રાંતોમાં પણ ઉપલબ્ધ છે; પરંતુ ગરુડારૂઢ આઠ હાથના વૈકુંઠ, બાર હાથવાળા અનંત, સોળ હાથવાળા ત્રૈલોક્યમોહન અને વીસ હાથવાળા વિશ્વરૂપ ભગવાનની આરસમાં કોતરેલી ચતુર્મુખ સુંદર મૂર્તિઓ ફક્ત પશ્ચિમ હિંદમાં અને તેમાં યે બૃહદ્ ગુજરાતમાં જ મળી આવે છે અને તેમાંની કેટલીક તો આજે પણ મંદિરોમાં પૂજાય છે.

બીજી એવી ગુજરાતના મૂર્તિવિધાનની વિશિષ્ટતા તે વિષ્ણુના દસ અવતારમાંના વરાહ ભગવાનની આદિવરાહની મૂર્તિ: જીવતા વરાહના કદના વરાહ રૂપે કાળા લીસા પથ્થરમાં નિર્માણ થએલી એ આદિવરાહની મૂર્તિઓમાં એવી ભવ્યતા સ્થાપન કરવામાં આવી છે કે તેના આગળ સિંહની ભવ્યતા પણ ઝાંખી પડી જાય છે: હિંદના બીજા કોઈ પણ પ્રાંતમાં, મધ્ય હિંદ સિવાય (દક્ષિણ હિંદનાં કેટલાંક દાનપત્રોની મુદ્રાઓમાં આદિવરાહમૂર્તિ હોય છે તે બાદ કરતાં) આ મૂર્તિ હોવાનું હજી સુધી કોઈ ગ્રંથમાં પ્રકટ થયું નથી. નૃ-વરાહની મૂર્તિ સર્વમાન્ય અને સર્વપરિચિત છે: પરંતુ આદિવરાહ તો પશ્ચિમ અને મધ્ય હિંદમાં જ મળી આવે છે.

વાયુદેવતાનાં સ્વતંત્ર મંદિરો, અંજનીદેવી સાથે, ગુજરાતનાં કેટલાંક નગરોમાં મળી આવે છે. દિક્પાલની મૂર્તિઓ બીજા મુખ્ય દેવના મંદિરમાં યથાયોગ્ય સ્થળે સ્થાપન કરવામાં આવે છે; પરંતુ સ્વતંત્ર વાયુની, હરણના વાહનવાળી તથા ધ્વજાના ચિહ્નવાળી મૂર્તિ તો બીજે ક્યાંઇ જાણવામાં નથી. ગુજરાતથી વાયવ્ય દિશામાં આવેલા દેશો સાથે દરિયામાર્ગે વેપાર ખેડનાર વાયડા બ્રાહ્મણો તથા વાણિયાઓના કુળદેવતા તરીકે સ્થાપિત થયેલાં આ મંદિરો હિંદભરમાં વિરલ છે.

તે ઉપરાંત પાર્વતીનાં અનેક સ્વરૂપો, શિવલિંગનાં લકુલીશ જેવાં સ્વરૂપો તથા હરિહર જેવી સંયુક્ત મૂર્તિના પ્રચાર માટે ગુજરાત બીજા પ્રાંતોથી જુદું પડી જાય છે. હજી ગુજરાતી શિલ્પશૈલીનાં પાસેનાં અને દૂરનાં સગાં ખોળવાની વાર છે; છતાં પહેલાં આપણે આપણી મૂડી તપાસી લઇયે તો ગુજરાતને તેમજ અખિલ હિંદને તેના મૂર્તિશાસ્ત્રનો અભ્યાસ લાભદાયક થશે.

પરંતુ આપણે આપણા ગુજરાતને જ પૂરેપૂરો જોયો નથી, જાણ્યો નથી. આપણા ગુજરાત પ્રાંતમાં જોવાલાયક શું છે એની જ આપણને ખબર નથી હોતી. ગુજરાતને જોયા વગર આપણે ઘણીઘણી વાતો કરીએ છીએ. ગુજરાતના સાક્ષરોમાંથી કવિ ન્હાનાલાલ, અમૃતલાલ પઢિયાર ધૂમકેતુ, મેઘાણી, ડૉ હરિપ્રસાદ, રવિશંકર રાવળ કે રાયચુરા જેવા બહુ ગણ્યાગાંઠ્યા રસિક લોકોએ જ પ્રવાસની મોજ માણી છે અને ગુજરાતનું ગૌરવ પિછાન્યું છે.

જ્યાં સુધી તરુણ ગુજરાતીઓમાં સાહસની ધૂન નહિ જાગે, થોડાં વર્ષ રખડુ જીવન ગાળવાથી જ ખરી કેળવણી મળે છે એમ નહિ સમજાય ત્યાં સુધી ગુજરાતમાં જ્ઞાનનો ખરો ચાલો નહિ પડે. શબ્દનાં મૂળ શોધવામાં કે કોઈ વૈજ્ઞાનિક સિદ્ધાંતનું રહસ્ય શોધવામાં જીવનનું સર્વસ્વ હોમનારા ખરા પંડિતો ગુજરાતને આંગણે ફરી જોવા હોય તો પહેલાં નદીનું મૂળ શોધનારા રખડુ જુવાનો જોઇશે. નદીનું મૂળ શોધનારી સાહસવૃત્તિ જ ગુજરાતી જીવનનું મૂળ શોધવા મથશે; પ્રાચીન શિલ્પ અને સ્થાપત્યનાં દર્શનદ્વારા જીવનની રસિકતા અને સંસ્કારિતાના વારસાની ભાળ પણ આપણને ત્યારે જ મળશે. જે જમાનામાં ચિત્રકારો અને શિલ્પીઓને મુસાફરીના પ્રસંગો ચી·

તરવાનું મન થયું હશે તે જમાનો કુદરત ને કળાનો કેટલો આનંદ અનુભવતો હશે ? બળદનાં ગાડાં કોતરેલાં જોઈ આપણને થાય છે કે એ કોતરકામ કરનાર કારીગરોએ કેટલી મુસાફરી કરી હશે !

૨

જેમ સત્ત્વશાળી માનવ પોતાની મહત્તા હરેક પ્રસંગે ને હરેક પરિસ્થિતિમાં બતાવે છે તેમ, ગુજરાતનાં પ્રખ્યાત મંદિરના કલાકારોએ છતમાં, ખૂણામાં, સ્તમ્ભમાં, પાર્શ્વદેવતાની કોતરણીમાં, દ્વારપાળોની આકૃતિમાં—સઘળે ઊંચા પ્રકારની રસિકતા, ને એથી પણ ઊંચા પ્રકારનો ટાંકણા પરનો સંયમ દર્શાવ્યો છે. પાદથી માંડીને કળશદોરી સુધી મંદિરનું રેખાદર્શન કરો તો એમાં ખૂણેખૂણો ને જગાએ જગા જાણે સુશોભનોથી અથવા આભરણશૈલીથી ભરીભરી લાગશે.

ગમે તે એક સ્તંભ લ્યો: છેક નીચેથી માંડીને ટોચ સુધી શિલ્પીએ એના દરેકેદરેક ભાગને વાચા આપેલી જણાશે. નીચે પૃથ્વીનાં દશ્યો હશે ને છતમાં દેવોની સૃષ્ટિ મૂકી હશે: ઋષિ, મુનિ, સાધુ, પશુસૃષ્ટિ, માનવસૃષ્ટિ. શિલ્પકારને માનવસૃષ્ટિમાંથી જે જે વાત જડી તે સઘળી તેણે તેમાં જડી દીધેલી દેખાય છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ જીવનના ચારે પુરુષાર્થોને ત્યાં મૂર્ત કરવામાં આવ્યા હોય છે ને કેટલીક જગાએ, ખાસ કરીને છતને ટેકાવનારી સ્તંભિકાઓ, સ્તંભમાં કોતરેલી મદયંતિકાઓ, પાર્શ્વદેવતાઓ ને મંદિરના બહારના ખૂણેખૂણામાં શિલ્પીનો આત્મા કાવ્યસૃષ્ટિનો સર્જક બની જાય છે.

ત્યાં એ એવીએવી આભૂષણ સજતી દર્પણકન્યાઓ મૂકે છે કે પોતાના રૂપનો પાર પામવા સૈકાઓ થયાં પેલા સ્ફટિકનિર્મળ આરસામાં પોતાનું મોં જુવે છે અને અંજન આંજતી જણાય છે. વડોદરાના મ્યૂઝિયમમાં એક ખૂબ સુંદર વેષભૂષાનું શિલ્પ છે. એમાં પાદપીઠ પર બેઠેલી કોઈ રાજકન્યાને તેની સખી કે પરિચારિકા પાન કરવા માટે સામે જલપાત્ર ધરી રહી હોય એવો આભાસ થાય છે.

શિલ્પી ક્યારેક આવી દર્પણકન્યાઓ દેખાડે છે તો ક્યારેક મનોહર નર્તિકાઓ એ સર્જે છે. કોઈ વખત વળી એ પગે અળતો લગાડતી હોય છે તો કોક ઠેકાણે વળી પગનું ઝાંઝર નૃત્યના ખેલમાં સરી પડ્યું હશે તે ફરીથી પહેરતી દેખાય છે મોઢેરા અને પાટણનાં મંદિરમાંથી અહીં નમૂના આપ્યા છે. તે ઉપરાંત ડાસરા પાસે આવેલા ગલતેશ્વરના મંદિરમાં પણ ઝાંઝર પહેરતી નર્તિકાનું શિલ્પ હજી સચવાઈ રહેલું મારા જોવામાં આવ્યું છે. આ સર્વ સર્જનોના ત્રિભંગમાંથી જાણે લાલિત્યનો પ્રવાહ વહી રહ્યો હોય છે.

આમાંની કેટલીક મૂર્તિઓના આખા ઉઠાવમાં નૃત્યની કોઈ ગતિને શિલ્પીએ સ્થિર કરી દીધી હોય એવી મનોરમ પ્રવાહિતાભરી તે હોય છે. કઠણ પથ્થરમાં પણ મીણ અથવા ફૂલની કોમળતા લાવવાની શક્તિ આપણા કારીગરોમાં છે એ ગુજરાતનાં આબુ-દેલવાડા જેવાં પ્રસિદ્ધ મંદિરો ઉપરથી સ્પષ્ટ થાય છે.

મોઢેરાના સૂર્યમંદિરમાંથી તથા પાટણના કાલિકામાતાના મંદિરમાંથી વેષભૂષાનાં શિલ્પના નમૂના અહીં આપ્યા છે તે ઉપરથી શબ્દોમાં વર્ણવેલી કલાનો કંઈક સાક્ષાત્કાર થશે.

મૂર્તિઓના હાથનાં આભૂષણ, પગનાં નૂપુર, કટિમેખલા, મોની ઉપર લટકતી સુંદર ઉરુદામ, ખભા પરથી જાંઘ સુધી વહેતી માળાઓ, કિરીટમુકુટ, કર્ણફૂલ—સઘળાંમાં શિલ્પીએ પોતાના નાજુક ટાંકણા ઉપર ખૂબ સંયમ બતાવ્યો હોય છે. કેટલીક કટિમેખલા અને ઉરુદામ એ બે આભૂષણોમાં તો શિલ્પીએ છૂટે હાથે મોતી પાથર્યાં હોય છે અને નાની ઘંટડીઓ મૂકી હોય છે. દરેક મોતી ગણી શકાય એટલી મનોહર તેની આકૃતિ હોય છે.

પશ્ચિમ હિંદની શિલ્પસમૃદ્ધિ ઉત્તરમાં રાજપૂતાનાથી આરંભી છેક દક્ષિણમાં એલીફન્ટાની ગુફાઓ સુધી એકધારી વિસ્તરેલી છે. એ આપણી સમૃદ્ધિને આપણે વેળાસર પિછાનીએ અને તે જેવી છે તેવી હિંદને બતાવીએ તો ગુજરાતનું સાંસ્કારિક વ્યક્તિત્વ સુરેખપણે સ્પષ્ટ કરવામાં આપણે અગત્યનો ફાળો આપ્યો ગણાશે.*

---

*અંધેરીમાં મળેલા ૧૪મા સાહિત્યસંમેલનના કલાવિભાગ માટે લખેલો નિબંધ

ઍની બેસંટ

(અનુસંધાન આગળ પાન ૩૧૬થી)

વાતાવરણ વડે ધાર્મિક ઝનૂનોને શમાવવાની કોશિશ આદરી આ પ્રયત્નમાં એમને મુખ્ય જરૂર શિક્ષણ-સુધારણાની લાગી, અને તેને માટે નવા જ ધ્યેય અને પ્રણાલિ ઉપર સંચાલિત 'સેન્ટ્રલ હિંદુ કૉલેજ'ની કાશીમાં સ્થાપના કરી, જે નાનું વૃક્ષ આજે તો ફૂલીફાલીને 'બનારસ હિંદુ યુનિવર્સિટી' રૂપી વિશાળ વટવૃક્ષ રૂપે વિસ્તરી રહ્યું છે.

હિંદમાં કરેલું એમનું કાર્ય એટલું ઉજ્જ્વલ હતું કે ઇ. ૧૯૦૭માં અમેરિકન વીર કર્નલ આલ્કૉટની ખાલી પડેલી જગ્યાએ એમને સમસ્ત જગતના થીઓસોફીકલ સોસાએટીનાં પ્રમુખ ચૂંટવામાં આવ્યાં. ત્યાર પછી એકાદ વર્ષ ઇ.૧૯૦૮ના ડિસેમ્બરની ૩૧મીએ એમણે એમના જીવનમાં બહુ વગોવાએલા જગદ્ગુરુના આગમનનો ઘોષ કર્યો. એક બ્રાહ્મણે પોતાને સોંપેલ બાળક કૃષ્ણમૂર્તિમાં જગદ્ગુરુ વિશ્વોદ્ધાર કરવા અવતરવાના છે એવી દિવ્ય પ્રેરણા પોતે પામ્યાનું જણાવી એમણે જે પંથપ્રચાર કર્યો એમાં એમની ઘણી શક્તિઓ રોકાઇ, અને એનાં પરિણામ પણ કરુણ આવ્યાં.એમના મોંઘા મિત્રો અને પ્રિય શિષ્યો એમનાથી છૂટા પડી ગયા ને જીવનમાં એમને એ પ્રકરણમાં નિરાશા અને નિષ્ફળતા જોવા પડ્યાં.

ઈ. ૧૯૧૪માં એ રાજકારણ તરફ વળ્યાં. સૂરત મહાસભાના ભંગાણથી પડેલી ઉદ્દામ અને વિનીત દળો વચ્ચેની મતભેદની ખાઇ પર સમજાવટનો સેતુ બાંધવા એમણે 'કૉમનવીલ' નામનું સાપ્તાહિક અને 'ન્યૂ ઇન્ડિયા' નામનું દૈનિક કાઢીને હિંદી રાજપ્રકરણની આંટી ઉકેલવા પ્રયત્ન કર્યો, અને બંને પક્ષ વચ્ચેના મતભેદના ઉકેલ માટે 'હોમરૂલ'નો મંત્ર મૂકીને, ૧૯૧૫ની મુંબાઈ કૉંગ્રેસ વખતથી પત્રિકાઓ, પુસ્તિકાઓ, લેખો, વ્યાખ્યાનો વગેરે વડે હિંદના એક છેડાથી બીજા છેડા સુધીના પ્રવાસો દ્વારા એ ટોશીએ 'હોમરૂલ'ને આજના 'આઝાદી' શબ્દ પેઠે દેશભરમાં સળગાવી મૂક્યો. મદ્રાસના ગવર્નરે એમની વધતી જતી પ્રવૃત્તિ સામે ચેતવણી આપી. પણ એ મક્કમ રહ્યાં; પરિણામે નજરકેદ થયાં; દેશભરમાં કોલાહલ ઊપડ્યો અને ત્રણ જ માસ પછી છૂટ્યા બાદ કલકત્તા મહાસભાનાં પ્રમુખ ચૂંટાયાં.

પછી તો સત્યાગ્રહ અને અસહકારનાં મંડાણ થયાં. એની સામે એમણે વિરોધ કર્યો. પરિણામે ફજેત થયાં, અપમાનો પામ્યાં અને પ્રજાપ્રેમની મોટી કમાઇ પલકવારમાં ગુમાવી બેઠાં; છતાં પોતાના અંતરાત્માને ઠગ્યા વિના જે સાચું લાગ્યું તે જ કહ્યું અને કર્યે રાખ્યું. ૧૯૨૧માં 'કૉમનવેલ્થ ઑફ ઇન્ડિયા બિલ'ની એમણે યોજના કરી. પણ નિષ્ફળ ગયાં. હિન્દના રાજ્યદ્વારી ઉદ્ધાર માટેનો એમનો અરધી સદી જેટલો પ્રચંડ લાંબો સંગ્રામ જેટલો જ્વલંત લાગે છે તેટલો પરિણામગામી ન બન્યો. તેનું એક કારણ એ અંગ્રેજ હોવાથી શંકાપાત્ર બનતાં; બીજું પોતાની સ્વતંત્રતાની તાસીરને કારણે અન્ય નેતાઓ સાથે સમકક્ષ બની શકતાં નહિ. એ પછીનાં વર્ષોમાં એ ધીમેધીમે નેપથ્યના અંધકારમાં વિલીન થયાં અને અવસાન પામ્યાં.

શંકર

આલા વાઈસરૉયથી માંડી અદના વિદ્યાર્થી સુધીનું હિંદનું એકેએક જણ જેને ઓળખે છે તે

ભારતખ્યાત કટાક્ષચિત્રકાર કે. શંકર પિલાઈ



શંકર: પોતે કરેલું પોતાનું કાર્ટૂન

વર્તમાનપત્રની દુનિયામાં આ નામ ભાગ્યે જ કોઇને અજાણ્યું હશે. દિલ્હીનું પ્રખ્યાત દૈનિક 'હિંદુસ્તાન ટાઈમ્સ' કોઈ હાથમાં લે તો તેનો અગ્રલેખ જોતાં પહેલાં પણ શંકરે આજનું કાર્ટૂન શું દોર્યું છે તે જ જોવા તે તલપશે. આખા હિંદુસ્તાનની રાજદ્વારી પરિસ્થિતિ ઉપર તેણે અનેક કાર્ટૂનો દોર્યાં છે; અને તેથી વાઇસરૉયથી માંડી બજારનો ચાલતો આદમી પણ તેના લક્ષ્યવેધી કાર્ટૂનમાંથી પ્રસંગનો ઝોક સમજી જાય છે.

પૂ૦ ગાંધીજીએ તો એક વાર તેને બોલાવીને પૂછ્યું કે 'શંકર, હિંદુસ્તાન ટાઈમ્સે તમને આગળ પાડ્યા કે તમે તે પત્રને આગળ પાડ્યું?' એ વખતે તેણે તો જવાબના અખાડા કરવા હસી કાઢ્યું હતું; પણ એ વાત ખરી છે કે શંકરનાં કાર્ટૂનોએ તેના લાખો પ્રશંસકોને જ્ઞાન અને વિનોદ સાથે સત્ય જોતાં શીખવ્યું છે. આમ છતાં કોઈના પર તેણે કઠોરતાની છાપ પડવા દીધી નથી. આથી તે હિંદુસ્તાનના ગણ્યાગાંઠ્યા મહાન પુરુષોમાં સ્થાન લેવાની યોગ્યતા ધરાવે છે. પંડિત જવાહરલાલે તેના કાર્ટૂન-સંગ્રહની ચોપડીની પ્રસ્તાવના લખતાં કહ્યું છે કે આવા કાર્ટૂનિસ્ટો હોય નહિ તો આપણે આડંબરી, શેખીખોર અને સ્વાર્થપરાયણ બની જઇએ; અને આથી જ હું શંકરનું અભિવાદન કરું છું કે તે ચિરકાળ સુધી ચીમટી ખણીખણીને હાસ્ય ને પ્રકાશ આપતા રહે.

આવી અપૂર્વ રેખાશક્તિના સ્વામી છતાં શંકરે તે માટે રીતસર અભ્યાસ કદી નહોતો કર્યો. ઈ. ૧૯૦૩માં ત્રાવણકોરના એક ગામડામાં તેનો જન્મ થયો. ત્યારથી, બધાં માણસો મોટાં થયાં છે તેમ, ભણીગણી ૧૯૨૭માં ત્રાવણકોરની કૉલેજમાંથી તે ગૅજ્યુએટ થઇ બહાર પડ્યા, ત્યારે પિતાજીએ તેને ખાલી લીટા મારવાના છંદથી મુક્ત રાખવા મુંબાઈની લૉ કૉલેજમાં ભણવા મોકલ્યા. પણ ભાઇનું મન કાયદામાં ઠરે નહિ. કૉલેજમાં પણ લોકનેતાઓનાં ચિત્રો કાઢ્યા કરે ને 'ફ્રી પ્રેસ' અથવા 'ક્રૉનિકલ'માં કંઇકંઈ ચીતરી મોકલે. એ વખતે કેટલાક પત્રકારો તેના કામમાં રસ લેતા હતા. તે પૈકી મિ. પોથાન જોસેફે તેની ભાવિ કારકિર્દી માટે બહુ ઉત્તેજન આપ્યું હતું. તે પછી શંકરે સ્વ. નરોત્તમ મોરારજીના હાથ નીચે સિંધિયા સ્ટીમ નૅવિગેશન કં.માં નોકરી લીધી. એ શેઠ તેના કામથી અને રમૂજી સ્વભાવથી બહુ પ્રસન્ન રહેતા. એ દરમિયાન શંકરે ક્રૉનિકલમાં થોડાં કાર્ટૂનો પ્રકટ કરી ખ્યાતિ મેળવવા માંડી હતી, પણ ધંધા તરીકે તેનો સ્વીકાર નહોતો કર્યો. છતાં તેને બહાર પાડવાનું માન તો ક્રૉનિકલ જ લઈ શકે છે. એવામાં ૧૯૩૨માં 'હિંદુસ્તાન ટાઈમ્સ'ના તંત્રી મિ. પોથાન જોસેફ તરફથી તેને તે પત્રના કાર્ટૂનિસ્ટ તરીકે જગ્યાનું કહેણ આવ્યું. શંકરને તો આશ્ચર્ય જ થયું! શું કરવું તે સૂઝે નહિ. સિંધિયા કંપનીમાં પણ તેની કારકિર્દી આગળ વધી રહી હતી. શેઠ તેમજ મિત્રો સાથે ખૂબ ચર્ચા કરી, છેવટે દિલ્હીમાં કેમ ફાવે છે તે જોવા ખાતર ચાલુ નોકરી છોડી. તે દિવસે સ્ટેશને ગએલા મિત્રોને તો તેણે કહેલું પણ ખરું કે ફાવશે નહિ તો જરૂર પાછો આવ્યો માનજો.

પણ આપણે જાણીએ છીએ તેમ, તે ત્યાં રહ્યા જ. ત્યાં વખત જતાં અને કામ કરતાં તેને લાગ્યું કે આ વિષયનું ક્ષેત્ર ખેડવા માટે તેના નિષ્ણાતોનો પરિચય અને અભ્યાસ જરૂરનાં છે; એટલે ૧૯૩૮માં તેણે ઇંગ્લંડ અને યુરોપની મુસાફરી કરી. એ સફરના તેર માસ દરમિયાન લંડનની કેટલીક સ્કૂલોમાં ટર્મ પણ ભરી અને ત્યાં પહેલી જ વાર કંઈક પદ્ધતિસર શિક્ષણ મેળવ્યું. પ્રખ્યાત કાર્ટૂનિસ્ટ લો, વિન્ડહામ રૉબિન્સન, લેસ્લી ગ્રિમ્સ વગેરે સાથે પરિચય સાધ્યો અને તેમની સાથેના પ્રસંગોથી ઘણો અનુભવ મેળવ્યો. પોતાના કામની લાક્ષણિકતા વિષે શંકર કહે છે કે તેનું દૃષ્ટિબિંદુ જનસાધારણની સાથે રહી તેનું દૃષ્ટિબિંદુ પ્રકટ કરવાનું છે, નહિ કે અતિશય કેળવાએલા ને ભવાં ઊંચાં રાખી ફરતા વિદ્યાભિમાનીનું. યુરોપથી પાછા વળતાં તેણે પારીસ, જીનીવા, હંગેરી વગેરે દેશો જોયા અને ત્યાંના કાર્ટૂનિસ્ટોની મુલાકાત લીધી. હંગેરીઅન કાર્ટૂનિસ ડેર્સો અને કેલનનો પણ પરિચય કર્યો. આ બંને પ્રસિદ્ધ કલાકારોએ શંકરના કામમાં ખૂબ રસ બતાવ્યો.

શંકર પતિતો અને ગરીબોનો મિત્ર છે તેમજ પ્રગતિમાન પ્રવૃત્તિઓનો જબરો હામી છે. ધર્માડંબરીઓ તથા લટુપટુ થતાં પાત્રોની તે પૂરી મશ્કરી જમાવે છે. ગોકળગાયની ગતિએ કામ કરતી સરકાર અને ઊંઘતા અમલદારો પર તેને ભારે રોષ છે. જ્યારે જગત આગળ







ડાબી બાજુ: ઇસ્ટર્ન ગ્રુપ કૉન્ફરન્સ—'બાયોસ્કોપ દેખો ભાઇ' એ નામના આ કાર્ટૂનમાં હિંદીવાનને ઇસ્ટર્ન ગ્રુપ કૉન્ફરન્સનું જે બાયો-સ્કોપ વાઈસરૉય બતાવે છે તેની પાછળ હિંદીવાનનાં કપડાં પણ ઉતારી લેવાનો ઘાટ છે તે દર્શાવીને એ કૉન્ફરન્સની પોકળતા બહુ સ્પષ્ટ રીતે ખુલ્લી પાડી છે. જમણી બાજુ: 'ફ્રેસ્કો પૉલિટિક્સ'—નામદાર વાઈસરૉય 'જાહેર લોકમતના નિકટના સંસર્ગમાં આવવા માટેની સફરે' નીકળ્યા તે દરમ્યાન તેઓ નામદાર અજંતાની સફરે ગયા તે વખતે અજંતાની ભીંતો પરનાં આલેખનોમાં દેશના જાહેર નેતાઓનાં રૂપ ઉતારીને ઉડાવેલી ઠેકડી: ઉપર—આંબેડકર, હવામાં ઊડતા જવાહરલાલ, દેશી રાજાઓના પ્રતિનિધિ જામસાહેબ; નીચે-ઝીણા; આઝાદ. રાજગોપાળાચાર્ય, રાજેન્દ્રબાબુ, વલ્લભભાઇ વગેરે કૉંગ્રેસી નેતાઓ; સર ચીમનલાલ વગેરે વિનીત નેતાઓ (દર્પણમાં મોં જોતા); હિંદુ મહાસભા;—વગેરેને નીરખતા વાઈસરૉય. (સર ચિનુભાઈના સંગ્રહમાંનાં મૂળ ચિત્રો ઉપરથી)

કદમ ભરી રહ્યુ છે ત્યારે હિંદ પીછેહઠ પર જાય છે તેનું પ્રતીક તે ઘણીવાર ચિત્રોમાં વાઇસરૉયને નિદ્રા લેતા બતાવી પૂરૂ પાડે છે.

કાર્ટૂનનો મુખ્ય સ્વભાવ જ એ હોવો જોઇએ કે ચૂંટી ખણીને જાગૃતિ ઉપજાવવી. અને શંકર તેમાં કુશળ છે. છતાં તેને ખૂબ અનુભવ થયો છે કે તેનાં ચિત્રોથી કોઈની સાથેના સંબંધો ખાટા થવા પામ્યા નથી. લૉર્ડ વિલિંગ્ડન તો વખતોવખત તેને ચાહ પીવા બોલાવતા અને હિંદ છોડતી વખતે પોતાનાં બધાં કાર્ટૂનનાં અસલ ચિત્રો ખરીદી સાથે લઈ ગયા. મૌલાના શૌકતઅલીની પણ શંકર મજા કરવામાં બાકી ન રાખે. એ પ્રચંડ શરીર શંકરને હસીહસીને ભેટતું. સર જેમ્સ ગ્રીગ્ઝ જેવા અમલદારની છેડ કરવામાં તેણે બાકી રાખી નહોતી; પણ તે યે પોતાનાં કાર્ટૂન થતાં જોઈ ગુસ્સે થવાને બદલે વધુ ને વધુ ખુશ રહેતા. ઉલટું કહે કે 'મને લાગે એટલાં ધારદાર નથી બન્યાં.' એકવાર એક ડૉક્ટરને તેનું મોટું પેટ ચીતરવા બદલ ગ્રાંઝ ચડી ગઈ અને શંકરની સામે આવી કોટનાં બટન ખોલી સાબિત કર્યું કે પોતાનું પેટ એટલું મોટું નથી! એમ. કે. આચાર્ય જેવા ધર્મચુસ્ત ધારાસભ્યને ચિત્રમાં હરિજનની જોડાજોડ ચીતરી એણે એટલો ચીડવાટ કર્યો કે 'હવે શંકર નજરે પડે તો ગોળીએ જ દઉં' એમ એ બોલી ગયા! આમ કરતાં એકવાર પૂ૦ ગાંધીજીના સપાટામાં પણ ભાઇ આવી ગયેલા. એ પ્રસંગ ખરેખર સ્મરણીય બન્યો છે.

યુદ્ધારંભ થતાંજ ગાંધીજીને વાઇસરૉયે સીમલા તેડાવ્યા અને પછી તુરત મિ. ઝીણાને પણ બોલાવ્યા. એ વખતે કાંઈક એવું જાહેર થએલું કે એ બાબતમાં ગાંધીજી અને વાઈસરૉય જ મુખ્ય લાગતીવળગતી વ્યક્તિઓ છે અને બીજાઓની ત્યાં જરૂર નથી. શંકરે આ વસ્તુ પકડી લીધી અને એક કૅબિનમાં વાઇસરૉય અને ગાંધીજીને ઊંડી ચર્ચા કરતા બતાવ્યા, અને ત્યાં ઉતાવળે આવી પહોંચતા મિ. ઝીણાને જાહેર મત-ના હાથ અટકાવીને એવું કહેતા ચીતર્યા કે: 'કૅબિન રોકાએલી છે.'





ડાબી બાજુ: હિંદને 'સ્વરાજ' આપવાની દરખાસ્તો લઇને આવેલા સર સ્ટૅફર્ડ ક્રિપ્સ મદારી બનીને પોતાની દરખાસ્તો રૂપી દોરડીને આકાશ-માં ચડાવવા મોરલી વગાડી રહ્યા છે, અને ગાંધીજી તેનો ઘાટ હસતાહસતા જોઇ રહ્યા છે જમણી બાજુ: 'અશોકવનમાં સીતા'. હિંદી પત્ર-કારત્વ પર વાઇસરૉયની કાઉન્સિલે કાઢેલા ઑર્ડિનન્સ (જેની સામે વિરોધ તરીકે દેશનાં રાષ્ટ્રીય છાપાં આપમેળે બંધ પડ્યાં)નો ઘટ-સ્ફોટ કરતું કાર્ટૂન. જેમાં (અશોકવનમાં બેઠેલી સીતા સમાન હિંદી પત્રકારત્વને અગિયાર મેમ્બરોનાં માથાંવાળી વાઇસરૉયની કાઉન્સિલ રૂપી રાવણ કહે છે કે 'મને નહિ ચાહે તો તને મારી નાખીશ.' હિંદુસ્તાન ટાઇમ્સ બંધ થયું તે દિવસે તેના છેલ્લા અંકમાં આ કાર્ટૂન પ્રકટ થએલું.

ગાંધીજીને આ કાર્ટૂનથી બહુ લાગી આવ્યું કે એક તરફ સમાધાની લાવવાના પ્રયત્નો થાય છે તે વખતે મિ. ઝીણાને દુઃખ લાગે એવું કશું કરવું ન જોઈએ. એમણે તો શંકરને લખી નાખ્યું કે કાર્ટૂન રુચિકર નથી થયું. શંકર તેનો ખુલાસો આપવા તેમની પાસે ગયા, ત્યારે બીજું યે ઠીકઠીક સાંભળવું પડ્યું. ગાંધીજીએ શીખ આપી કે કાર્ટૂનિસ્ટે ભવિષ્યની પણ કલ્પના પકડી પ્રજાને માર્ગદર્શન આપવું જોઇએ. એવી આર્ષદૃષ્ટિ વિના મહાન મર્મકાર ન થઈ શકાય.


શંકરે એ વાત ધ્યાનમાં રાખી લીધી જણાય છે. જ્યારે સર ક્રિપ્સ સંદેશા ચલાવવા આવ્યા હતા અને આખું હિંદુસ્તાન તેને હર્ષથી વધાવી રહ્યું હતું ત્યારે શંકરે કાર્ટૂનિસ્ટની સૂની ઉદાસીન વૃત્તિથી એની સામો ભાવ દર્શાવતું ચિત્ર દોરેલું. Wait for the rope-trick એ તે વખતનું પ્રસિદ્ધ ચિત્ર છે. તેમાં ક્રિપ્સ મદારી બની પોતાની દરખાસ્તોરૂપી દોરડીને આકાશમાં ચડાવવા મોરલી બજાવી રહ્યો છે અને ગાંધીજી હસતાહસતા તે જોઈ રહ્યા છે. શંકર આ રીતે એક શક્તિ સમાન પદ ધરાવે છે. પ્રસંગો ઉપરની તેની ચિત્રાત્મક ટીકા અને ગર્મ એકેએકને ચોટ મારે છે. એને કોઈ ઓળખતું ન હોય એવું ભાગ્યેજ છે. તેમજ એ પણ સૌને સારી પેઠે ઓળખે છે; પણ અતિ પરિચય કોઇની સાથે કરતા નથી; કારણકે તેથી ખરી ટીકા કરતી વેળા અંગત લાગણી આડી આવી જાય તો પોતાનો ધર્મ ચૂકી જવાય. છતાં ન્યૂ દિલ્હીના એકેએક મોટા મેળાવડામાં તેની હાજરી હોય છે.

કારોબારી સભ્યો કે મોટા રાજદ્વારી નેતાઓ તેની સોબત શોધતા હોય છે, પણ શંકર હમેશાં સભાન રહી પોતાનું પદ સાચવી લે છે. લાગવગ અને લોકપ્રિયતાથી તેનું મગજ ખસી જતું નથી. દેશના મહાન પ્રશ્નો ને હિતો જ તેની સન્મુખ પહેલાં રહે છે. પોતાને ખાત્રી ન હોય તે વિષે કંઈ કહેવું તેના માટે અશક્ય છે. વિદ્વેષ વિના તે વસ્તુઓ વિચારે છે, અને આ મહાન ગુણ તેની ફતેહની કૂંચી છે. મુદ્દા ઉપર જ તે લક્ષ આપે છે. કંઈ સમજાવવું પડે એવું રાખતા જ નથી. એનું નિશાન આબાદ હોય છે. સર ચીમનલાલને સૂકેલી ગાય દોહતા બતાવે કે સર સપ્રુના ટેબલ આગળ 'To Let' (ભાડે આપવા) નું પાટિયું લગાવે, એટલે સૌ વસ્તુ સમજી જાય છે.

શંકરને આવાઆવા વિચારો રોજ ક્યાંથી જડતા હશે? તેનું જેટલું આશ્ચર્ય આપણને થાય છે તેટલું જ તેને થાય છે. તે ચારેકોર ચકોર નજરે નીરખ્યા કરે છે, પાત્રોની નોંધ કરે છે અને વખત આવતાં પોતાની ચિત્રપાટી પર ઉતારે છે. તે કુદરતના ચોક્કસ નિરીક્ષક છે. સૌંદર્યને તે શોધી કાઢે છે. હમણાં વળી તેણે ફોટોગ્રાફીની ઉપાસના આદરી છે અને તેમાં નિષ્ણાતોની કુશળતાથી ચિત્રો ઝડપે છે અને સારાં પ્રદર્શનોમાં સ્પર્ધા કરી શકે એવા ગુણવાળાં બનાવે છે.

શંકરને જીવનમાં નિરાશા કરતાં સફળતા ભાસે છે. જીવનના ધબકારા અને જીવનની લીલા તેને સ્પર્શે છે. જીવનને તે એક પરમ જ્યોત સમજે છે. સ્વભાવે તે શાંત, નિરાડંબરી અને ડખલ નહિ કરનાર છે; પણ જ્યારે તે કંઈ કહેવા બેસે છે ત્યારે અંતઃપ્રતીતિનો આવેગ એટલો બધો હોય છે કે તેના ચહેરા ઉપર એક પ્રકારની ઇંતેજારીની ચમક આવે છે. બાકી બીજા સમયે તે ઘણા શાંત રહે છે. તે વાતો કરવા કરતાં વધુ સાંભળે છે અને સાદી સમજદારી એનું પીઠબળ છે. જે કંઇ તે ચીતરે છે તે ત્યાંથી તેને મળી રહે છે; અને સાદી સમજથી જ તે પોતાનો નિશ્ચય કરે છે. તે પૂર્ણ સંસ્કારી છે, પણ ઘમંડી નથી. તેની રીતભાત સૌને ગમે એવી છે.

તેની શારીરિક સંપત્તિ પૂર્ણ આરોગ્યમય છે. તેના માથા પરના આછા ધોળા વાળ તેના ચહેરાને કંઈક ઉઠાવ અને પ્રભાવ અર્પે છે. તે



પંજાબમાં 'સુસંપ સ્થાપવાનું સત્કાર્ય કરવા ગએલા' મૌલાના શૌકતઅલીનાં વચનો પર વ્યંગ કરતું કાર્ટૂન. મૌલાનાને પોતાનાં કાર્ટૂનથી બહુ આનંદ થતો અને શંકરને તે હમેશ પ્રેમથી ભેટતા.

ઊંચા, સુરૂપ, સ્વચ્છ યુવાન છે; શરમાળ છે, કંઇક લાગણીમય છે; એટલું કહેતાં તેના વ્યક્તિત્વનો ખ્યાલ નહિ આવે. તે હસે છે ત્યારે પ્રકાશ છાટની બારી ઊઘડી હોય એવું લાગે. ખૂબ વિનોદભર્યા તે એક મહાન નર છે. દિલ્લગીભર્યા શંકર સ્વદેશબંધુઓ તરફ હમેશાં હેતાળ રહે છે. તેનામાં હમેશાં ઇંતેજારી ભરેલી હોય છે: વિશ્વાસભરી અને પ્રેમાળ. તેને જોતાં એવું લાગે કે આ માણસ અણકથ્યું ઘણું સમજી જાય છે; ન કહી શકાય એવી જીવનની છાપો પકડી લે છે. મુલાકાત લેનારને ખાત્રી થાય છે કે તે બધી ચીજોની આરપાર જોઈ શકે છે. સુધારાનું ફુલફટાકિયાપણું ઠેઠ છેલ્લા પટ સુધી તે સમજે છે. નરનારીઓ તેમના પોતાના આરસામાં જેવાં દેખાય તેવાં તે બતાવતા નથી, પણ તેમના વિષે જે તત્ત્વ તેમને જ અજાણ્યું હોય તે એ બહાર પાડે છે. તેના કામનું આ મહત્ત્વનું લક્ષણ છે. છૂપાં પડોની ભીતરમાં રહેલું અદૃષ્ટ ઉઘાડું સત્ય તે પ્રામાણિકપણે દર્શાવી શકે છે.

શંકર હજુ તો યુવાન કહેવાય. તેની પ્રતિભા હજી સર્વાંશે પ્રકટી નથી. રાજદ્વારી ક્ષેત્રથી પરવારી જ્યારે તે આપણા સમાજમાં નજર કરશે ત્યારે આપણા સંસારના કેટલા યે ખૂણા પર એની વેધક ટીકા ફિનાઈલનું કામ કરશે. તે વખતે કોઇને પણ તે છોડી શકશે નહિ. અને તેના મિત્રોએ તો પહેલાં ચેતવું પડશે! **ર. મ. રા.**

આધારસામગ્રી


(૧) શ્રી રામમૂર્તિ (ન્યૂ દિલ્હી) એ ખાસ લખેલો લેખ; (૨) બૉમ્બે ક્રૉનિકલ (સાપ્તાહિક આવૃત્તિ)ના તા. ૩૧મી મે ૧૯૪૨ના અંકમાં આવેલો શ્રી આચાર્યનો લેખ; (૩) 'હિંદુસ્તાન રિવ્યૂ'ના ઑગસ્ટ ૧૯૪૨ના અંકમાં આવેલો શ્રી સચ્ચિદાનંદ સિંહાનો લેખ. (૪) 'Shankar's Cartoons' એ નામનું પુસ્તક.

ડૉ. પ્રાઈસ નામના એક અમેરિકન મિશનરીએ બ્રહ્મદેશવાસીઓને પોતાના ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતો પ્રબોધી એમનો ધર્મપલટો કરવાની ત્યાંના રાજા પાસે પરવાનગી માગી. રાજાએ ડૉ. પ્રાઈસની દરખાસ્ત એવી શરતે મંજૂર રાખી કે તે ભલે પોતાના ધર્મનો ઉપદેશ આપે, પણ રૈયત જ્યારે ધર્મપલટો કરે ત્યારે ડૉ. પ્રાઇસે એમનાં માથાં વાઢી લઇ પોતે વર્ણવેલા સ્વર્ગમાં એ માથાં મોકલી આપવાં!

'તમારી આ શરદી માટે તમે કંઈ લો છો?'
'જે આપો તે. આપણે ભાવ ઠરાવતા જ નથી.'

સૂરતનો કિલ્લો

રેડિયોફીચર તરીકે રજૂ થએલી એક ઇતિહાસરચના



★ [ગુજરાતનાં ઐતિહાસિક સ્થાનકો વિષેની એક પ્રયોગમાળા મુંબાઇ ભોવાણી પરથી સને ૧૯૪૦-૪૧માં રજૂ કરવામાં આવી હતી. આ પ્રયોગમાળામાં પાવાગઢ, ગિરનાર, લલ્લુભાઈની હવેલી (ભરૂચ), વડોદરા, અમદાવાદ અને સૂરતનો કિલ્લો તથા પાછળથી સૂરતનું બંદર એટલી ઇતિહાસ-રચનાઓ રજૂ થઇ હતી, અને તે જુદાજુદા લેખકોએ તૈયાર કરી હતી. એમાં 'સૂરતનો કિલ્લો' તથા 'સૂરતનું બંદર' એ બે ઈતિહાસ-રચનાઓ મેં તૈયાર કરી આપી હતી. આ રચનાઓનું નાવિન્ય એ છે, કે એ સીધીસાદી સળંગ ગદ્યરચનાઓ નથી; પરંતુ જેને અંગ્રેજીમાં શાસ્ત્રીય રેડિયો પરિભાષામાં 'ફીચર' નામે ઓળખવામાં આવે છે એવી ગદ્ય-પદ્ય-નાટ્ય રૂપી ત્રિવિધ સંમિશ્ર રચનાની અવનવી પદ્ધતિ એમાં વપરાયેલી છે એ વાત આ લખાણ વાંચતી વખતે ધ્યાનમાં રાખવાની છે. આવા મિશ્ર પ્રયોગ માટે રેડિયો અરધો કલાક આપે છે. સામાન્ય રીતે અમિશ્ર-પ્રયોગ હોય તો એટલો લાંબો ગાળો શ્રોતાજન માટે આકરો થઈ પડે, એટલે આવી સંમિશ્ર રચના યોજાય છે અને એવડે રુચિકર રૂપે ઇતિહાસનું શિક્ષણ અપાય છે.—લેખક] ★

સારું સારું રે સૂરત શહેર
મુંબઈ અલબેલી
સારું સારું રે સુરત શહેર
મુંબઈ અલબેલી ....

સૂત્રધાર: સૂર્યની પુત્રી તે તપતી—તાપી નદી ને એ તાપી નદીને કિનારે વસેલું સૂરત શહેર; હજાર હજાર વરસનો ભવ્ય તડકાછાંયડાવાળો પણ ગરવો ઇતિહાસ જેને કાળને ચોપડે અગ્ગર રાખે છે એ સૂરત નગરી; અઢારમી સદી, રે ઓગણીસમી સદીના પહેલા પાયા સુધી આઠ આઠ લાખની વસતિથી ઊભરાતી સૂરત નગરી; જેના નાણાવટમાં દુનિયાના પ્રત્યક દેશનું નાણું વટાવી શકાતું તેવી એ સૂરત નગરી; બાબ-ઉલ-મક્કા—મક્કાનો દરવાજો કહેવાતી સૂરત નગરી; જેના બારામાં જગતના અનેક વાવટાઓ ફરફરી રહેતા એ સૂરત નગરી; ને એ વાવટાધારી નાના મોટા બતેલાઓ, જહાજો, આરમારી નૌકાઓને અને આજનાં હોડી હોડકાંઓને, નદીકિનારે બેઠેલા કોઈ શાંત યોગી પેરે સ્થિર નજરે નિહાળી રહેલો આ ભવ્ય કિલ્લો!

જુઓ, જુઓ! કેવી પ્રચંડ છે એની દીવાલો, કેવી વિરાટ છે એની કાયા! કાળને થાપ આપીને, અનેક તડકાછાંયડા વટાવીને પણ આજે તે ભૂતકાળનાં કેવાં સંભારણાં ખડાં કરી રહે છે. કવિ નરસિંહરાવની વાણીમાં—

[સંગીત]

જીર્ણ ઘટના જાય, ને
સ્થાન હેનું નવીન લે;
એહ વિશ્વ વિકાસમાં
વ્યાપક નિયમ સઘળે પળે.
સ્મરણ શાં શાં ધોળું હું
ઉર વિષે સંગ્રહ કરી
એ સ્મરણવ્યાપારથી
તુજ ભવ્ય મૂર્તિ ઘડું ફરી.

સૂત્રધાર: છસ્સો વરસ થવાં આવ્યાં. હિન્દુસ્તાન પર તે વેળા તઘલખી આણ વરતતી હતી. ને એ વંશની પ્રતિષ્ઠાના થંભા સમો ફીરોઝ તઘલખ ગાદી પર આવ્યો, ત્યારે સૂરત ખીલતું જતું હતું. તેનાથી બસો વરસ પૂર્વે—૧૦મી ૧૧મી સદીના અરસામાં નાનકડા ગાછીવાડા સમાણું એ ગામડું તુર્કીથી આવેલા રૂમી સોદાગરના વસવાટથી અને કુનેહભર્યા વ્યાપારથી તેની પ્રિયાનું નામ ધારણ કરી સૂરત બન્યું હતું અને ધીમેધીમે ખીલી વધતું હતું તથા તઘલખી ત્રિંતરીને તર બનાવતું હતું. એના વ્યાપારી વ્યવહારનું ચાંચિયાલુંટારાથી રખોપું કરવા સને ૧૩૭૩ની સાલમાં ફીરોઝ તઘલખે ગાદીનો એક કિલ્લો બંધાવ્યો. આજના, આજે પણ સૂરતના રાજદરબાર સમા, અત્યાર સુધી ઊભેલા આ કિલ્લાનો, એ વડવો થાય. ને એ વડવાના રખોપા હેઠળ સૂરતની ઊગતી વ્યાપારી જાહોજલાલી રોજ-બ-રોજ વધતી હતી ને સાથે સાથે ચાંચિયાલુંટારા તથા પરદેશી ચઢાઇખોરોની દાઢને સળકાવતી હતી. આશરે દોઢસો વરસ એ રીતે વહી ગયાં. ને સોળમી સદીની ત્રીસીમાં અહમદાબાદની ગાદી પર બાદશાહ મહમદ બીજો બિરાજમાન થયો. 'ગુજરાત સર્વસંગ્રહ'માં નર્મદ લખે છે: 'મહમદખાન અગિયાર વરસનો ગાદીએ બેઠો ...... ઘણી તકલિફો પછી બાદશાહે પોતાના બાપના વખતના વજીર અફઝલખાનને પોતાનો વજીર બનાવ્યો, અને જોકે એ એકાંતવાસ રાખતો, તોપણ અગત્યના કામમાં બાદશાહ તેની સલાહ લેતો જ. એની સલાહથી બાદશાહે માળવાની ફતેહ કરવી માંડી વાળી. . . . . . . એ બાદશાહની કારકિર્દીમાં સૂરતનો કિલ્લો ખુદાવંદખાને બાંધ્યો . . . .'

સૂરતનો કિલ્લો (નટવર વીમાવાળા)

[આછું સંગીત, પશ્ચાત્‌ભૂમિકા તરીકે. રસ્તે ચાલતા લોકોના અવાજો—'અડે, બાદસાસલામટની સવારી ચાલી' 'જુઓ જુઓ, ખસી જાઓ.' 'એઇ, ખસી જા.' એવા ચિત્રવિચિત્ર અવાજો .... તે પછી—]

પહેરેગીરો: નિગ્રા રખિયો મહરબાન ...... નિગ્રા ... ... આલા હજરત, ગરીબપરવર, બંદે નવાઝ, બાદશાહ સલામત મુહમ્મદશાહ સુલતાને ગુજરાત ...... નિગ્રા રખિયો મહરબાન.

એક અવાજ: અડે, બાદસા સલામત ટો વઝીર સાહેબને ઘેર પધારતા લાગે છે.

બીજો અવાજ: હાં, તતતત તેમજ છે. વવવઝીર સસસાહેબની તતતબિયત બબરાબર નથી, તેથી ખબર લેવા જાય છે. ભાઈ વઝીર સસસાહેબ પર તતતેમને ઘણો પ્યાર છે.

ત્રીજો અવાજ: હોય જ ને. એ વઝીર વડે તો રાજ સલામત છે.

[આછું સંગીત. તે પછી હોકાના ગુડગુડાટનો ધ્વનિ. વઝીર અફ્ઝલખાન પથારી પર પડ્યાંપડ્યાં હોકો ગુડગુડાવે છે ત્યાં બાદશાહની સવારી પધારે છે.]

અફ્ઝલખાન: તશરીફ લાઇયે વાલાશાન હઝરત. બહોત તકલિફ લિયા. બન્દએ નાચીઝ પર નેહાયત એહસાન હુઆ.

મહમદશાહ: નહિ નહિ, વઝીર-ઉલ-મુઝરા, આપની તબિયત નરમ છે એવું જાણી મને ફિકર થઇ, એટલે આવ્યો. કેમ છે આપને?

અફ્ઝલખાન: ઝ્યાદે કંઈ નથી, હઝરત, જરા માથું ચઢ્યું હતું. મગરિબ પછી હું આપની ખિદ્‌મતમાં હાજર થવાનો જ હતો.

મહમદશાહ: નવી તકલિફ છે કંઈ?

અફ્ઝલખાન: સૂરતથી સફી આગાએ પોતાનું ખાનગી દાસ્તાન પેશ કર્યું છે. ત્યાં થોડી તકલિફ છે. ચાંચિયા લુટારા સૂરતને બહુ પરેશાન કરે છે. તધલખી કિલ્લો નબળો છે. નવો કિલ્લો બાંધવાની મંજૂરી માગે છે.

મહમદશાહ: અને આપની રાય શું છે, એ બાબતમાં?

અફ્ઝલખાન: સૂરત આપણી મોટી દોલત છે. એની સલામતી માટે જેટલું ખર્ચ કરીએ તેટલું રાસ્તો દુરસ્ત ગણાશે. કિલ્લો ઝરૂર બાંધવો એવું મારી રાયમાં છે. પછી બાદશાહ સલામત કુલમુખ્તાર છે.

મહમદશાહ: નહિ ચાચાજાન, આપ જ કુલમુખ્તાર છો. લેકિન મારી તો એવી દરખાસ્ત છે કે કિલ્લો એવો બાંધો કે સદીઓ તક ખડો ને ખડો રહે. દુશ્મનો એની યાદ આવતાં ય થરથરે. તોપો-તલ્વાર એને કંઈ કરી ન શકે. સુલતાન મહમદ બીજા ગુજરાતીનું નામ એ કિલ્લાને જોઇને લોકો યાદ કરે. ખર્ચમાં કંઈ કમીના ન કરો. દિલ ચાહે એટલું ખર્ચવા મંજૂરત આપો. પણ કિલ્લો કોઇ ખડક જેવો બનાવે.

અફ્ઝલખાન: ઈન્શાલ્લાહ, બાદશાહની ફરમાયશ મુજબ જ થશે. હું આજે રૂક્કો લખાવી તૈયાર કરાવીશ, ને બાદશાહી મોહર માટે મોકલી આપીશ ......

[ક્ષણભર પછી ...... ખટાખટ ખોદવાના અવાજો. કોદાળી-પાવડાના તથા મજૂરોના અવાજ. કોલ લાવ, ઇંટ લાવ, ગ્રટ કર, પગ ચલાવ, એવા અવાજો વગેરે.]

સૂત્રધાર: અને આ પ્રમાણે સૂરતનો કિલ્લો બંધાયો સને ૧૫૪૩ માં. ધ્યાન રહે કે ગોરા લોકો, ખાસ કરી ફિરંગીઓ-પોર્ટુગીઝો હવે (સને ૧૪૯૮થી) હિંદ આવતા થયા હતા, અને સને ૧૫૧૨માં તો તેમણે સૂરત પર ચઢાઈ કરી, લૂંટ ચલાવી, આગો લગાડેલી. સને ૧૫૩૦માં તેમણે સૂરત પર બીજી ચઢાઈ કરેલી ને છતેલા તથા સૂરત બાળેલું. તે વખતે શહેરમાં દશ હજાર માણસોની વસતિ હતી; ને કુલ હિન્દની વસતિ દશેક કરોડને આશરે હતી. સને ૧૫૩૧માં પાછું ત્રીજી વાર એ જ ફિરંગીઓએ સૂરતને સળગાવેલું. આ બધા ત્રાસને લઇને જ સૂરત ખાતે નવા મોટા કિલ્લાની જરૂરત હતી અને તેથી તે સને ૧૫૪૩માં બંધાયો. એ કિલ્લો બંધાતો અટકાવવા પોર્ટુગીઝોએ ઘણી મહેનત કરી. તેઓ હોડીઓમાં બેસી આવ્યા ને લોકોને હેરાન કરવા લાગ્યા. પણ સફી આગા, જેને સુલતાન મહમદે ખુદાવંદખાનનો ખિતાબ આપેલો, તેણે ખૂબ તકલિફતકેદારીથી એ કિલ્લો બાંધ્યો. તે આ આજનો કિલ્લો.

ને ત્રીસ વરસ એ વાત પર વહી જાય છે. અકબર બાદશાહ ગુજરાત પર ચઢી આવે છે. ગુજરાતનાં જુદાંજુદાં શહેરો કબજે કર્યા પછી, ઈ. ૧૫૭૩ના જાનેવારીની ૧૯માએ શહેનશાહ જલાલુદીન મુહમ્મદ અકબર, ખુદ-બ-ખુદ, લશ્કર સાથે સૂરત શહેર પર ચઢી આવી ગોપીપુરા ખાતે છાવણી નાખે છે. સાથે એના સેનાપતિઓ શાહ કુલીખાન મહેરમ અને સાદીકખાન પણ છે. રમઝાન મહિનાની ૭મી તારીખ ને સોમવારે સૂરતના કિલ્લા પર દિલ્હીની તોપોનો મારો શરૂ થાય છે.

[ભગમગમ .... ભમમમમ .... બગમમમ, એવા ત્રણ ચારેક અવાજો.]

પણ આવી જબરી શાહી તોપો સામે પણ કિલ્લો ૪૭—સુડતાળીસ દિવસો સુધી ટક્કર ઝીલે છે. છેક ૪૮મે દિવસે કિલ્લો શરણે જાય છે ને અકબરનાં લાલ નિશાન કિલ્લા પર ઊડવા માંડે છે. સૂરતની હાકેમી સરદાર કલીજખાનને સપુરદ કરી બાદશાહ અકબર, ગુજરાત સર કર્યાના હરખે માતોતાતો દિલ્હી ભણી વળે છે. આ કિલ્લાની આણ હેઠળ સૂરત જિલ્લાની જમીન ૧,૨૩,૩૪,૮૦૦ વીંઘા, એટલે કે ૭,૭૦,૯૨૫ એકર છે એવી માપણી કરી રાજા ટૉડરમલ દિલ્હીને દફતરે નોંધ કરાવે છે.

સને ૧૬૦૮ના ઑગસ્ટ મહિનાની ૨૦મી તારીખે સૂરતથી થોડે દૂર મોરા સુંવાળીના બારામાં ઈસ્ટ ઇંડિયા કંપનીનું વહાણ નામે 'હેક્ટર વિલિયમ હૉકિન્સ' લાંગર્યું. ને સને ૧૬૧૨માં સૂરતમાં અંગ્રેજોની કોઠી સ્થપાઈ. અંગ્રેજો ને પોર્ટુગીઝો વચ્ચે સૂરત આગળ વારંવાર લડાઇઓ થવા લાગી. પણ આ લડાઇઓ છમકલાં સમાન હતી. સૂરતની રાજખટપટો પર તેની અસર નહોતી. સૂરતમાં તો મુગલાઈ કિલ્લેદાર રહેતા. સને ૧૬૬૧માં જંજીરાના સિદ્દીઓએ સૂરતની કિલ્લેદારી પચાવી પાડી અને તેમણે ૬૦ વરસ સુધી કિલ્લો કબજે રાખ્યો. તે દરમ્યાન સને ૧૬૬૪માં—

[નેપથ્યમાં હર્રહર્ર મહાદેવ .... જય ભવાની, જય ભવાની .... શિવમહારાજ ચી જય .... એવી બૂમો]

સૂત્રધાર:—સને ૧૬૬૪માં શિવાજીએ સૂરત પર પહેલી સવારી કરી. સૂરતનો તે વેળાનો હાકેમ નબળો હતો, પણ કિલ્લો સબળો હતો. કિલ્લાનું રક્ષણ હાકેમે ન કર્યું—હાકેમનું રક્ષણ કિલ્લાએ કર્યું. કિલ્લાએ શિવાજીના સૈન્ય સામે બરાબર ટક્કર ઝીલી ......

શિવાજી: કા હો બહિરજી, કસા કાય રંગ આહે?

બહિરજી: કાંહી નાહીં, મહારાજ. મી આતાં તેથૂન નિઘાલા. અજૂન કિલ્લા જસા ન તસા રાહિલા આહે. ત્યાચ્યાવર મૂળીં ચ અસર હોત નાહીં.

['મારો કાપો'ના થોડા અવાજ]

સૂત્રધાર: આમ કિલ્લાએ મચક ન આપી અને કિલ્લાને પડ્યો રહેવા દઇ શહેર બાળી-લૂંટીને શિવાજીનું સૈન્ય વિદાય થયું. અનેક વાર શિવાજીએ એવી ચઢાઇઓ કરી, પણ કિલ્લો અણનમ રહ્યો.

દરમ્યાન, ઇંગ્લંડથી વેપાર કરવા આવેલા ગોરા વહાણિયાઓ

–વાણિયાઓ–નું તંત્ર, જલંધરની કાયા પેઠે, વધુ ને વધુ બળવાન બનતું જતું હતું. એમણે શિવાજીની ચઢાઇઓ વખતે પણ શૂરાતન દાખવેલું, નવાબી ખટપટોમાં ધીમો છાનો પણ ગંભીર રસ લેવા માંડેલો, ઘણી વાર વલંદાઓ અને બીજા યુરોપીઓ સામે ય ટક્કર લીધેલી. સૂરતના નવાબો–સૂબાઓની ધૂનને વશ થઈ પરેશાની પણ ભોગવેલી. પણ તેમનું સંગઠન, તેમની વ્યવસ્થાશક્તિ ને તેમની મુસદ્દીગીરી પગદંડો કરતાં જતાં હતાં તકરારટંટો કરતા અને તેનું વાળણ પણ કરતા, ને ધંધો પણ જમાવતા. એમના વડે શાહી ખજાનાને લાભ હતો. એક વાર તો, એમને સૂરતના મુધલ સૂબા ઉર્ફે મુસદ્દીએ કરેલો દંડ ઔરંગઝેબે અરધો પાછો આપેલો ને સમજાવી પટાવી તેમને રાખેલા.

પેશવાઇ મુધલાઇ માંહોમાંહેના ટંટામાં નબળાં પડતાં જતાં હતાં અને ટોપીશાહી આંતરિક સંપ વડે સબળી બનતી જતી હતી. ક્રમેક્રમે સૂરતની રાજ્યખટપટમાં ટોપીશાહીએ માથું મારવા માંડ્યું. સને ૧૭૫૧માં પેશવાઇની મદદ વડે સૂરતની નવાબી કબજે લઇ લેવાનો યત્ન અંગ્રેજોએ કર્યો, પણ ન ફાવ્યા. પણ સને ૧૭૫૫માં નવાબ સફદરખાનના અરસામાં તેઓ વધુ જોરાવર બન્યા. નાવારસ અલીનવાઝ અને ફાટિસખાંની માંહોમાંહેની ફાટફૂટમાં, ફાટિસખાંએ અંગ્રેજોની મદદ માગી ને પોતે નવાબ થાય તો દર વરસે અંગ્રેજોને લશ્કર નભાવવા બે લાખ રૂપિયા ને કિલ્લો સોંપવા તેણે કબૂલ્યું.



ઈ. ૧૮૮૦ના મે માસની પંદરમી તારીખે કંપનીએ સૂરતને પોતાની હકૂમત તળે લીધું અને પોતાની તરફથી નવાબ નસીરૂદ્દીનને નામનો ગાદીએ બેસાડ્યો. ત્યારથી કિલ્લા પર બે વાવટા ઊડવા લાગ્યા: એક અંગ્રેજી, બીજો નવાબી.
(બ્લૉક: 'મુસ્લિમ ગુજરાત'ના સૌજન્યથી)

સૂરતની કોઠીના વડા મિ. સ્પેન્સરની કુનેહથી મુંબાઈના ગવર્નરે પેશવા સાથે કરાર કરી મંજૂરી આપ્યા પછી અઠવાની લડાઈ થઇ, પાંચ છ દિવસ ઝપાઝપી ચાલી ને સૂરતનો કિલ્લો અંગ્રેજોના કબજામાં આવ્યો સને ૧૭૫૮ના માર્ચ મહિનાની ચોથી તારીખે ! તે વેળા સૂરતની વસતી હતી દશ લાખની. ૨૦,૦૦૦ કુટુંબો તો ફક્ત પારસીનાં જ હતાં !

કિલ્લો અંગ્રેજના કબજામાં ને તેમણે બે લાખનું સાલિયાણું લેવાનું, પણ આણ તો નવાબીની, ને વાવટો પણ તેનો જ, લાલ. પણ નવાબી કારભારો સાવ નમાલા ને નિષ્ફળ નિવડ્યા ! વારંવાર હુલ્લડ-તોફાનો થતાં અને કાચા કાનના રોગિષ્ટ નવાબો કાબૂ ન રાખી શકતા. અંગ્રેજોનું લેણું ભરાતું નહિ. મોટી રકમ ચઢી જતાં અંગ્રેજ કંપનીએ સને ૧૭૬૭માં નવાબને સખત ચેતવણી આપી. કંઇ ન વળ્યું. આખરે સને ૧૮૦૦ના મે મહિનાની પંદરમી તારીખે કંપનીએ સૂરતને પોતાની હકૂમત તળે લીધું ને પોતાની તરફથી નવાબ નસીરૂદ્દીનને નામનો ગાદીએ બેસાડ્યો. કિલ્લા પર બે વાવટા ઊડવા લાગ્યા—એક અંગ્રેજી, બીજો નવાબી. આમ સૂરતના આ કિલ્લા પર અંગ્રેજી તંત્ર પાકી સત્તા સાથે સને ૧૮૦૦માં બેઠું ને તે આજે ય ત્યાંથી જ સૂરત જીલ્લા પર રાજ ચલાવે છે !

અવનવા, રંગબેરંગી, આછાઘેરા ઇતિહાસના વારાફેરાના સાક્ષીરૂપ ઓ કિલ્લા ! તેં કેવાંકેવાં દશ્યો તે પછી પણ ભાળ્યાં છે ! તારે પડખે વહેતી તાપી નદીને કેટલી ય વાર તેં ઊછળતી, ઊભરાતી ને ગાંડી બનતી ભાળી છે ! સને ૧૮૧૨માં તે ઊછળી ને ઊભરાઈ સને ૧૮૨૨માં તેને ય ટપી જાય તેવી રેલ તેં નિહાળી. રેલમાતાના ભોગ બનીને તણાતાં મુડદાં તેં જોયાં, તૂટીને તણાઈ જતો કોટ પણ તેં જોયો. સને ૧૮૩૫માં ને સને ૧૮૩૭માં ય તેં શેરીઓમાં હોડીઓ તરતી જોઈ—ને લોકજીભે ગવાયું—

[સંગીત]

પાણી આવ્યાં લશ્કર કોટ,
રાજા ઓવારે નહિ ખોટ.
ગુજરી ઓવારે થઈ દોટ,
પાણી છલ્લાછલ:
પાણી છલ્લાછલ.

ઘાસ્તીપુરામાં ભરાયાં,
ત્યાંથી લોકો તો છરાયા,
નાસે જાન ડરે ગભરાયાં,
બાંધી બચકાંને:
બાંધી બચકાંને.

ડૂબી વરીઆવી ભાગોળ,
સૈયદપુરામાં ગઇ છોળ,
એમ બતાવ્યો છે ડોળ,
ચારે દિશામાં:
ચારે દિશામાં.

ગામ કતાર સુધી ગઈ,
નાનપુરે ઊભી રહી,
લેનમાં પણ ધસી ગઇ,
કોણ અટકાવે ?
કોણ અટકાવે ?

ને જાણે એ રેલનું સાટું વાળવા સને ૧૮૩૭માં જે હુમલો સૂરત પર અગ્નિદેવે કર્યો, તેના ભડભડતા ભડકા, સાતમે આસમાને પહોંચતા તેના લબકારા પણ, ઓ કિલ્લા, તેં શાંત ચિત્તે નિહાળ્યા. ૬૦૦૦ મકાનોને બાળનારી, ૫૦૦ માનવો ને અસંખ્ય ઢોરોને રાખ કરનારી, કરોડ રૂપિયાની મિલકતને સ્વાહા કરનારી એ આગના ભડકા તેં તો ભાળ્યા—ને કોણે ન ભાળ્યા ?

કોઇ નમાણી સુરતાણીને હૈયેથી એ પર એક ખાંયણું ય ટપકી પડ્યું:

[સંગીત]

સૂરત બળ્યું ને
મુંબાઇમાં થયા ભડકા
વલસાડ પડ્યા તડકા
લીલાપીળા રંગના !

ને નિર્મળદાસ બાવાએ લખેલી લાવણીના લલકારા પણ તારી વિરાટ દીવાલોએ અથડાયા—

[સંગીત] સૂરત થી સોને કી મૂરત
કુન પર ફંડે ફિરતારે,
નિર્મળ નગ્ર કિયા ભસ્મ જલાકર
સારા શહેર પ્રલયકારે.
એકાએક હુવા અચંબા
કુલ આલમથી ગફલતમેં,
નામ દીનશા શેઠ લગી
પિછવાડે પડોશી કે ઘરમેં.
વાંહસે જ્વાલા કોપી ચલી જ્યું
ઊડી લહેર જલસાગરમેં
કાગ઼ી સક્કરકુ ખા ગઇ
ઔર જા પહુંચી સાહુકારોમેં
ધુંવાધાર અંધિયાર ઉજાલા
જા પહુંચા અસમાનોમેં,
જૈસી હનુમાન કરે ગર્જના
ગૂંજ રહા ગઢ લંકામેં.
ઐસા તમાસા નજર દેખા
કોઇ મત કરી અહંકારે,
નિર્મલ નગ્ર કિયા ભસ્મ જલાકર
સારા શહેર પ્રલયકારે.

ને આખી લાવણી તો ક્યાં ગાઇએ, પણ—

[સંગીત] સંવત ત્રાણુ સાલ બતાવે
નવસો કે ભીતર બીતી,
ચૈત્ર માસ સોમવાર ચોથકે
ચાર ઘડી દિન સે બીતી;
જૈસી દેખી ઐસી બનાઈ
ઉપજ નીપજ નવ કહી જાતી,
કથા કહું તો જુગ બહ જાવે
તેના ભર આવે છાતી !

સૂત્રધારઃ અંગ્રેજી ને નવાબી બબ્બે વાવટા ફરકાવતા કિલ્લાએ આવાંઆવાં કારમાં દૃશ્ય ભાળ્યાં. ને છેવટે ભાળ્યો, નવાબીનો અસ્ત. સને ૧૮૪૨ના ઑગસ્ટ માસની ૮મી તારીખે સૂરતનો છેલ્લો નવાબ મીર અફઝુલુદ્દીન નાવારસ મરણ પામ્યો. સૂરતની નવાબીનો અસ્ત થયો. કિલ્લાની કોઠી પરથી નવાબી વાવટો ઊતરી ગયો ને એકલો યૂનિયન જૅક ફરકવા લાગ્યો—આજે ય ફરકે છે !

પણ તેં તો, ઓ યોગીસ્વરૂપ કિલ્લા, તેં તો તે પછી ય ઘણા ઘણા હુલ્લડો જોયા, આગો જોઈ, રેલો ન્યાળી, પડખે બંધાતો પૂલ જોયો, ને છેવટ સને ૧૯૩૮માં નાવ મછેરીને ય બ્યાસી મોંઘેરા સૂરતી પ્રાણ સાથે ડૂબતી જોઇ. શાંત ચિત્તે તેં એ સૌકંઈ જોયું, ને કંઈકંઈ હજુ ય જોશે, ને પંડિત નવલરામની પેઠે તું ય આ લીલીસૂકી જોતો ગણગણતો હશે કે—

[સંગીતઃ] ઇતિહાસની આરસી સાહી મેં જોયું ગાહીં
થીરથાવર કાંઈ ન દીઠું ફરતી છે છાંહી
ફરતી છે છાંહી !. . . . . . .

નટવર વીમાવાળા

બાપા-બાબુ, આજે પરીક્ષામાં કેટલા દાખલા ખરા પડ્યા?
બાબુ-બધા, બાપા.
બાપા-ત્યારે તો આ વખતે તું ઊંચે નંબરે પાસ થઇશ.
બાબુ-કોણ જાણે; છેલ્લા દાખલાની 'કૉપી' કરતાં જ પકડાઇ ગયો.

ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

પહેલું ઈનામઃ મોકૂફ; બીજું ઈનામઃ 'શ્રમજીવીની સવાર'–ચીનુભાઈ પટેલ (અમદાવાદ); ત્રીજું ઈનામઃ 'મારવાડી વણિક'–ચંદુભાઈ ભટ્ટ (અમદાવાદ); નોંધપાત્રઃ (૧) 'સીમ ભાગી'–ચીમન મેવાડા (કલોલ); (૨) 'યુદ્ધવાચન'-ચન્દ્રકાન્ત પટેલ (અમદાવાદ); (૩) 'જીવનતૃષ્ણા'–ગંગારામ પ્રજાપતિ (અમદાવાદ); (૪) 'સૂર્યપ્રકાશિત શેરી'–મઝહર માસ્તર (પાલણપુર).

આ મહિને હરીફાઈમાં આવેલાં ચિત્રોની સંખ્યા જૂજ હોવા છતાં તેમાંનાં થોડાં ચિત્રો ગુણદૃષ્ટિએ સારાં નીકળ્યાં છે. બીજું ઈનામ જીતનાર ભાઇ ચીનુભાઈ પટેલના ચિત્ર 'શ્રમજીવીની સવાર'માં કોઇ ખરેખરો શ્રમજીવી વૃદ્ધ તકલી પર ઊન કાંતી રહ્યો છે. ઝૂંપડી બહાર, ખડખડપાંચમ છાપરા તળે કોમળસૂર્યપ્રકાશમાં તે કાંતતાંકાંતતાં વચમાં હુક્કાની બે ફૂંક લઈ લેતો હશે એવું સ્પષ્ટ વાતાવરણ રજૂ થાય છે. વિષય મૌલિક છે, પરંતુ ચિત્રની રજૂઆત કાંઈક નબળી છે. પાત્રની બેઠક કઢંગી છે અને કૅમેરાનો દૃષ્ટિકોણ યોગ્ય નહિ હોવાને કારણે પાત્ર બૅકગ્રાઉન્ડથી છૂટું તરી આવતું નથી. ચિત્રનું નામ પણ વારંવાર વપરાએલું હોવાથી મનમાં વિશેષ કે નવીન ભાવ જગાવતું નથી. ચિત્રની કાલ્પનિક રચનાથી માંડીને નામાભિધાન સુધીના ચિત્રના અંગ વિષે હરીફે પૂરતો વિચાર કરવો ઘટે. ચિત્રનો ક્રિયાભાગ ઠીક છે.

ત્રીજું ઈનામ મેળવનાર ભાઇ ચંદુભાઇ ભટ્ટના 'મારવાડી વણિક' ચિત્રમાં મારવાડી જાતિની લાક્ષણિકતા પોર્ટ્રેટમાં દેખાતો નથી. કૅમેરાનું ભાન (camera consciousness) થવાથી પાત્રે પોતાની સાહજિકતા ગુમાવી છે. ફોકસિંગ ને તેજછાયા ચિત્રને અનુકૂળ છે.

ચિત્રમાં જ્યારે ધ્યાન દોરે તેવી બે વસ્તુઓ ભેગી થાય છે ત્યારે જોનાર તેમાંથી એકેનો પૂરો આસ્વાદ લઈ શકતો નથી ને અસ્થિરતા અનુભવે છે. ભાઈ ચીમન મેવાડાના 'સીમ ભાગી' ચિત્રમાં આકર્ષક વાદળાંનું જૂથ ને સાથે બકરાંનું ટોળું બંને, ચિત્રવિષયની દૃષ્ટિએ પરસ્પર સ્પર્ધા કરે છે. બેમાંથી એકને જ મુખ્ય લક્ષ્ય બનાવ્યું હોત તો ઉચિત થાત. ચિત્રને ઉપરથી ત્રણ ઇંચ કાપી અરધો ઈંચ જગ્યા નીચે ઉમેરી શકાય તો રચના સુધરે અને બકરાં ચિત્રવિષય બને. બકરાંને વધારે દૂર જવા દઈ આ જ સ્થળેથી ચિત્ર લેવાયું હોત તો ટોળાંનું કદ નાનું થાત અને આખો વિષય દૃશ્યચિત્ર Landscape માં ફેરવાઈ જાત. ફોટોગ્રાફીની ટેકનીક મોળી છે. નેગેટિવની પારદર્શકતા ઓછી હોય એમ જણાય છે ને તેને અનુકૂળ પેપર પર પ્રિન્ટ ઉતાર્યો નથી.

ભાઈ ચન્દ્રકાન્ત પટેલના 'યુદ્ધવાચન'નો વિષય મૌલિક છે, પરંતુ રજૂઆત અસરકારક ને કલામય નથી. 'જીવનતૃષ્ણા' ટેબલટૉપ ફોટોગ્રાફીનો અખતરો હોય તો એ અખતરો સફળ ગણાય, પણ વિષયની રચના બહુ જ વિચિત્ર કહેવાય. ભાવનાની એકતા આણવાનો ઉદ્દેશ ચિત્રમાં ગોઠવણના અભાવે સર્યો નથી. ડાબી તરફનું પક્ષી ન લેવાયું હોત તો જ સારૂં હતું. ભાઇ મઝહર માસ્તરના 'સૂર્યપ્રકાશિત શેરી'માં લાંબા પડછાયા આકારની વિવિધતા આણે છે ને ચિત્રમાં એક પ્રકારની રસપ્રદ ડિઝાઇન ઉપજે છે. નાના ભાઇને તેડીને આવતો છોકરો અન્યથા નિર્જીવ શેરીને સજીવ બનાવે છે, પરંતુ ચિત્રનો વિસ્તાર જોતાં તેમાં તેનું સ્થાન અનુચિત છે. જમણી તરફની બારીના પગથિયા પર તેને બેસાડીને સ્નૅપ લીધો હોત તો ચિત્ર વધારે આકર્ષક બનત.

બલવન્ત ભટ્ટ

મચો ગોર જ્યારે રૂઠચો. . .

'નારાયણ હરિઇઇ. . . . . .'

મયા ગોરના છોકરા કુઈણાએ તાંબડી ઝુલાવતાં ટહેલ નાખી.

હું ઓશરીમાં બેઠોબેઠો કૉપીબુક ઘૂંટતો હતો. આગલે દિવસે પડોશનાં છોકરાંઓએ તોફાન કરતાંકરતાં મારો હાથ હલાવી દીધો હતો એટલે શાહી રેલાઈ જવાથી છેકછાક થઈ ગઈ હતી. પરિણામે વર્ગમાં માસ્તરે છેલ્લી પાટલી ઉપર ઊભો રાખેલો. આજે લગભગ આખું યે પાનું એકપણ ડાઘડુઘ વગર એક જ બેઠકે ઘૂંટી નાખ્યું હતું અને હવે 'સત્યનો સદા જય છે' એ વાક્ય ના 'છે'ની ઉપરની માત્રા જ બાકી રહી હતી.

બાવા–બ્રાહ્મણને લોટ વગેરે આપવાની અને એવી બીજી નાની-નાની ફરજો ઘરમાં મારે માથે નાખવામાં આવી હતી. હવે 'છે'ની ફક્ત અર્ધી જ માત્રા બાકી રહી હતી; અને લોટ આપવા ઊભો થવા જાઉં ને ફરી પાછો બેસું એમાં સહેજ હલનચલનથી છેકો પડી જાય તો ફરીઆખા પાનાની મહેનત મારી જાય એ બીકથી મેં મહારાજને કહ્યું: 'મહારાજ, હાથ નવરા નથી.'

'છે' પૂરો કરીને ઊંચે જોવા જાઉં છું ત્યાં તો અંદરના ઓરડામાંથી મોટીબા બાજરનો સડાકો ખેંચતાં બહાર આવ્યાં ને મને ઊધડો લીધો:

'એલા, ગામ આખામાં તું એકલો જ ભાણીભણીને ઢગલો કરી દેતો લાગ છ! બચાડા બ્રામણના છોકરાને ચપટી લોટની ય ના પાડ છ?'

અને પછી ચાળા પાડીને બોલ્યાં: 'હાથ નવરા નથી! લ્યો, ભાઈ બોલ્યા! જો મોટા કામઢા ન જોયા હોય તો!'

પછી કુઈણો (શ્રીમાન કરુણાશંકર) શેરીમાં જતો હતો તેને બોલાવ્યો: 'એલા કુઇણા, લે, લેતો જા લોટ, બાપુ! અમારે આ તો મોટા ભણેશરી થયો છે તી કોણ જાણે શું કમાઇને માવ થઇ જાશે!'

કરુણાશંકર લોટ લઇને ચાલતો થયા પછી મોટી બા મને શિખામણના બે બોલ કહેવા બેઠાં: 'જો, બ્રાહ્મણના છોકરાને કોઇ દિ' પાછો ન વાળીએ, સમજ્યો? એને રીઝવ્યા જ સારા; ખીજવ્યા ભૂંડા. ઇ તો ભગવાનનો પાડ માન્યની, કે આ કુઇણો હતો; એનો બાપ મયો ગોર મરી ગયો એને લોટની ના પાડી હોત તો ખબર પડત!'

'કેમ? ખબર વળી શું પડત?' મેં પૂછ્યું.

મોટીબાએ જોરથી બાજરનો સડાકો ખેંચી લીધો ને પછી બોલ્યાં: 'ઇ મયા મેતાની વાત તો તેં ક્યાંથી સાંભળી હોય? તારો તો તંયે જલમે ય નઇ. તારો બાપ પણ તંયે તારા જેવડો લાગતો'તો.'

'શું વાત હતી?'

'અરે, મયો ગોર તો ભારે જોરાવર હતો; ભલભલાને પાવળે પાણી પાય એવો.'

'હં'. મેં વાર્તા સાંભળતી વખતનો હુંકારો ભણ્યો.

'તી ઓલા કણબીવાડામાં રે'તો ઈ ખીમો આહીરો મરી ગ્યો ને, ઈ નવી બાયડી ઘરથી આવ્યો'તો. અમે સૌ એને નવી વહુ, નવી વહુ કહીને જ બોલાવતા. નવી વહુનો જીવ સાવ આટલો જ. મયો ગોર 'નારાણ હરિઇઇ' કરીને આવે તંયે મરતાંગરતાં દાણા આપે. ખીમા પટેલની જૂની વહુ બહુ સારી. ગયાનાં છોકરાંવને ઊભાં ધરવે. પોંખ ટાણે પોંખ આપે, કોઠીંબડાં વાળ્યાં હોય તંયે સુકવણી સારુ કોઠીંબડાં આપી જાય, વાડ ફરતો હોય તંયે છોકરાંવને શેરડી ખાવા લઇ જાય, ને માથેથી ઊનોઊનો ગોળ ઘેર મોકલે. પણ આ નવીએ બધું ય બંધ કરી દીધું. મયો ગોર બચાડો સવારમાં ખડિયો લઇને આવે, તંયે



નવી ન હોય ત્યાંથી કાંક ને કાંક કામ આદરીને બેસે. કહેશે, કે ગોર બાપા, હાથ છાણવાળા છે; કાં કહેશે, ગોર બાપા, આજ તો ઘરમાં અડાય એમ નથી; કાં કહેશે ગોર બાપા, આજ તો કોઠીમાંથી દાણા કાઢવા જ રહી ગયા છે. બચ્ચાડો મયો તો 'ઠીક' કહીને પાછો હાલ્યો જાય એટલે નવી વહુ વાંસે પડોશણો હારે ઠીઠિયાઠોરી કરે.

'તે નવી વહુ કોઈ દિ' દાણા આપતી જ નહિ?' મેં વચ્ચે પૂછ્યું.

'સાવ ન આપે એમ નહિ; પણ મન વગરનું આપે એમાં શું વળે? જૂની વહુ સૂપડે ભરીને આપતી, ત્યાં નવી ખોબો ભરીને આપે; એમાં બચાડા મયાનું ને સાતઆઠ છોકરાંવનું કેમ પૂરું થાય? એક દિ' મયો આવ્યો ને નારાણ હરિઈ કરીને ઊભો, ત્યાં નવી કહે ગોરબાપા, હમણાં જ આ છોકરાને ધવરાવવા બેસી ગઈ છું, ને ઊભી થાઈશ તો વળી ધાવણ મૂકી દેશે. મયો તો હાલતો થયો. વાંસેથી નવી, પડોશણ હારે બોલી: 'મારાં સાળાં ભાગઠાં! ભિખારાં!' મયાને કાને આ વેણ ડેલી બહાર નીકળતાં પડી ગ્યાં. તંયે તો કડવો ઘૂંટડો કરીને ગળે ઉતારી ગ્યો ને કાંઈ બોલ્યો નહિ. પણ ઘેર જઇને નક્કી કર્યું કે જો હું ખરો બ્રાહ્મણ હોઉં તો એકવાર નવીનું અભિમાન ઉતારું. ઈ કણબણ ઊઠીને મને ભિખારી કહી જાય? જે ખોબો દાણા નથી આપતી એને જ હાથે બે મણ દાણા લઉં તો આ જનોઈ પહેરી પરમાણ.

થોડાક દિ' થ્યા એટલે મયો ઘેરેથી નીકળ્યો. પહેલાં પાદરથી

વાવ કોર જઇને જોઈ આવ્યો કે નવી કેવે ટાણે પાણી ભરવા આવે છે. હું, ને નવી બેડું લઇને આવતી દેખાણી, એટલે મયો આપણે પછવાડે થઈને એને ઘેર પહોંચ્યો. ઓશરીમાં છોકરાને ઘોડિયામાં સુવરાવીને નવી પાણી ગઇ'તી. બીજું કોઈ હતું નહિ. ખીમો પટેલ તો ખેતરે ગ્યો'તો. પાડોશણને ઘેરથી દાણા લઇને મયો નવીની ઓશરીમાં ગ્યો, ને છોકરો ઘોડિયામાં ઊંઘતો હતો ત્યાં જઇને ઝટપટ પોતાનું કામ કરી લીધું ને રસ્તે પડ્યો. જતાંજતાં ફળિયામાં ઘંટીનું એક પડ પડ્યું હતું એને પાણા હારે પછાડીને બે કટકા કરતો ગ્યો.

તરત છોકરો રોવા મંડ્યો. પાડોશણે આવીને હીંચકો નાખ્યો. પણ છાનો ન રીયો. ત્યાં તો નવી પાણી ભરીને આવી ને છોકરાને ધવરાવ્યો. પણ એમએમ તો છોકરો વધુ ને વધુ રોવા મંડ્યો. પાછો ઘોડિયે ઘાલ્યો ને હીંચકાવ્યો, પણ છાનો રે'વાને બદલે કાળા બોકાસાં દીએ ! સૌનાં પેટમાં ફાળ પડી કે આ છોકરાને થયું શું? કેમે ય કર્યો છાનો જ ન રહે ! વળી પાછો ઘોડિયામાંથી કાઢીને ધવરાવ્યો, પણ ઉલટાનો વધુ ને વધુ રાડ્યો પાડે. નવી તો કહે, હાય હાય ! હજી તો હમણાં સુવરાવીને પાણી જાઉં છું, ને એટલી વારમાં આ શું થઈ ગ્યું ? કોકે કીધું કે પેટમાં ચૂંક આવતી હશે. તરત કાંકચિયો ઘસીને પાયો ને માથે અજમાની ફાકડી ભરાવી. પણ કાંઈ હોય તો મટે ને? સાવ સાજો સારો, ને કાળાં બોકાસાં દીએ! માણસ મોકલીને ખીમા પટેલને ખેતરેથી તેડાવ્યા. એણે કીધું કે છોકરાને વા હશે. તરત વા ગંતરવાવાળા પાસે જઇને વાનો દોરો ગંતરાવ્યો ને પગે બાંધ્યો. પણ કાંઇ ફેર જ ન પડે ને! ઈ તો સાંભળ્યા ન જાય એવા બોકાસાં પાડ્યે જ જાય! સૌ કીયે કે આ કોઈતક કોને કે'વું? છોકરો આમ તો રોઇરોઇને જ અરધો થઈ જાશે. ત્યાં તો મયાના ભાઇનો છોકરો ગીધિયો લોટ માગવા નીકળ્યો. એણે કીધું કે છોકરો કોકની ઝપટમાં આવી ગ્યો લાગે છે. તરત સૌએ કીધું કે હા, બસ ઈ જ છે; બીજું કાંઈ નહિ. ઝપટમાં જ આવી ગ્યો છે. નઇંતર કાંઈ આમ તી રૂવે ? પણ હવે કરવું શું ? ઝપટ કોણ ઉતારે ? સૌ કહે બોલાવો મયા ગોરને. રાંદલનો ઘોડો ખૂંદે છે, તી ઉતારી દેશે. ખીમો પટેલ ઘોડતા મયા ગોરને ઘેરે ગ્યા. મયો તો બેઠોબેઠો સીંજા (સંધ્યા) કરતો'તો. ખીમો પટેલ કે', ગોરબાપા, જરાક હાલોની, મારો છોકરો કોકની ઝપટમાં આવી ગ્યો છે તી ઉતારી દીઓની ! મયો કે' હું તી કાંઈ નવરો છું, તી ગામ આખાની ઝપટું ઉતારૂં ? ખીમો પટેલ કે' અરે માબાપ, આમ કાં બોલો ? તમે તો ભલભલાં ઝોડવળગાડ કાઢીને કંઇકને નવા જલમ દીધા છે. તમારી વઈદા (વિદ્યા)ને આશરે તો અમ જેવા જીવે છે ! નીકર આવા ભૂતપલીતના ગામમાં રહી કેમ શકાય ? મયો કે' તે અમારે શાસ્તર-અભ્યાસ કોરે મૂકીને આખો દિવસ તમારાં ભૂતડાં જ કાઢ્યા કરવાં એમ ને ? ખીમા પટેલે પાઘડી ઉતારી: અરે માબાપ, તમને સંધાંય સાસ્તર જીભને ટેરવે છે. અમ જેવા અભણનું આટલું કામ કરી દીઓની ! છોકરો બચાડો કાળા બોકાસાં દીએ છે ઇ સાંભળ્યાં નથી જાતાં. એને મૂંગા જીવને કાંઈ બોલવું છે કે શું થાય છે ? વળી ખીમો પટેલ હાથેપગે લાગ્યો: એ ગોરબાપા, છોકરાનું જીવતર તમારા હાથમાં છે. કાં મારો ને કાં ઉગારો.' ત્યાં તો નવી વહુ હાંફળીફાંફળી આવી પૂગી. વાંહે ગામનાં છોકરાંવની ઘસત આવી. નવી લાજ કાઢીને કે' હવે તો વધુ ને વધુ રૂવે છે, ને હીબકાં તો જો ભરે! પણ મયો તો માને જ નહિ ને! ઇ તો કે' હું નવરો જ નથી! નવી સાડલો પાથરીને મયાને પગે લાગી. કે' એ ગોર બાપા, મારો રાભડા જેવો છોકરો નંદવાઇ જાશે. પછી તો સૌએ કીધું: મયા બાપા, જાવની, બચારાની ઝપટ ઉતારી દીઓની! અંતે માંડમાંડ મયો ઊઠ્યો ને ખીમા પટેલને ઘેરે ગ્યો. ઓશરીમાં જઇને કે' અડદના સાત દાણા લાવો. નવીએ અડદના દાણા આપ્યા એટલે ચીંથરી વાળીને મંતર બોલતાંબોલતાં છોકરા ઉપરથી ઉતારવા મંડ્યો. ઉતારીને ચીંથરીનો ઘા ફળીમાં પડેલા ઘંટીના પડ ઉપર કર્યો. પછી પડ પાસે જઇને કે' છોકરા ઉપર કોકે મૂઠ નાખી છે. જુઓ તો ખરા! પડમાં તરડ કેવડી પડી ગઈ છે! બે કટકા થઇ ગ્યા છે! સૌના પેટમાં ધ્રાસ્કો પડ્યો. સાચે જ પડના બે કટકા થઈ ગ્યા'તા! મયો કે' નાખનારે બહુ ભારે મૂઠ નાખી છે. ઘંટીના પડ ઉપર દાણા ફેંક્યા તો પડ ભાંગી ગ્યું! આવી મૂઠ તો મેં મારા જલમ ભરમાં નથી જોઇ! નવી તો સાંભળીને ધ્રૂસકેધ્રૂસકે રોવા જ મંડી. ડેલીમાં માણસ તો માયું ન જાય. સૌ, મૂઠ કોણે નાખી હશે એની વાતું કરવા મંડ્યાં. કોકે કીધું કે વાદી સરપ લઇને આવ્યો'તો ઈ મૂઠ નાખતો ગ્યો. બીજાંએ કીધું કે કોક સુટકો કરી ગ્યું છે. નવી તો રાતે પાણીએ રોતી'તી. ખીમો પટેલ મયા ગોરને કે' ભાઇશાબ કેમેય કરીને મૂઠ ઉતારો ! મયો કે' આવી જોરદાર મૂઠ ઉતારીને મારે મરી નથી જાવું. વાંસે છોકરાંવ રખડી મરે. ખીમો પટેલે ય રોવા મંડ્યાં. સૌ મયાને કહેવા મંડ્યા કે બચાડાની મૂઠ ઉતારી દીઓ. બ્રામણ થઇને બાળહત્યાનું પાપ લાગશે. ત્યાં મયાના ભત્રીજા ગીધિયાએ ખીમા પટેલને કીધું કે બે મણ દાણા આપો તો મયાકાકા મૂઠ ઉતારે. નવી રોતાંરોતાં બે હાથ જોડીને કે' (અહીં મોટી બાએ પણ બે હાથ જોડ્યા) ભાઈશાબ, બે મણને બદલે ત્રણ મણ દાણા આપશું, જો મારો છોકરો સાજો થાતો હોય તો. તો તો તમારા જેવો ભગવાને ય નહિ. આવતે ભવ તમારે ઘેર બળધ થઇને અવતરશું. ભવોભવ તમારાં ઓશીંગણ રહીશું. પછી મયો કે' 'આ છોકરાની મને દયા આવે છે એટલે મૂઠ ઉતારૂં છું. નીકર તો આમાં જીવનું જોખમ છે, જો મૂઠ મારા ઉપર પડી જાય તો. ખીમો પટેલ કે' અરે ગોરદેવતા, ઈ શું બોલ્યા. તમારી વદ્યા આગળ તો ભલભલાં ભૂતડાં પાણી ભરે. છોકરાને સાજો કરી દીઓ તો અમારાં ચામડાં ઊતરડીને તમારાં પગરખાં શીવડાવીએ તો ય ઓછું છે. પછી મયો કે' ઠીક, તંયે એક બૂંગણ લાવો. નવીએ તો ઝટઝટ ઊઠીને પટારામાંથી નવું કડકડતું બૂંગણ કાઢી દીધું. મયાએ છોકરાને ઘોડિયામાંથી કાઢી કાંખમાં તેડી લીધો ને પછી કે' હવે મારી માથે ફરતું આ બૂંગણ ઢાંકી દીઓ. જે ચાર જણા ઊઠ્યા ને...તી મયાને ને છોકરાને બેયને બૂંગણ ઢાંકી દીધું. અંદર મયાએ ધૂણવા માંડ્યું. એના હાકોટા તો આંહીં આપણા ઘર સુધી સંભળાતા'તા. થોડીકવાર ધૂણ્યો ત્યાં તો છોકરો છાનો રહી ગ્યો......'

અહીં મેં મોટીબાને આતુરતાથી પૂછ્યું: 'પણ કેવી રીતે?'

મોટીબા કહે: 'નવી પાણી ગઈ તંયે વાંહેથી મયાએ આવીને છોકરાની પૂંઠ વચ્ચે એક ઝીણું કાંટાળુ ગોખરૂ ભરાવી મૂક્યું'તું એટલે રોયા કરતો'તો; ઇ બૂંગણ ઓઢીને કાઢી લીધું એટલે ટપ દેતોક ને છોકરો છાનો રહી ગ્યો.'

ચૂનીલાલ મડિયા

શિક્ષક—કનુ, તું કલાસમાં કાંઈક મિઠાઈ ખાતો લાગે છે! શું છે તારા મોઢામાં?

કનુ—સાહેબ, આ ચૉકલેટ એટલી બધી ચીકણી છે કે ગજવામાં ચોંટી જાય છે એટલે મેં મોઢામાં રાખી છે.

ડ્રૉઇંગ શિક્ષક—(ભૂલ સુધારતાં) મેં કદિ આવું વિચિત્ર ચિત્ર જોયું નથી. આ ચિત્રમાંના માણસનો ચહેરો વાંદરા જેવો લાગે છે.

છોકરો—પણ સાહેબ, તમારો એ સ્કેચ મેં ધ્યાનથી કરેલો.

તારાઓનો જીવનવૃત્તાંત



કોઈ રાજમાર્ગ પર એકાદ ફેડબાંગલા વામનને દસ ટનની લૉરીમાં એક રાક્ષસી બાળક ખેંચી જતું જુઓ તો જરૂર તમે જોવા ઊભા રહી જાઓ. આવી અનેક ઘટનાઓ ખગોળશાસ્ત્રીઓને પોતાનાં દૂરદર્શકોની મદદથી રોજ આકાશમાં જોવા મળતી હોવાથી તેઓ દૂરદર્શકોનો ઘડીભરનો વિયોગ સહન કરી શકતા નથી.

આકાશી તારકગણોમાં પણ તેઓ આ જ પ્રકારની એક વિચિત્રતા નીરખી રહ્યા છે. તેમની શોધને પરિણામે જણાયું છે કે તારાઓના વિકાસ અને ઉત્ક્રાંતિક્રમ પૃથ્વી પરનાં વૃક્ષો અને પ્રાણીઓના ક્રમ કરતાં તદ્દન વિરુદ્ધ જ દિશામાં થઈ રહેલ છે.

સહુ જાણે છે તેમ માનવ બાળકો બાલ્યાવસ્થામાંથી મોટાં થતાં જઇ યૌવન અને વૃદ્ધાવસ્થામાં પ્રવેશે છે. પરંતુ તારક શિશુઓનું તો વય જેમજેમ વધતું જાય છે તેમતેમ તેમનું કદ ઘટતું જાય છે! તેમના જન્મ પ્રસંગે તેમનું કદ રાક્ષસી હોય છે, પરંતુ મૃત્યુ સમયે તેઓ વામનસ્વરૂપ હોય છે!

આપણો સૂર્ય હજુ એ અંતિમ 'શિશુ અવસ્થા'એ પહોંચ્યો નથી. હજુ તે માત્ર યૌવનકાળમાં જ છે. તેણે એ 'શિશુઅવસ્થા' તરફ પગરણ જરૂર માંડી દીધાં છે અને કોઈક દિવસ એકાદ ભયંકર અકસ્માતનો ભોગ બનીને તે મરણોન્મુખ વામન તારો બની જશે. પણ એ કાળે આપણે પૃથ્વીવાસીઓ તેના અંતઃકાળના પ્રેક્ષક નહિ થઈ શકીએ; કારણ કે આપણે તો તેના પહેલાં જ એ માર્ગે ઊપડી ગયા હોઈશું.

દૂરદર્શકમાંથી તારાઓનો જન્મપ્રસંગ જોવાનો જો તમને કદી લાભ મળે, તો નિઃસીમ અવકાશમાં છાઇ રહેલ કોઈ નિરાકાર વાયુરૂપ પદાર્થમાંથી તેને જન્મ પામતો તમે નિહાળશો. મનુષ્યના આંતરગર્ભ વિકાસને દસ માસ લાગે છે, પરંતુ તારાઓનો આંતરગર્ભ વિકાસ તો લાખો અને કરોડો વર્ષે જ સંપૂર્ણતા પ્રાપ્ત કરે છે. આ વિકાસના સંપૂર્ણ દર્શન માટે એટલાં વર્ષો જીવવાની કાંઇ જરૂર નથી; કારણકે આ વિશાળ અવકાશમાં દૂરદર્શક દ્વારા એ વિકાસક્રમની જુદી જુદી સ્થિતિએ પહોંચેલા અનેક તારાઓ જોવા મળે છે, અને એ રીતે આખા ક્રમનો અભ્યાસ થઇ શકે છે.

આ શિશુરાક્ષસ તારાઓનો સૌથી વધુ પરિચિત દાખલો ૬ સારથી* (Epsilon Auriga)નો છે. કોઈ વખત તેને ભૂતિયો તારો (Ghost Star) પણ કહેવામાં આવે છે. તેનો વ્યાસ આપણા સૂર્યના વ્યાસ કરતાં ૩૦૦૦ ગણો છે. પરંતુ જે વાયુઓમાંથી તેનું ભૂતિયું શરીર ઘડાયું છે તે વાયુઓ આપણા વાતાવરણના વાયુઓ કરતાં લાખોગણા પાતળા છે. તેનો પ્રકાશ ઝાંખો છે; કારણ કે પાછળથી તેને સળગતો સૂર્ય બનાવનાર આંતર્ગત અગ્નિ હજુ સુષુપ્ત દશામાં છે અને પૂરેપૂરો વિકસ્યો નથી. તેની સપાટી પ્રમાણમાં ઠંડી છે—માત્ર ૧૦૦૦ સેન્ટીગ્રેડ. પરિણામે તેમાંથી કોઇ દશ્ય કિરણો નીકળતાં નથી.

જીવનના આદિકાળમાં રહેલો આ ૬ સારથી (Epsilon Auriga) એક પ્રકારનો મહારાક્ષસી તારો છે. તેને રક્તાસુર (red giant)નું ઉપનામ આપવું એ પણ તેને માટે નામોશીભર્યું છે, કારણકે રક્તાસુરો (red giants)ના નામે ઓળખાતા તારા આપણા સૂર્ય કરતાં માત્ર થોડા સેંકડા ગણા જ મોટા છે. રક્તાસુરની સ્થિતિ પામ્યા પછી જ તે તારાઓના 'શિશુકાળ'માં પ્રવેશે છે. રક્તાસુરમાં તારાનો પદાર્થ સંકોચાય છે; એથી તેનું ઉષ્ણતામાન વધતું જાય છે ને ધીમેધીમે એ વધારે ને વધારે રાતો પ્રકાશ આપે છે.

જ્યારે તારાકીય પદાર્થની ઘનતા પાણીની ઘનતા જેટલી થાય છે ત્યારે તારાનું મુખ્ય શક્તિઉત્પાદક યંત્ર પોતાનું કાર્ય શરૂ કરે છે ને તારો યૌવનકાળમાં પ્રવેશે છે. પણ દરેક તારાનો આ શક્તિઝરો અંતે ખૂટી જાય છે ને તેનું આખરી સંકોચન શરૂ થાય છે. તેની તેજસ્વિતા ઝડપથી ઘટતી જાય છે, તેનો વ્યાસ ઘટીને સૂર્યના વ્યાસના સોમા ભાગ જેટલો થઈ જાય છે. કદ નાનું છતાં પિંડ (mass)નું પ્રમાણ ઘટ્યું ન હોવાથી તેની ઘનતા પાણીની ઘનતા કરતાં લગભગ બે લાખ ગણી થઇ જાય છે. આ પદાર્થના એક ઘનફુટનું વજન ૬૨૫૦ ટન જેટલું થાય છે—લગભગ એક દરિયાઇ જહાજ જેટલું. આ વૃદ્ધ અને અતિ ઘટ્ટ તારાઓની સપાટી શ્વેતતપ્ત (white hot) થઇ જાય છે, પરંતુ તેમનું કદ એકદમ નાનું હોઇ તેમનું સંપૂર્ણ અંશુપ્રસરણ (radiation) પ્રમાણમાં ઓછું હોય છે. આવા મરણોન્મુખ શ્વેતવામન (white dwarf) તારાઓનું શેષજીવન અલ્પ જ હોય છે વહેલે મોડે તેઓ ઠરીને ઠીકરું થઇ જાય છે અને આંતરતારક અવકાશમાં હેતુહીન ભટકતા શીતશ્યામ તારાની સ્થિતિ પામે છે. આ હીન સ્થિતિમાં ભટકતા તારાઓની સંખ્યા જાણી શકાતી નથી; કારણકે તેઓ પ્રકાશિત નથી.

વૃદ્ધાવસ્થાનો અંતમ સ્વીકાર્યા પહેલાં લાખો વર્ષો સુધી તારાઓ પોતાનો આંતરઅગ્નિ ચાલુ રાખી પ્રકાશિત રહે છે એ ખગોળવિજ્ઞાન માટે મહાન કોયડો છે. કોઈ પણ સામાન્ય દહન આટલા લાંબા સમય સુધી શક્તિ આપી શકે નહિ; કારણ કે સાદા ગણિતથી જાણી શકાય તેમ છે કે જો આપણો સૂર્ય માત્ર કોલસાનો જ બન્યો હોત અને પ્રાણવાયુના વાતાવરણમાં સળગતો રહ્યો હોત તોપણ માત્ર થોડા હજાર વર્ષો સુધી જ એ પ્રકાશિત રહી શક્યો હોત. ભૂસ્તરશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે સૂર્ય ૨,૦૦૦,૦૦૦,૦૦૦ વર્ષો થયાં પ્રકાશે છે. આનો અર્થ તો એ થયો કે આ ભેદી બળતણ રસાયણશાસ્ત્રનાં જાણીતાં બળતણો કરતાં દસ લાખ ગણું વધુ અસરકારક હોવું જોઇએ.

આ અદ્ભુત બળતણની શોધ માટે નૂતન રસવિદ્યા (new alchemy)—જેના વડે મનુષ્ય રાસાયણિક મૂળતત્ત્વોનું રૂપાંતર કરતાં શીખ્યો છે—તેનો આશ્રય લેવાની જરૂર પડે છે. આપણે હવે જાણીએ છીએ કે ભૂતકાળના રસવૈદ્યો (alchemists) તેમની શોધમાં નિષ્ફળ ગયા હતા, કારણ કે તેમના પ્રયોગો સિદ્ધ કરવા

* Epsilon એ ગ્રીક મૂળાક્ષરોનો પાંચમો અક્ષર છે. Auriga એટલે સારથી નક્ષત્ર. Epsilon Auriga એટલે સારથી નક્ષત્રનો પાંચમો તારો.—
સંપાદક.

માટે જરૂરી ઉષ્ણતામાન તેઓ પોતાની ભઠ્ઠીઓમાં ઉત્પન્ન કરી શકયા નહોતા. બીજી બાજુએ, આપણે એ પણ જાણીએ છીએ કે તારાની અંદરનું ઉષ્ણતામાન ૨૦,૦૦,૦૦૦ અંશ સેન્ટીગ્રેડ જેટલું હોય છે. આવા ઉચ્ચ ઉષ્ણતામાનમાં રસવૈદિક પ્રક્રિયા સહેલાઈથી શરૂ થાય છે. પરમાણુના કૃત્રિમ રૂપાંતર (artificial transmutation)નો નવો સિદ્ધાંત વાપરીને દસ વર્ષ પહેલાં બે યુવાન વૈજ્ઞાનિકો–ઍટકિન્સન અને હાઉટરમાન્સ–એ બતાવી આપ્યું છે કે તારાઓનાં ઉષ્ણતામાન આર્દ્રવાયુ અને બીજા હલકા તત્ત્વોના પરમાણુ વચ્ચે રસવૈદિક પ્રક્રિયાઓ (alchemic reactions) શરૂ કરવાને પૂરતાં છે. તેમણે સૂચવ્યું છે કે કોઈ હલકા તત્ત્વની મદદથી આર્દ્રવાયુના સૂર્યવાયુની અંદર થતા રૂપાંતરથી તારાઓ પોતાની શક્તિ મેળવે છે. આ પ્રક્રિયાઓમાંથી અનર્ગળ પરમાણુ–શક્તિ મુક્તિ પામે છે.

દસ વર્ષ પહેલાં પ્રયોગશાળામાં પરમાણુભંજનની કળા બાલ્યાવસ્થામાં હતી, એટલે આર્દ્રવાયુનું પાકીને સૂર્યવાયુમાં થતું રૂપાંતર કયા તત્ત્વ રૂપી વાસણમાં થાય છે એ ઍટકિન્સન અને હાઉટરમાન્સ નક્કી કરી શકયા નહોતા. પણ આજથી ત્રણ વર્ષ પહેલાં બે સ્વતંત્ર શોધકો દ્વારા આ પ્રશ્નનો જવાબ મળ્યો.


હવે સાબિત થઈ શકયું છે કે તારાઓના પરમાણુના ૧ ટકા જેટલા કાર્બનના પરમાણુઓ આ પ્રક્રિયા માટે જવાબદાર છે કાર્બન બીજ (nuclei) ઝડપથી દોડતા આર્દ્રવાયુના બીજ માટે જાળ તરીકે કાર્ય કરે છે અને તેમને એક પછી એક સપડાવે છે. જ્યારે આર્દ્રવાયુનાં ચાર બીજ ભેગાં થાય છે ત્યારે તેમને એકબીજાની સાથે બાંધી લેવામાં આવે છે. આ રીતે સૂર્યવાયુનું બીજ તૈયાર થાય છે. પછી તેને રજા આપવામાં આવે છે. આ બાદ નવાં લગ્નો કરવા માટે તે ફરી પ્રવૃત્ત થાય છે. આ પ્રક્રિયામાં આર્દ્રવાયુ બળતણ તરીકે કામ કરે છે. સૂર્યવાયુ તો અગ્નિની રાખ માત્ર જ છે અને હોલિકાની જેમ અલિપ્ત જ રહે છે.

સૂર્ય અને બીજા મોટા ભાગના તારાઓમાં ૩૫ ટકા પદાર્થ આર્દ્રવાયુ હોવાથી બધો આર્દ્રવાયુ પાકીને સૂર્યવાયુમાં રૂપાંતર ન પામે ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલ્યા કરે છે. સૂર્ય માટે એમ ગણી કાઢવામાં આવ્યું છે કે આ પ્રક્રિયા ૧૦,૦૦૦,૦૦૦,૦૦૦(દસ અબજ) વર્ષ સુધી ચાલશે;—એટલેકે લાંબા વખત સુધી આપણને સૂર્યના પ્રકાશનો લાભ મળ્યા કરશે.

સૂર્ય કરતાં ખૂબ જ વધારે પ્રકાશિત તારાઓના આર્દ્રવાયુનો નાશ થોડાંક લાખ વર્ષોમાં થઇ જાય, અને તારકવસ્તીના પ્રતિનિધિ સમા ઝાંખા તારાઓ હજારો નિખર્વ વર્ષો સુધી ટકી રહે. પરંતુ દરેક બાબતમાં અંતે દરેક તારો વૃદ્ધ અને અશક્ત શ્વેત વામન થવાનો જ.

કોઈક વખત તારાના જીવનમાં મહાન અકસ્માતો થાય છે. એક રાતમાં જ તારાની પ્રકાશિતા મહાન ઉલ્કાપાતની માફક લાખો અને નિખર્વો ગણી વધી જાય છે. આ ઉલ્કાપાતો એટલા તો પ્રચંડ હોય છે કે આ વાયુના મહાન જથ્થાઓ અવકાશમાં ઊડી પડે છે. આ પ્રસ્ફોટનો એટલાં તો દૂરસુદૂર બને છે કે માત્ર દૂરદર્શકોની મદદથી જ એ જોઇ શકાય છે. આપણો સૂર્ય પણ આવી નવીનતા કોઈ વાર કરી બેસે. જોકે તેનો સંભવ ઘણો જ ઓછો છે.

થોડા વખત પહેલાં રશિયન વૈજ્ઞાનિક ગૅમાઉએ તેના બ્રાઝિલી મિત્ર શોઆનબર્ગની મદદથી એક એવો સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો હતો કે પરમાણુક પદાર્થવિજ્ઞાનના અદૃશ્ય અને ભેદી કણો (neutrino) આ ઉલ્કાપાતમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વિદ્યુદણુઓના ઉત્સર્ગ કે શોષણને લગતી ઘણી પ્રક્રિયાઓમાં શક્તિ (energy) ભેદી રીતે ગુમ થઈ જાય છે. આ પરિસ્થિતિનો ઉકેલ લાવવા માટે દસ વર્ષ પહેલાં સૈદ્ધાંતિક પદાર્થવિજ્ઞાનમાં આ કણોએ દર્શન દીધાં હતાં.



આ ન્યૂટ્રિનોમાં અપરિમિત પ્રવેશનીય (penetrating) શક્તિ છે અને તે સીસાની ૧૦,૦૦,૦૦૦ માઇલ જેટલી જાડી દીવાલમાંથી પણ સોંસરા નીકળી જાય છે. જ્યારે તારાનું ઉષ્ણતામાન ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ અંશે પહોંચે છે ત્યારે આ ન્યૂટ્રિનોનો જન્મ થાય છે. તેઓ મધ્યબિંદુમાંથી બહાર સહેલાઈથી જઇ શકતાં હોવાથી તેમની આંતર્ગત શક્તિ બહાર સહેલાઇથી વહી જાય છે. પરિણામે પોતાના ને પોતાના બહારના થરોના વજનથી તારો સંકોચાઈ જાય છે. જ્યારે આમ થાય છે ત્યારે તારાકીય ઉલ્કાપાત થયો કહેવાય છે: ઘરનું છાપરૂં આગથી તૂટી પડવાથી ફટાકડામાંથી ઝરતા તારા જેવા તણખાઓનું જેમ દર્શન થાય છે તેમ આ આખરી સંકોચન મૃત પથારી પર પડેલા તારાની છેલ્લી વ્યથા ગણી શકાય.

'પાગુશિન'

[જી. ગૅમાઉના 'તારાનું જીવન અને મરણ' એ નામના લેખ પરથી]

વિઘ્નસંતોષી

ત્યાં માર્ગમાં પત્થર એ વિશાળ
પડયો રહ્યો છે જડ રોકવાને
પંથે જનારા સહુને નકામો.
ના સ્વાર્થ, ના ભાવ ઉરે બુરાં વા
ભલાંતણાં; કેવળ ક્રૂર શોખ
છે વિઘ્નસંતોષી થવા તણો જ.
અનેક એણે સહી ઠોકરો છતાં
એથીય ના કાર્ય તજી દીધું છે
વૃથા કર્યાનું અવરોધ અન્યનો.
ક્યાંએક બીજેય હતો વિરોધી
પ્રવાસીઓનો ત્યહીંથી હટાવી
લાવ્યું અહીં કો' બની સ્થાનભ્રષ્ટ
ને ઠોકરો યે કંઇએ સહીને
એણે ન છોડયો ક્રમ નિત્યનો-હજુ
જશે અહીંથી ય હટી બીજે છતાં
ત્યાં યે ન એનો ક્રમ છોડશે એ.


હૈદરઅલી હુસેન જીવાણી

ત્રીસ પ્રકારનાં મીટર

(૧) ઍનીમોમીટર=પવનનો વેગ માપી આપનારૂં યંત્ર; (૨) ઍટ્મોમીટર=ઊડી જતી વરાળની ગતિ નોંધનારૂં યંત્ર; (૩) બૅરોમીટર=હવાનું દબાણ દર્શાવનાર યંત્ર; (૪) ક્રૉનોમીટર=હવામાનની અસરથી પર રહે તેવું, દરિયા ઉપર રેખાંશ નક્કી કરવા માટે સમય માપવાનું યંત્ર; (૫) ક્રેનીઓમીટર=ખોપરી માપવાનું યંત્ર; (૬) ડેકીનોમીટર; (૭) ઇલેક્ટ્રોમીટર=વીજળી માપનાર યંત્ર; (૮) ગૅલ્વેનોમીટર=વીજળીના તરંગો જાણવાનું યંત્ર; (૯) ગૅસોમીટર=ગૅસનો જથ્થો ભરી રાખવાની મોટી કોઠી; (૧૦) જીઓમીટર=ભૂમિતિ-નિષ્ણાત; (૧૧) હાઇડ્રોમીટર=કોઈ પણ પ્રવાહીનું દબાણ માપવાનું યંત્ર; (૧૨) હાઇગ્રોમીટર=ભેજનું પ્રમાણ માપવાનું યંત્ર; (૧૩) હીપ્સોમીટર=ઊંચાઇ માપવાનું યંત્ર; (૧૪) લેક્ટોમીટર=દૂધમાં રહેલો ભેળસેળ માપવાનું યંત્ર; (૧૫) મૅગ્નેટોમીટર=ચુંબકબળ માપવાનું યંત્ર; (૧૬) માઈક્રોમીટર=અતિબારીક વસ્તુનું કદ-જાડાઈ માપવાનું યંત્ર; (૧૭) ઑડોમીટર=પૈડાંવાળાં વાહને કાપેલું અંતર માપવાનું યંત્ર; (૧૮) પૅડોમીટર=પગે ચાલીને કાપેલું અંતર માપવાનું યંત્ર; (૧૯) ફોટોમીટર=પ્રકાશનું પ્રમાણ માપવાનું યંત્ર; (૨૦) પ્લૅનીમીટર=અસમાન સપાટીવાળી આકૃતિનું ક્ષેત્રફળ માપવાનું યંત્ર; (૨૧) પ્લુવીઓમીટર=વરસાદ માપવાનું યંત્ર; (૨૨) પલ્સોમીટર=વરાળને ઠંડી પાડનારૂં યંત્ર; (૨૩) પાયરોમીટર=અતિશય વધુ ગરમીનું માપ કાઢવાનું યંત્ર; (૨૪) રેડિયોમીટર=કિરણો મારફત ફેલાઈ જતી શક્તિને યાંત્રિક શક્તિમાં ફેરવાતી દર્શાવનારૂં યંત્ર; (૨૫) ઍક્ચ્યુઆરોમીટર (૨૬) સીસ્મોમીટર=ધરતીકંપનું સ્થાન નોંધનારૂં યંત્ર; (૨૭) સ્પીડોમીટર=વાહનની ગતિ દર્શાવનારૂં યંત્ર; (૨૮) સ્ફીઅરોમીટર=વસ્તુની જાડાઈ માપવાનું યંત્ર; (૨૯) થર્મોમીટર=ઉષ્ણતામાપક યંત્ર; (૩૦) ઉડોમીટર=વાસાદ માપવાનું વાસણ. (આર્થરમીના 'માઈમૅગૅઝીન' ઉપરથી)



જીવનનું પરોઢ ભાગ ચોથો



પ્રકરણ ૭મું

લડવાનો નિરધાર

મરણ સાથે ઝૂઝવવામાં પૂજ્ય બા કેવી રીતે ફાવ્યાં અને એમની માંદગી દરમ્યાન બાપુજીએ ઊભે પગે રહી કેવી સેવા કરી એ વિષે લખતાં બાપુજીના કેપટાઉન જવા સુધીની વાત ગયા પ્રકરણમાં આપવી પડી. પણ વચ્ચે ઘણી વાતો રહી ગઈ. તે પર પાછા આવીએ.

જેલમાંથી કેવળ બાપુજી, મિ. પોલાક, મિ. કૅલનબેક વગેરે નેતાઓ અને સત્યાગ્રહનું મંગળાચરણ કરનાર ફીનિક્સવાસીઓ જ હજુ છૂટી આવ્યા હતા. ટ્રાન્સવાલ અને નાતાલના અસંખ્ય સત્યાગ્રહીઓ હજુ જેલમાં જ ગોંધાએલા હતા. સ્મટ્સ સાહેબે નીમેલા મનમાન્યા કમિશનને સ્વીકારવા ન સ્વીકારવા બાબત ગરમાગરમ ચર્ચા ચાલુ હતી. બાપુજી અને મિ. પોલાક સ્મટ્સ સાહેબને વીનવી રહ્યા હતા કે 'અમારા બતાવેલા ઓછામાં ઓછા એક સજ્જનને કમિશનમાં શામેલ કરો તો જ અમને તમારા ન્યાયીપણા ઉપર ભરોસો આવે. જો તમને કોઇ હિંદુસ્તાની ન પરવડતો હોય તો તમારી જ પાર્લામેંટના મેમ્બર મિ. શ્રાઇનરને કમિશનમાં વધારો. એમની પ્રત્યે હિંદીઓનો વિશ્વાસ પેદા કરી શકીશું.' પણ સ્મટ્સ સાહેબ પોતાની ટેવ પ્રમાણે મચક આપવા તૈયાર ન હતા. તેમણે કમિશનમાં એક પણ સભ્ય વધારવાની કે ફેરવવાની ઘસીને ના પાડી. સત્યાગ્રહીઓએ સમજી લીધું કે હજુ દક્ષિણ આફ્રિકાની સરકાર તેમજ ગોરાઓ પલળ્યા નથી. એમને પલળવાને વાર છે. બાપુજીની આ સાવ નજીવી માગણી પણ કબૂલ ન રખાય એ હિંદી કોમનું ઓછું અપમાન ન ગણાય. અમને સૌથી વધારે તો એ કઠ્યું કે ગોરાઓની કાળા પ્રત્યેની સૂગ અને તોછડાઇ પણ ઘટી નથી. જ્યાં સુધી એમનામાં પોતાની ગોરાઇની તુમાખી ભરી છે ત્યાં સુધી એમને જોરદાર લડત આપ્યે જ જવી જોઇએ. અત્યારે તો 'મિયાં પડ્યા તોપણ ટાંગ ઊંચી'વાળો કિસ્સો છે; પણ હજુ સ્મટ્સ સાહેબે સત્યાગ્રહનો પૂરો રંગ નથી જોયો. એ જોશે ત્યારે સાહેબને ખબર પડશે.

જ્યારે એ સમાચાર ફરી વળ્યા કે અંગ્રેજી બેસતા વરસે, તા. ૧લી જાન્યુઆરીએ દસ હજાર સ્ત્રીપુરુષો સાથે ડરબનથી ટૉલ્સ્ટૉય ફાર્મ સુધીની કૂચ કરવાનું બાપુજીએ ઠરાવ્યું છે, ત્યારે સત્યાગ્રહીના હરખનો ઊભરો રણઘેલા લડવૈયાઓને છાજે એવો હતો. નાતાલની ટ્રાન્સવાલને મળતી સરહદ પાસેના ન્યૂકૅસલથી ટ્રાન્સવાલના બેત્રણ ગામ, સ્ટાંડરટન અને વૉલ્ક્સરસ્ટ સુધીની કૂચે જ દક્ષિણ આફ્રિકાના ગોરાઓને અકળાવી મૂક્યા હતા, તો એનાથી આ અનેકગણી મહાન કૂચ તેમની તુમાખીના ફુરચા ઊડાડી મૂકશે, એમનો રહ્યોસહ્યો ગર્વ ગળી ગયા વિના નહિ રહે એવી આશા સૌને હતી. શરતનો ઘોડો લગામ ઢીલી મૂકાવાની રાહ જોઇ રહે તેમ અમારા ફીનિક્સના વીર યોદ્ધાઓ કૂચના મુહૂર્ત માટે અધીરા બની ગયા હતા.

આ જેલ જઇ આવેલા તો ફરીને 'યાહોમ' કરવાને તૈયાર હતા, પણ બીજા જેઓ સત્યાગ્રહથી વેગળા હતા તેઓ બસૂરો રાગ આલાપતા હતા. તેમનું કહેવું એવું હતું કે જ્યારે મામલો પતાવવાને સરકાર પોતે તૈયાર થઈ છે ત્યારે વળી નકામું ધમાસાણ શાને વધારવું? આ તક ખોઇશું તો વળી સમાધાનીની તક વરસો સુધી ઠેલાશે. આપણે તો જુબાની આપવાની છે ને? એમાં ફલાણા સાહેબ સામે આપશું ને ફલાણા સાહેબ સામે નહિ આપીએ એવું વેદિયાપણું કરવામાં શો સાર?

એક તરફ સરકાર કહેતી હતી કે હિંદીઓએ નકામું તૂત વધારી મૂક્યું છે. નિર્દોષો પર અત્યાચાર જેવું અમારા અમલદારોને હાથે કશું નથી થયું. કાયદો જાળવવા અને દેશનાં રોજગારપાણી કાયમ રાખવા માટે અનિવાર્ય પગલાં તો દરેક સરકારને લેવાં જ પડે. બીજી તરફ અમે જેઓએ પોતાના જ ભાઇઓને ચાબખે ચાબખે સોરાતા અને ગોળીએ વીંધાતા જોએલા, રાતદિવસ વિધવાઓનું કલ્પાંત સાંભળેલું તથા જાતે જેલમાં રીબામણી ભોગવેલી તેઓ સરકારના આ ઢોંગી જવાબો ઉપર છેડાઈ ઊઠતા હતા અને એ જ કારણે સરકારી માણસોના કમિશનની સાચી દાનત વિષે શ્રદ્ધા બેસતી ન હતી. મને એવી ચર્ચાઓનો આછો આભાસ રહી ગયો છે કે 'કમિશનમાં બાપુજી શા માટે નહિ? પોલાક સાહેબ કેમ નહિ? એ તો બાપુજી મોટા મનના રહ્યા એટલે પોતાના કોઈ માણસને માટે આગ્રહ નથી કરતા ને સ્મટસ સાહેબની સભાના શ્રાઇનર સાહેબથી જ સંતોષ રાખવા તૈયાર છે.' પણ બાપુજી મક્કમ હતા. સૉલોમન કમિશન (એ કમિશનના ધુરી સૉલોમન સાહેબ હતા) સામે જુબાની આપવાને જેના મોઢામાં પાણી છૂટતું હતું એવા હિંદીઓને કનડગત ન કરવાનું એમણે અભય વચન આપ્યું. પણ સાથેસાથે એ પણ જાહેર કર્યું કે જે કોઇ કમિશનને જુબાની આપશે એ હિંદી કોમને લજવનારો દેશદ્રોહી લેખાશે. સત્યાગ્રહી એવી રીતે કોમનું નાક કપાવા દેવા કરતાં મરવું વધુ પસંદ કરશે.' બાપુજીની આ જાહેરાતે જેલ જનારાઓને ખૂબ પાનો ચડાવ્યો. કેવડી પ્રચંડ કૂચ હશે, કેવાકેવા સાથીઓ એકઠા થશે ને આખી દુનિયામાં કેવી નામના નીકળશે એના તરંગોમાં સૌ ડોલવા લાગ્યા.

એવામાં એક ખબર એ પ્રસરી ગઇ કે હિંદુસ્તાનથી ગોખલે મહારાજનું કહેણ છે કે કમિશનનું કામ પૂરૂં થતાં સુધી કૂચ માંડી વાળવી અને કમિશનના કામને પૂરી મદદ કરવી. આ કામમાં મદદ કરવાને માટે હિંદના વાઈસરૉય લોર્ડ હાર્ડિંજે સી. પી.ના ગવર્નર બેન્જામિન સાહેબને પોતાના પ્રતિનિધિ બનાવી મોકલ્યા છે, અને એ બેન્જામિન સાહેબ મોટા હોદ્દેદાર છે એટલે સામાન્ય ઉતારૂઓની સ્ટીમર નહિ પણ એક ખાસ સ્ટીમર મુંબઇથી એમને લઇને રવાના થઈ છે. એથી આપણી સત્યાગ્રહની લડાઇને એવડું મોટું સંમાન મળ્યું છે કે મોટીમોટી સશસ્ત્ર લડાઇના દૂતને લઇને જેમ મનવારો જાય છે તેમ બેન્જામિન સાહેબ પણ ખાસ મનવારમાં આવે છે, ને એની ચાલ એટલી ઝડપી છે કે આઠદસ દિવસમાં એ મનવાર મુંબાઈથી ડરબન આવી પહોંચશે; જ્યારે બીજી સ્ટીમરોને ઓછામાં ઓછાં ત્રણ-સાડાત્રણ અઠવાડિયાં વીતી જાય છે. સાથેસાથે એમ પણ સાંભળવામાં આવ્યું કે ગોખલે મહારાજની આટલી બધી મહેનત છતાં સ્મટ્સ સાહેબના કમિશનની દરકાર ન રાખતાં બાપુજી ડરબનની મહાન કૂચ આરંભશે તો હિંદુસ્તાનથી મળતા પૈસા બંધ થઇ જવાનો પણ સંભવ છે.

આ વાતની અસર ફીનિક્સના યોદ્ધાઓ ઉપર કંઈ ખાસ ન થઇ. અમને બાળકોને બેન્જામિન સાહેબની ઝડપી ચાલતી મનવારનું કૌતુક

થયું, અને તેની રચના, તેની વિશેષતા વગેરેની પૂછપરછ કરવા લાગ્યા

જેલ જનારાઓ ગોખલે મહારાજની નારાજગીની ચિંતામાં પડ્યા. પણ સાથેસાથે એ ઉત્સાહ પણ વધ્યો કે હિંદુસ્તાનથી પૈસા આવે ને કૂચ કરનારાઓને પેટિયું મળતું રહે એમાં કંઈ ઝાઝી બહાદુરી ન કહેવાય. ખાવાપીવાનું ન મળે, ભૂખનું દુઃખ વેઠવું પડે, છતાં હજારો માણસો કૂચ કરતાં ટ્રાન્સવાલ પહોંચે, એમાં જ આપણી વધુ જીત છે. ગોખલે મહારાજને દૂર બેઠે અહીંના ગોરાઓના ઘમંડની પૂરી જાણ ન થઇ શકે. આપણે તો સ્મટ્સ સાહેબનું ગુમાન ઉતારવું જ જોઇએ. આપણી કૂચ ફળશે એટલે મહારાજ જરૂર ખુશ થશે.

જેમજેમ જાન્યુઆરી માસ પાસે આવતો જતો હતો તેમતેમ લાંબી વિદાયની તૈયારીઓ વધતી જતી હતી. રેવાશંકર આદિ અમારા ગોઠિયાઓ ભવિષ્ય ભાખતા હતા કે આ ફેરે છ મહિનાથી ઓછી કેદ નહિ મળે. ત્રણ મહિનાની કેદ પૂરી થયે આટલા દિવસ ફીનિક્સ રહેવાનું મળશે એવી અમને આશા ન હતી, પણ હવે તો ખચિત વરસ-છ મહિના પહેલાં ફીનિક્સનાં દર્શન નથી થવાનાં. મારી બા, કાકી વગેરે પણ રોજ સવારસાંજ ડાહ્યા રહેવાની ને વરસેક જેટલા લાંબા ગાળા સુધી પોતાના વિના ચલાવી લેવાની શીખામણ આપતાં હતાં. આમ બધાંનાં મન લડતમાં પરોવાયાં હતાં. પણ ભગવાનની યોજના બીજી જ હતી.

બાપુજી છૂટી આવ્યા તે પહેલાં શરૂ થએલી દક્ષિણ આફ્રિકાની રેલવેની હડતાલનું જોર બહુ જ વધી ગયું હતું અને વધતું જતું હતું. ફીનિક્સમાં વાવડ આવ્યા કે રેલ હડતાલના આગેવાનોએ બાપુજીને કહેણ મોકલ્યું છે કે 'તમે મોડું ન કરો. તમારી વિરાટ કૂચ તુરત શરૂ કરો. અમને સાથ આપશો એટલે દક્ષિણ આફ્રિકાની સરકારને આપણે મળીને ઝટ અકળાવી શકીશું. એને હિંદીઓની અને અમારી માગણી સ્વીકાર્યે જ છૂટકો થશે.' પણ બાપુજીએ એમ કરવાની ચોખ્ખી ના પાડી દીધી છે. તેમણે રેલ હડતાલીઓને સાફ કહી દીધું છે કે 'તમારો મારગ જુદો, અમારો જુદો. અમારે તમારા જેવા ધીંગાણાં નથી કરવાં. હિંદી કોમ આપબળે ઝૂઝશે. સરકાર સાથે મરદાનગીની લડાઇ લડશે. તોફાનીઓનો સાથ પુરાવવો ને સરકારની ખોટી પજવણી કરવી સત્યાગ્રહીને ન છાજે. રેલ હડતાલનો ઊભરો ન શમે ત્યાં સુધી હિંદીઓ પોતાની ધારેલી કૂચ થોભાવી રાખશે.'

અમે ફીનિક્સનાં બાળકો આ સાંભળી હતાશ થઇ ગયાં. ડરબનની વિજયકૂચ બાપુજીએ દસપંદર દિવસ ઠેલી દીધી એથી અમારો લડવાનો ઉત્સાહ ઘવાયો, એટલું જ નહિ પણ સ્મટ્સ સાહેબને પાંસરા કરવાની આવી તક જતી કરવા સારૂ અમે નાનાં બાળકો પણ બાપુજીને વખોડવા મંડી પડ્યાં. રેલ હડતાલની સાથોસાથ સત્યાગ્રહનું જોર વધારવામાં અમને સૌને ચોક્ખો ફાયદો જ દેખાતો હતો. સ્મટ્સ સરકારની ખો ભુલાવવાને આથી વધુ સુંદર તક બીજી કઇ હોઇ શકે એ અમને સમજાતું ન હતું. બાપુજી જલદી આ પાર કે પેલે પાર કર્યા વિના લંબાવ્યે રાખે એથી જેલયાત્રીઓ અકળાઇ ઊઠતા હતા. રોજિંદાં કામમાં જીવ ખૂંચતો ન હતો અને જેલયાત્રા લંબાયે જતી હતી. પણ બાપુજીથી વધુ ડાહ્યું કોઈ નથી એમ વિચારી અધીરા લડવૈયાઓ મન વાળતા હતા.

જેલ જવાનું લંબાયું એટલે સહેલાણીનો અમારો શોખ વધ્યો. કેટલીક વાર ડરબન ને કેટલીક વાર બીજી જગ્યાએ અમે ફરવા નીકળી પડતા. એક વાર રામદાસ કાકાને બહુ ગવાએલા કમિશનના ત્રણે સાહેબો તથા એમની કામ કરવાની રીત જોવાનું મન થયું. એમને કહેવામાં આવ્યું કે ત્યાં જવું આપણને શોભે નહિ, છતાં છેવટે એમને છૂટ મળી ને હું પણ તેમની સાથે ગયો. મને એટલું યાદ છે કે એ વેળા અમારી સાથે મેઢ સાહેબ હતા. કમિશનનું કામ જ્યાં ચાલતું હતું અને જેવો એ ઠઠારો હતો એનો બહુ જ ઝાંખો ખ્યાલ મનમાં રહી ગયો છે. ડરબનમાં કે એસ્ટકોર્ટમાં કે માઉંટેજકુંબમાં, ક્યાં એ કમિશનને અમે જોયું હતું એ પણ સ્પષ્ટ યાદ નથી આવતું.

કમિશનનો ઓરડો આંજી નાખે એવો ઊજળો હતો. બહાર રસ્તા પરથી ત્રણે જણા ખુરશી પર બેઠેલા દેખાતા હતા. એ ઓરડાને ઉંબરે ચડવાની અમારામાંથી કોઇએ હિંમત ન કરી. એમ કરવા જતાં દેશદ્રોહીની કાળીટીલી કપાળે ચોડાવાનો ડર હતો. રામદાસકાકાની ફજેતીનો વધુ ડર હતો. તેઓ એક પગલું પણ એ ઓરડામાં મૂકે તો 'ગાંધીના દીકરાએ જુબાની' આપ્યાનું આળ બધે ફેલાઈ ગયા વિના ન રહે. શ્રી મેઢે આ બધી વાત સમજાવી ને અમ બાળકોને દૂરથી જ બેપાંચ મિનિટમાં જોઇ લઈ ચાલતા થવાનું સૂચવ્યું. ગરીબ, ફાટ્યાં કપડામાં ઢંકાએલા ગિરમીટિયાઓ પણ એ વિશાળ ઓરડાના ફાટકથી છેટે ઊભાઊભા તમાશો જોઇ રહ્યા હતા. એમની પાછળ ઊભા રહી, કમિશનના સાહેબોમાંથી કોઇની નજર ન પડે એવી રીતે રામદાસકાકાએ ને અમે એ લોકોને જોયા ને પાંચ છ મિનિટમાં પાછા ફર્યા.

એ લોકોની ભારેખમ ખુરશી, બનાવટી મુખમુદ્રા અને કડકાઈ, ભરી આંખો જોઇ 'તેઓ પણ સિતમગારના સાથી જ છે' એવું એકબીજાના કાનમાં અમે કહ્યું, અને અમે નક્કી કર્યું કે આ લોકો સાચી વાત ખોળી શકવાના જ નથી. અમે એ પણ સાંભળ્યું કે કોઇક એકલદોકલ હિંદી એમની પાસે જઇ ચડે છે; બાકી એ લોકો બેઠાં-બેઠાં બગાસાં ખાય છે! એ જાણી અમને આનંદ થયો.

કમિશનની ચોવટ ચાર છ મહિના સુધી પૂરી થવાની આશા કોઇને ન હતી. એ ભલે પોતાનું માથું ફોડતું રહે, આપણે તો સત્યાગ્રહમાં જ ઝંપલાવીએ એ જ ચર્ચા ફીનિક્સ મંડળમાં વધતી જતી હતી. બાપુજીએ ઠરાવેલી નવી તારીખ (ઘણે ભાગે ૨૦મી જાન્યુઆરી) ફરી ન ઠેલાય તો બસ એટલું અમે ઈચ્છતા હતા. પણ એ તારીખ આવતાંઆવતાં તો ઘણા રંગ બદલાયા.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

ઉસ્તાદ ચોર

બગદાદના ચોરો ખિસ્સાં કાતરવાની કળામાં બહુ નિપુણ ગણાતા. એક દાઢડાહ્યા માણસ તે શહેરમાં આવી ચડ્યા. બગદાદના ચોરોની કુશળતા વિષે તેમણે ખૂબ સાંભળેલું. તેથી તેમને બનાવી જવાનો તેમણે મનસૂબો કર્યો. પાતળા ઠીકરાંના ટુકડા એકઠા કરી, તેમને ઘસી ગોળ બનાવી સિક્કાનો આબેહૂબ ઘાટ આપ્યો. પછી તેમાંના થોડાક કકડા પોતાના ગજવામાં નાખી તે બગદાદના રસ્તા ઉપર લટાર મારવા લાગ્યા. રોજ રાતે પોતાના ઉતારે આવી ખિસ્સું તપાસે તો અંદરના ટુકડા સલામત રહેલા માલમ પડે. ભાઇસાહેબ મનમાં ફુલાવા લાગે: 'મારા ખિસ્સાને હાથ લગાડવાની અહીંના ચોરોમાં તાકાત લાગતી નથી.'

એક વખત રાતના સમયે એક ચોકમાં લોકોનું ટોળું જમા થએલું, ત્યાં આગળ આ ગૃહસ્થ જઈ ચડ્યા. વાતચીત દરમ્યાન મગરૂરીથી તે બોલ્યો: 'તમે તેમ કહો; મને અહીં આવ્યે ચાર દિવસ થયા અને મારી સાથે હું જોખમ રાખીને ફરૂં છું, પણ આ ગામના ખિસ્સાકાતરૂ મારા ગજવાને અડી પણ શક્યા નથી.' એ સાંભળી નજીકમાં એક જુવાન બોલી ઊઠ્યો: 'માફ કરજો સાહેબ! અત્યાર સુધીમાં મેં આપનું ગજવું પાંચ વખત તપાસી જોયું છે. પણ દરેક વખતે તેમાં ઠીકરાંના ટુકડા માલમ પડવાથી આપના ખિસ્સા ઉપર મેં હિંસાત્મક પ્રયોગ અજમાવ્યો નથી.'

—હિંમતલાલ લીલાધર ગાંધી

ઉંદર

ઘરઘરના વાસી એ ગણુપતિવાહનની ગુણુગાથા



કોઇ મહાશય ઉંદરના લાભ વિષે 'કુમાર'માં એકાદ લેખ યા કાવ્ય લખશે તો મારા જેવા સેંકડો અજ્ઞાનીઓ પર એક મોટો ઉપકાર થશે. યુવાન હોવા છતાં, હું, હવે તો થાકી ગયો. કેટલાં ય પુસ્તકોમાં જોયું, કેટલા ય 'ભણેલા'ઓને પૂછ્યું, બાજુમાં સૂતેલી વ્યક્તિનો વિચાર કર્યા વગર રાતની રાતો બત્તી બાળીને તર્કવિતર્ક કર્યા, પણ ઉંદરના લાભ ન મળ્યા;—અને મળે જ શાના? કૂવામાં હોય તો અવેડામાં આવે ને? કૂતરો જુઓ: ચોરોથી નિશ્ચિંત બનાવે છે. બિલાડી જુઓ: કંઈ અમંગળ થવાનું હોય તો તેની આગાહી પહેલી જ કરે છે. પણ ઉંદર? કંઇ લાભ? આખી રાત ધમધમાટીની પૅરેડ 'સાંભળવી' હોય (દેખાય તો ભાગ્યે જ) તો કોઇ ઉંદરનિવાસ જેવા મકાનના એકાદ ખંડમાં સૂવું. 'આજે નિદ્રા હરામ છે' એમ કોઈ દિવસ બોલી ગયા હો, અને બોલેલું પાળવાની ઇચ્છા હોય, તો ઉંદરોની મધ્યમાં જઇ 'સૂવું'. બસ, 'લાભો'ની હદ આવી ગઇ!

અને ત્રાસ? ઓહ! ગણ્યા ગણાય નહિ! કોઈ ગામમાં ઉંદરો બહુ હતા તેના ત્રાસથી કંટાળીને તે ગામના લોકોએ, એ ઉંદરોનો નાશ કરી આપવાની ખાત્રી આપનાર એક શરણાઈવાળાને મોટી રકમ આપવાનું કબૂલ કર્યું હતું, એમ એક અંગ્રેજી વાર્તા (ને કાવ્ય પણ) કહે છે. પણ એ તો આપણને આદત પડી ગઈ છે, તેથી વાતવાતમાં ઇંગ્લંડ, જર્મની અને રશિયાના દાખલા આપ્યા કરીએ છીએ. હિંદમાં જ ઉંદરોનો ત્રાસ ક્યાં ઓછો છે? મુંબાઇમાં માંડવી—દાણાબંદર પર ઉંદરોની વસતિ એટલી છે કે શહેરસુધરાઇએ એને ઉંદરબંદર નામ આપ્યું હોત તો ખોટું ન હતું. ત્યાં, એક વાર એક જાહેરસભામાં પંડિત જવાહરલાલ નેહરુનું ભાષણ ચાલતું હતું ત્યારે ઉંદરોની એક નાની ફોજે, વ્યાસપીઠ નીચેથી નીકળીને સભા પર હુમલો કર્યો હતો. પંડિતજી દુશ્મનથી ન બીવાનું કહેતા હતા, ત્યાં ઉંદરોનો આ હુમલો થતાં જ અમે અવ્યવસ્થિત પીછેહઠ કરી!

અને ગઇ કાલની જ વાત છે: ઘણા માણસોને ઊંઘ સાથે બહુ દોસ્તી હોય છે. એમને તો એક વાર ઊંઘ આવી ગયા પછી, એમના શરીરને પૂલ બનાવીને ઉંદરફોજ એના ઉપરથી કૂચ કરે તો ય કંઇ અસર ન થાય! હું પણ એવો જ છું. પણ એમાં જો ઓચિંતી આંખ ઊઘડી ગઈ તો થઇ રહ્યું. ગઈ કાલે સૂતા પછી થોડી વારે જાગ્યો—જાગી ગયો. ઉંદરની પૅરેડ શરૂ થઈ ગઈ હતી. અને પછી તાકાત છે ઊંઘની, કે એ પૅરેડ ભેદીને મારી પાસે આવે? ભગવાનના સોગંદ, જો એક મટકું પણ માર્યું હોય તો! પથારીની સામે જ ગણપતિની છબી હતી. ઉંદર તો એ આરાધ્ય દેવનું વાહન! એ ન હોય તો ગણપતિ હરેફરે કેમ? અને એ ન હરેફરે તો આપણાં બધાં મંગળ કાર્યો જ અટકી જાય ને? ઉંદર ન હોય એવા વિશ્વની કલ્પના એ જ નાસ્તિકતા! છતાં, સાહેબ, ઉંદરના આવા ત્રાસ સહન કરવાનું નામ જ જો આસ્તિકતા હોય એ જ જો ગણેશભક્તિ હોય, તો હું નાસ્તિક ભલે રહ્યો. મેં તો એ વખતે એવો પણ નિર્ણય કરી લીધો કે સવાર પડે કે તરત મુંબાઈના બધા દવાવાળાને ત્યાં જઈ, એક જ ક્ષણમાં ઉંદરનું મૃત્યુ થઈ જાય એવી દવાની શોધ કરવા કહેવું! એ ક્ષણે અહિંસાનો વિચાર આવતાં જ એમ થયું, કે ઉંદર ઊંઘ ન આવવા દે તો જાગતા રહેવું એનું નામ જ જો અહિંસા હોય તો એ આપણને ન ખપે! જોકે, બીજું કશું ન કરી શકવાને કારણે, એવી અહિંસા મેં વખતોવખત ધારણ કરી છે. ગાંધીજીને તો ઉંદરનો અનુભવ ન જ હોય એ કુદરતી છે. જો હોત તો ગાંધીજીએ પોતાની અહિંસામાં ય એટલી છૂટ મૂકી હોત કે ઊંઘમાં (કે પ્રાર્થનામાં) ખલેલ પહોંચાડતા ઉંદરોને મારવામાં કંઈ દોષ નથી!

લેખકોની માફક ઉંદરોને કાગળ સાથે જૂની પ્રીત હોય એમ લાગે છે. મારા ઘરમાં ઉંદર મહાશયના દાંતની છાપ વગરનો એક પણ જૂનો કાગળ નહિ મળે! તમારા ઘરમાં જો ઉંદર હોય તો તમે અનુભવ કર્યો જ હશે. 'નવીનતા' ઉપર પણ ઉંદરોને પ્રેમ હોય છે. નવું કપડું, નવું ઓશીકું, નવું પુસ્તક, જો ઉંદરના પંજામાં ગયાં તો થઇ રહ્યું!

અને આ તો ઉંદર તમારાથી દૂર હોય ત્યાં સુધીની જ વાત છે. તમારા પગનું એકાદ આંગળું ઉંદરના મોંમાં ગયા પછી જુઓ મજા! તમે ગમે એટલા ચાલાક હશો, પણ ઉંદર ક્યારે કરડી ગયો એની તમને ખબર નહિ રહે!

ઉંદર પ્રવૃત્તિશીલ હોય છે એમાં સંદેહ નથી. પણ એની પ્રવૃત્તિ કદી સતત ચાલતી નથી. જરાક ખખડાટ થાય, પછી થોડી વાર સુધી શાન્તિ. તમે સમજો કે બલા ટળી. ત્યાં તો તરત જ પાછો ખખડાટ! પણ ઉંદરના ખખડાટ કરતાં વધુ ભયંકર વસ્તુ તો ચીજો કાતરવાનો એનો અવાજ છે. રાતના વખતે કોઈ વાર એકાદ કાગળ કોઈ કરડતું હોય એવો અવાજ કાને પડતાં જ મારું એકાદ પુસ્તક, છાપું કે છૂટું કાવ્ય શ્રી ઉંદરના હાથમાં જઇ પહોંચ્યું છે અને એઓશ્રી એનું 'એડિટિંગ' કરે છે એમ હું સમજી જાઉં. પણ સવાર પડે તે પહેલાં, એવે પ્રસંગે, હું કંઈ પણ કરી શક્યો હોઉં તો મારી એવી વસ્તુને બચાવવાની પ્રાર્થના, અને ઉંદરનો નાશ કરવાની 'ઇચ્છા'! બીજું કશું નહિ!

અને સાહેબ, એકાદ મોટો ઉંદર, પોતાનો ગણપતિવાહન તરીકેનો મોભો જાળવી રાખવા એકાદ જૂના છાપાને કરડી ખાય તો કંઈ નહિ. પણ આ તો, કમબખ્ત નાનીનાની ઉંદરડીઓ પણ ત્રાસ દેવામાં પાછી પાની કરતી નથી. એ તો વળી ઉંદર કરતાં યે ચડી જાય. આમતેમ કૂદાકૂદ કરે! ઘણી વાર તો જમવા બેઠા હોઉં ત્યાં આવી ચડે ને એકાદ વસ્તુ ઉપાડી જવાની કોશિશ કરે!

જ્યાં સુધી ઉંદર જીવે છે ત્યાં સુધી આપણાં પુસ્તકો, વસ્ત્રો, લેખો, પગ,—અરે આપણે પોતે સલામત નથી; પછી ગમે એટલી સંભાળ આપણે લઇએ!

આ ઉંદરો ઉપર વેર લેવાનો અગ્નિ મારામાં એટલો પ્રજ્જ્વળી રહ્યો છે કે આવતા જન્મમાં ઇશ્વર જો મને બિલ્લી (અલબત્ત કૂતરાથી ન મરૂં એવી) બનાવે તો હું જરા યે આનાકાની ન કરૂં.

પણ કોઈ વસ્તુનો લાભ જો મોટો હોય તો થોડો ત્રાસ સહન કરીને પણ તે મેળવવો એવો મારો સ્વભાવ હોવાથી ઉંદરના લાભની આ પૂછપરછ ચાલે છે. જોકે મને તો ખાત્રી છે કે ઉંદરના અનુભવીઓમાંથી કોઇ, ઉંદરને જીવતા રહેવા દેવાની દરખારતની તરફેણમાં આંગળી ઊંચી નહિ કરે; એવો કોઇ જ એના લાભ શોધવાની, કે જાણીતા હોય તો યે ગણવાની પંચાત નહિ કરે.

અને જો કોઇ બિનઅનુભવી મને ઉંદરનો લાભ સમજાવવા આવે તો હું કહું 'ભાઈ, (અથવા બહેન,) તમે એક ઉંદરવાળા ઘરમાં થોડો વખત રહો, એના ત્રાસનો થોડોક અનુભવ કરો અને એ પછી, એ ત્રાસ છતાં, ઉંદરના કંઇ લાભ તમને લાગતા હોય, ત્રાસના પ્રમાણમાં

વધારે લાભ તમે જોતા હો તો મને કહે ' મને ખાત્રી છે, એવું કોઈ નહિ નીકળે.

એટલે હવે તો, ઉંદરનો નાશ કેમ થાય અથવા તો એનો નાશ કર્યા વગર એના ત્રાસમાંથી કેમ છુટાય (કે જે અસંભવિત લાગે છે) એનો વિચાર કરવો જોઇએ.

(સૂચિત) **'મઞ્જુલ'**

જીવી જાણનારા]૨૩[જે માનવજીવનનું સાચું મૂલ્ય શીખવી ગયા

બાવા દામિયાં

૧૮૪૦ના જાન્યુઆરીની ત્રીજીએ જોસફ વૉઈસ્તર બ્રસેલ્સથી અઢારે આવેલા ત્રેમેલ્ નામે બેલ્જિયન ગામડામાં અવતર્યો હતો. વીશમે વર્ષે એણે સંન્યાસદીક્ષા લીધી ત્યારે તેણે દામિયાં નામે સંતનું નામ ધારણ કર્યું.

જોસફ નાનો હતો ત્યારે તે ઘેટાં ભેળો ફરતો તથા તેની સાથે ભાઇબંધી કરતો, એટલે ઘેટાંના ગોવાળ એને 'નાનો ગોવાળિયો' કહેતા. એક દિવસ એ ચાર વર્ષનો હતો ત્યારે એનાં માબાપ એને મેળામાં લઈ ગયાં, ત્યાંથી તે ખોવાઈ ગયો. સાંઝ પડી ત્યાં લગી એને ગોત્યો, પણ જડયો નહિ; છેવટે એના દાદા કહે, એને દેવળમાં ગોતિએ. ત્યાં ગયા તો બાળક જોસફ સાધુપીઠ આગળ અંધારામાં એકલો પ્રાર્થના કરતો હતો.

ઘરમાં 'સંતજીવન'ની ચોપડી હતી તેમાંથી મા જોસફ તથા એનાં ભાઇબહેનને વાર્તા વાંચી સંભળાવતી. તે ઉપરથી નીશાળે જતાં જતાં વચ્ચે ઝાડી આવતી ત્યાં જોસફ તથા તેનો મોટો ભાઇ ઓગસ્ત બાવો બાવો રમવા મંડયા, ને એકાંતમાં ઘૂંટણભર પડીને મૌન પાળ્યું. મધ્યાહ્ને ભાતું ખાધું તે પણ એક અક્ષર બોલ્યા વિના જ. રાતે નવ વાગ્યે કોઇ ત્યાં થઈને નિકળ્યું એણે બેય ભાઇને જોઈને ઘેર વાત કરી, એટલે નોકર જઈને છોકરાઓને તેડી આવ્યો.

એક વાર એક પાડોશીની ગાય મરણતોલ માંદી પડી હતી એની કોડમાં આખી રાત જાગીને જોસફે એને બચાવી હતી.

બહેન પોલીન બધાં ભાંડરડાંમાં સૌથી મોટી હતી તેણે ૧૮૫૮માં દીક્ષા લીધી; એનાથી નાના ઓગસ્તને સાધુ બનાવવાનો વિચાર હતો, એટલે પાદરી આગળ ભણવા પારિસ મોકલ્યો, અને કનિષ્ઠ જોસફને વેપારમાં નાખવો હતો, એટલે વેપારીશાળાએ મોકલ્યો, પણ મોટાં ભાઈબહેનની પેઠે એનો વિચાર સંસાર છોડવાનો હતો.

૧૮૫૯ના જાન્યુઆરીમાં જોસફ એના બાપ ભેળો હવે બાવા પાંફીલ બનેલા એના મોટાભાઈ ઓગસ્તને મળવા ગયો. બાપને કાંઇક કામ હશે એટલે જોસફને ઓગસ્ત આગળ આશ્રમમાં રાખીને બહાર ગયા. સાંઝે બાપ પાછો આવ્યો તો જોસફ કહે, 'હું હવે ઘેર નહિ આવું, જેથી છેલ્લા રામરામ કરવાની વેદનાથી બચી જવાય.' પિતાપુત્ર સ્ટેશને છુટા પડયા ને જોસફ આશ્રમે પાછો ગયો.

૧૮૬૩માં મોટા ભાઇ પાંફીલને સૅંડવિચ(હવાયન) બેટે ધર્મપ્રચારાર્થે જવાનું હતું, પણ તે ત્યાં માંદા પડી ગયા, એટલે એને ઠેકાણે દામિયાં ઉપડયાં. ઊપડતાં પહેલાં એ માબાપને મળી આવ્યો. આ પછી માબાપ પુત્રને કદાપિ જોવા ન પામ્યાં.

હવાયન લોકોને કોઇ પરદેશીએ પતનો ચેપ લગાડયાં; પછી એ રોગ એટલો બધો ફેલાઈ ગયો, કે ૧૮૬૫માં બધા પતિયલને મોલોકાઈ બેટ ઉપર વસાવવાનો રાજાએ નિશ્ચય કર્યો. આ પતિયલવાસમાં કોઈ પાદરી હતો નહિ, એટલે એની સેવા કરવાનું દામિયાંએ માથે લીધું.

પોતાને પતનો ચેપ લાગશે એની દામિયાંને ખાત્રી હતી. પતિયલ ભેળું દિવસ ને રાત રહેવું, એને ગુમડે પાટા બાંધવા, એને નહવરાવવા, એની કબર પણ ખોદવી:—આટલાં કામ કરતાં કરતાં ચેપથી બચાય જ કેમ? તો પણ દામિયાંએ આનન્દપૂર્વક પોતાનું કામ કરવા માંડયું. એની અવસ્થા ૩૩ વર્ષની હતી. શરીરે એ બળવાન હતો. એને રહેવા ઘર નહોતું, એટલે તે કબરસ્તાનમાં પૅંડેનસના ઝાડ નીચે સૂતો. ઝુંપડું બાંધવાનું એને વેળું જ નહોતું, કારણ મોલોકાઈમાં ડાકટર કોઇ હતો નહિ અને દામિયાંના 'ધણ'માં આઠ દીએ આઠથી બાર મરણાં તો થાય જ. પાટિયાં વગેરે સામાન મગાવીને દામિયાંએ પોતાને હાથે પતિયલ સારુ ઘર ચણ્યાં, ને એને પહેરવા ગરમ કપડાં પણ મગાવ્યાં.

પાણીનું ત્યાં ભારે દુઃખ હતું. પતિયલને પાણી જોઇએ તે પોતાને દુઃખતે ખંભે ઘડા ઊપાડીને દૂરથી આણવું પડતું; લુગડાં ધોવાં પણ એને આઘે જવું પડતું. દામિયાંએ હોનોલુલુથી નળ મગાવીને નદીથી પતિયલવાસમાં પાણી આણ્યું. મંદિર તથા દવાખાનું પણ દામિયાંએ ચણ્યાં, તેમાં ત્રણચાર જણ માંડ ઊપાડી શકે એવો પાટડો એકલો દામિયાં ઉપાડતો. ઇસ્પિતાલમાં ડાકટર તથા પરિચારિકાની પણ દામિયાંએ ગોઠવણ કરી. કોઇ પતિયલ મરી જાય તો તેના છેલ્લા કરિયાવર તથા નિખનનસંસ્કાર પણ દામિયાં જ કરતો. ૧૮૭૯ પહેલાં એણે ૧૬૦૦ પતિયલની અંત્યેષ્ટિ કરી હતી. અપ્રિયતા વહોરી લઇને પણ દામિયાંએ પતિયલને દારૂ પીતા રોકવાનો પ્રયત્ન કર્યો.

આમ દામિયાં પતિયલવાસમાં દસ વર્ષ રહ્યો હશે ત્યાં પોતાને ચેપ લાગ્યો છે એવી એને શંકા પડી. ડાકટર આગળ એણે શરીર તપાસાવ્યું. 'તમને કહેતાં મારી જીભ ઊપડતી નથી,' ડા.આર્નિંગ કહે, 'પણ તમે કહો છો તે સાચું છે.' 'એમાં મને કાંઇ આઘાત લાગે એમ નથી,' દામિયાં કહે, 'કારણ મને તો બહુ દિવસથી ખાત્રી થયેલ છે.'

પતિયલને ઉપદેશ કરતાં હવે 'મારા ભાઇઓ' નહિ પણ 'આપણે પતિયલ' એમ તે કહેવા મંડ્યો. એના આત્મસમર્પણની કીર્તિ આખા જગતમાં ફેલાઈ ગઈ, પણ વિશ્વનો વિસ્મય ને અનુકંપા એને બચાવી ન શક્યાં. પોતાના બહિષ્કૃત બંધુઓને બોધ કરવો, એને પાપપ્રકાશન કરતા સાંભળવા, એને ચાંદે પાટા બાંધવા, એના હાથ ખવાઈ ગયા હોય તો એનાં મોઢામાં કોળિયા મૂકવા,—આવાં આવાં કામ એણે ઠેઠ લગી કર્યા કર્યાં.

૧૮૮૯ના એપ્રિલની પંદરમીએ, માણસ જેમ નિદ્રાધીન થાય તેમ બાવા દામિયાંએ શાંતિથી દેહ છોડયો. એની ઇચ્છાનુસાર જે ઝાડની છત્રછાયામાં મોલોકાઈ આવ્યા પછી એ સૂતો તેની નીચે એનો નિખનનસંસ્કાર કર્યો.

'આવો ને આનન્દધામમાં પ્રવેશ કરો, કારણ હું માંદો હતો ને તમે મારી સંભાળ લીધી.'

(ક્યૂના અંગ્રેજી ઉપરથી) **દેસાઇ વાલજી ગોવિન્દજી**

પંચતંત્રની વાર્તાઓ

ચોથું તન્ત્ર

આ સાંભળીને મગર કહે, 'હે મિત્ર, એ તો ઠીક નહિ. મારે ઘેર આવીને મારી કૃતઘ્નતાનો દોષ તું દૂર કરે તો સારું; નહિ તો હું અનશન કરીને અહિં તારા ઊબરા આગળ જ પ્રાણત્યાગ કરીશ.' વાનર કહે, 'મૂઢ, હું લંબકર્ણ જેવો મૂર્ખ નથી, તે ચેતવણી મળ્યા છતાં તારા ભેળો મરવા આવું.

આવિયો ને ગયો ભાગી જોઈ સિંહપરાક્રમ।
અકર્ણહૃદયી મૂર્ખો જે જઈ પુનરાવિયો॥

મગર કહે, 'ભદ્ર, એ લંબકર્ણ કોણ તે મને કહે.' વાનર બોલ્યો:

કથા ૩

એક વનમાં કરાલકેસર નામે સિંહ રહેતો હતો, એનો ધૂસરક નામે શિઆળ સદાનુયાયી પરિચારક હતો. એક વાર સિંહને ને હાથીને યુદ્ધ થયું તેમાં સિંહને પ્રહાર લાગ્યા, એટલે એક ડગલું પણ એનાથી ચલાતું નહોતું. અને સિંહથી ચલાય નહિ, એટલે ધૂસરક ભૂખ વેઠીવેઠીને દૂબળો થઈ ગયો. એક દિવસ એણે સિંહને કહ્યું, 'સ્વામિન્, ભૂખની પીડાથી હું ઊભો થઈ શકતો નથી, ત્યાં તારી શુશ્રૂષા કેમ કરીને કરું?' સિંહ કહે, 'જા, ને કોઇ પશુને ગોત, તો મારી આવી અવસ્થા છતાં હું એને મારું.'

શિઆળ પાસેના ગામમાં ગયો, તો ત્યાં તળાવકાંઠે લંબકર્ણ નામે ગધેડો ચરતો હતો. તેને શિઆળ કહે, 'મામા, નમસ્કાર. બહુ દીએ તારાં દર્શન થયાં. તું આવો દુર્બળ કેમ થઈ ગયો?' તે બોલ્યો, 'ભાણિયા, શી તને હું વાત કરું? ધોબી નિર્દયપણે મારા ઉપર અતિભાર ભરે છે ને મૂઠિભર ઘાસ પણ દેતો નથી. કેવળ ધૂળમાં મળેલી ધ્રો ઉપર હું રહું છું. પછી શરીરમાં પુષ્ટિ કેવી?' શિઆળ કહે, 'તો મામા, આ વનરાજિમાં લીલાછમ ઘાસવાળો નદીસનાથ રમણીય પ્રદેશ છે, ત્યાં ચાલ ને મારી સાથે ગોઠડી કર.' લંબકર્ણ કહે, 'ભાણાભાઇ, તારી વાત સાચી. પણ અમે ગ્રામ્ય પશુ રહ્યા, તમે વનચારી અમને મારી નાખો એટલે એ ભવ્ય પ્રદેશ કાંઇ કામનો નહિ.' શિઆળ કહે, 'મામા, એવું બોલ મા. મારા બાહુબળથી એ પ્રદેશ સુરક્ષિત છે; ત્યાં બીજા કોઇનો પ્રવેશ નથી. પણ ધોબીપીડિત ત્રણ અનાથ ગધેડી છે, એણે મને એના જોગ પતિ આણવા કહ્યું, એટલે તને તેડી જાઉં છું.' લંબકર્ણ કહે, 'તો ચાલો.'

એટલે ગધેડો શિઆળ ભેળો સિંહ આગળ આવ્યો. એને જોઈને સિંહ જેવો ઉઠવા જાય છે, ત્યાં ગધેડો ભાગવા મંડ્યો. એને સિંહ મારવા ગયો પણ અભાગિયાના વ્યવસાયની પેઠે એનો ઘા વ્યર્થ ગયો. શિઆળ કહે, 'આ તારો ઘા કેવો કે ગધેડો પણ તારી આગળથી બળ કરીને સટકી ગયો? તો પછી તું ગજયુદ્ધ કેમ કરીને કરીશ? જોયું તારું બળ.' સિંહ કહે, 'હું તૈયાર નહોતો એટલે શું થાય? નહિ તો હાથી પણ મારા હાથમાંથી ન છટકે.' શિઆળ કહે, 'હજી એકવાર એને તારી આગળ આણીશ, પણ તારે તૈયાર રહેવું.' સિંહ કહે, 'ઠીક.'

વળી શિઆળ ગધેડા આગળ ગયો. ગધેડો કહે, 'ભાણેજ, તું પણ મને ભારે શુભસ્થાને લઈ ગયો. મોટો અનર્થ થાય એમ હતું. કોણ જાણે કોઈ ગિરિશિખરાકાર જનાવર મારા ઉપર તૂટી પડ્યું હતું.' શિઆળ હસીને કહે, 'મામા, એ તો તને આવતો જોઈને અદ્ભુતશૃંગારવતી ગધેડી ભેટવા આવતી હતી, પણ તું કાયર થઈને નાઠો. એટલે એણે તને ઝાલવા હાથ પ્રસાર્યો, એટલું જ. એટલે ચાલ; નહિ તો તારા વિના એ મરશે ને તને સ્ત્રીહત્યા લાગશે.'

ગધેડો પાછો શિઆળ ભેળો આવ્યો, ને આજુફેરે સિંહે એને મારી નાખ્યો. એને મારી એને સંભાળવા શિઆળને રાખીને સિંહ સ્નાન કરવા નદીએ ગયો, ત્યાં શિઆળ ગધેડાના કાન ને હૃદય ખાઈ ગયો. સિંહ ન્હાઈ, દેવસેવા ને પિતૃતર્પણ કરી આવે છે તો ગધેડાને કાનહૃદય ન મળે, એટલે કોપાયમાન થઈને એણે શિઆળને કહ્યું, 'પાપિયા, આ કેવું અનુચિત કામ તેં કર્યું? ને કાનહૃદય ખાઈને આને એઠો કર્યો?' શિઆળ સવિનય કહે, 'સ્વામિન્, એવું બોલ મા. આ ગધેડો કાન ને હૃદય વિનાનો જ હતો, એટલે તો અહિં આવીને તને જોઈને ફરી પાછો આવ્યો.' સિંહે આ વાત માની, અને શિઆળ સાથે સંવિભાગ કરીને ભોજન કર્યું. એટલે હું કહું છું: 'આવિયો ને ગયો' ઇત્યાદિ.

(ચાલુ)

દેસાઇ વાલજી ગોવિન્દજી

સંસારનાં શહેરો

૩૫–ગૌડ

એક કાળે પૌર્વાત્ય સમૃદ્ધિની સંપૂર્ણ જાહોજલાલી અનુભવતું આ શહેર આજે બંગાળના માલદા જિલ્લામાં ખંડિયેર રૂપે જ રહ્યું છે. બંગાળની એ પ્રાચીન રાજધાની આપણા લોકસાહિત્યમાં 'ગોડબંગાલા' નામે ખૂબ આદરપાત્ર થઈ છે.

ભાગીરથીને પૂર્વ કિનારેથી ૧૦ માઈલ પર આવેલું આ શહેર ખૂબ પ્રાચીન છે. બંગાળના હિંદુ રાજા લક્ષ્મણસેને તે વસાવેલું. તે પરથી તે લક્ષ્મણાવતી કે લખનોતી પણ કહેવાય છે. મુસલમાન અમલમાં તેને અનેક નામો મળ્યાં છે: ફતેહાબાદ, હુસેનાબાદ, નસરતાબાદ વગેરે; અને મુગલ શહેનશાહ હુમાયૂંએ તો એને જન્નતાબાદ (સ્વર્ગપુરી) પણ કહેલું. ઈ. ૧૫૩૯માં શેરશાહની બંગાળની જીત પછી બંગાળની રાજધાનીપદેથી તે હમેશને માટે પદચ્યુત થયું.

મુસલમાનોના અમલમાં એ શહેર ખૂબ આબાદ બન્યું હતું. એક માઇલ લાંબા ને ૬૦૦થી ૮૦૦ વાર પહોળા તેના કિલ્લાને અનેક બુરજો ઉપરાંત દાખિલ દરવાજા, કોટવાલી દરવાજા, ચાંદ દરવાજા જેવા મુસ્લિમ સ્થાપત્યના અપૂર્વ દરવાજા હતા. કિલ્લાની ભીંતોની પહોળાઈ ચે નવ ફૂટ જેટલી હતી. ઉપરાંત 'બાર દરવાઝી' જેવી મસ્જિદો અને 'ફિરોઝ મિનાર' જેવા મિનારા સિવાય સુંદર ઝીલો ને મનોહર બગીચાઓએ એને ખરેખર જન્નત બનાવી મૂક્યું હતું.

૧૫૭૫માં ફાટી નીકળી ૩૯ વર્ષ સુધી ચાલેલો પ્લેગ ને ભાગીરથીના પ્રવાહનું ફેરબદલાંતર પણ આ શહેરની આજની કરુણ દશા માટે જવાબદાર છે.



માધુકરી

દીવાળી

અમે મગતરાં, અહીં મરણ તુલ્ય આ જીવવું;
ત્યંહી શરમને ત્યજી કજળની જની નિર્ભળી
ભલી ફરીફરી અહીં વરસ અંત, દીપાવલી,
પધાર છ ? કહે, હજી અધિક છે રહ્યું ચૂસવું ?
વિનાશકર રક્તમંગલ પ્રમત્ત જ્વાળા બળે
ભરી કઈ ઘડી કહે અહીં પધારશો, દેવડી ?
સુમંગલ ગણું: કણેકણ પ્રચંડ દાવાનળે
ગહા ભીષણ ચંડી રૂપ પ્રગટાવશો તે ઘડી.
ફૂટે ધરમચૂડ, ને ફિરતકોટડાં કોટિધા
ભયંકર રચ્યા અહીં કંઇક કાળથી માનુષે,
તુટે કડડ દુષ્ટ પ્રાણ હરનાર રૂઢી પ્રથા
બળે ભડડ આગજ્વાળ સહુ સંહરે ચોદિશે.
વિરાટ રૂપ વહ્નિનું પ્રગટ થાય એવું અહીં
મને થવું ગમે ત્યહીં ભસમ ભવ્ય જ્વાલામહીં.
(કૌમુદી) —ચન્દ્રવદન મહેતા

દેવેન્દ્રનાથ ટાગોર

ઋષિમુનિઓ જેવું જીવન ગાળવા સારૂ અનેક વૈભવોને તિલાંજલિ આપનાર, ભારતવર્ષમાં ફેલાતા ખ્રિસ્તી ધર્મ સામે પ્રચંડ વિરોધ દર્શાવનાર અને શાંતિનિકેતન જેવી આદર્શ સંસ્થાની સ્થાપનામાં અદૃષ્ટ આશીર્વાદ આપનાર એ મહાપુરુષ આજે બંગાળમાં ઘેરઘેર પૂજ્ય મનાય છે કવિસમ્રાટ રવીન્દ્રનાથ ટાગોરના એ પિતા હતા.

તેમના પિતા દ્વારકાનાથ ટાગોર પ્રતિષ્ઠિત અને શ્રીમંત ગૃહસ્થ હતા અને તેમના વેપારની એક મોટી પેઢી ચાલતી. તેમનાં દાદીમા ખૂબ ધર્મપ્રેમી હતાં. આમ, દેવેન્દ્રનાથ લક્ષ્મીને ખોળે ઊછર્યા હતા અને ધાર્મિક ભાવનાઓ તેમને વારસામાં મળી હતી.

એક વાર એમનાં દાદીમા ખૂબ બીમાર થયાં. તેમને ગંગાકિનારે લઇ જવામાં આવ્યાં દેવેન્દ્રનાથ પણ તેમની સાથે ગયા. પૂર્ણિમાનો દિવસ હતો. ચંદ્ર આકાશે ચડ્યો હતો. સ્મશાનભૂમિ સમીપ હતી. દાદીમા પાસે પ્રભુકીર્તન થતાં હતાં. ભજનની ધૂનમાં દેવેન્દ્રનાથને સંસારની નશ્વરતાનાં દર્શન થયાં તેમને કંઇક નવીન જ અનુભવ થયો. ધન તરફ તિરસ્કાર આવ્યો. સાદી ચટાઈ તેમને કીમતી ગાલીચા કરતાં પણ વધુ પ્રિય લાગી. તેમના આંતરિક આનંદનો પાર ન રહ્યો.

દાદીમા સ્વર્ગે સિધાવ્યાં. દેવેન્દ્રનાથના હૃદયમાં વૈરાગ્યભાવના પ્રગટી. તેમના જીવનમાં જબ્બર પલટો થયો. તેમણે વૈભવ મોજ-શોખનો ત્યાગ કર્યો. પોતાના દીવાનખાનાની વસ્તુઓ જેને જોઇએ તેને લઇ જવાની છૂટ આપી. આથી તેમને આનંદ તો થયો; પરંતુ પરમ સુખ મેળવવાની તેમની ઇચ્છા તૃપ્ત ન થઇ. આત્મજ્ઞાન મેળવવા માટે તેમણે સંસ્કૃત ભાષાનો અભ્યાસ શરૂ કર્યો. સાથે અંગ્રેજી ફિલસૂફીના ગ્રંથો પણ વાંચ્યા. પરંતુ તેથી યે તેમને સંતોષ થયો નહિ.

પછી તેમણે અનેક ધર્મના ગ્રંથો વાંચી નાખ્યા. ચિંતન પણ ખૂબ કર્યું. આખરે તેમને સૂઝી આવ્યું કે પ્રભુ તો નિરાકાર છે. આ દુનિયા તેમના હાથથી નહિ, પરંતુ ઈચ્છામાત્રથી ઉત્પન્ન થઇ છે. સમસ્ત વિશ્વ તેમને આધીન છે. ઈશ્વર નિરાકાર છે એમ માની લીધું ત્યારથી મૂર્તિપૂજા પરની તેમની શ્રદ્ધા ઊડી ગઇ અને તેમણે બંગસમાજના પ્રખર સુધારક રાજા રામમોહનરાયને પગલેપગલે ચાલવાનો નિશ્ચય કર્યો. મંદિરમાં જતા, પરંતુ મૂર્તિને નમસ્કાર કરતા નહિ. અંતે એક વાર તેઓ એક ઠેકાણે બેઠા હતા, એટલામાં કાગળનો એક ટુકડો ઊડતોઊડતો તેમની પાસે આવ્યો. તેમણે તે લીધો અને વાંચવા લાગ્યા, પરંતુ તેનો અર્થ સમજાયો નહિ. તેથી તેઓ એક પંડિત પાસે ગયા. પંડિતે કહ્યું, 'આ તો ઉપનિષદનો ટુકડો છે.'

પંડિતે તેનો અર્થ સમજાવ્યો ત્યારે તેમને ખૂબ આનંદ થયો. પોતાના હૃદયમાં જે ભાવ તે અનુભવતા હતા તે તેમણે ઉપનિષદના શબ્દમાં જોયા. તેમને શાંતિ થઇ. તેઓ પ્રભુપ્રેમ અનુભવવા લાગ્યા.

હવે તેમણે ઉપનિષદનો અભ્યાસ શરૂ કર્યો. તેમાં રહેલાં અપૂર્વ સત્યો તેમણે જાણી લીધાં અને એ સત્યથી જ માનવમાત્રનો ઉદ્ધાર થશે એમ માની તેનો પ્રચાર કરવા સારૂ તેમણે તત્ત્વબોધિની નામની સભા સ્થાપી. થોડા વખત પછી તેમણે બ્રહ્મો સમાજનું કામ જોયું. પોતાનો અને બ્રહ્મો સમાજનો ઉદ્દેશ એક જ લાગવાથી તેમણે તત્ત્વબોધિની સભાને બ્રહ્મો સમાજ સાથે જોડી દીધી. તેમના આવવાથી બ્રહ્મોસમાજમાં નવું બળ આવ્યું. તેનું કાર્ય પૂર જોશથી ચાલવા લાગ્યું.

બરાબર એ જ સમયે ખ્રિસ્તી ધર્મ ફેલાવવા સારૂ પાદરીઓ તનતોડ પ્રયાસ કરવા લાગ્યા. ઇ. સ. ૧૮૪૫માં એક પાદરીએ ઉમેશચંદ્ર નામના એક યુવક અને તેમનાં પત્નીને ખ્રિસ્તી બનાવવા નિશ્ચય કર્યો. ઉમેશચંદ્રના પિતાએ તેને ઘેર બોલાવવા ઘણા પ્રયત્ન કર્યા, પરંતુ તેમાં તે ફાવ્યા નહિ. આખરે તેમણે અદાલતમાં જઇ ફરિયાદ માંડી. ત્યાં પણ તેમને ન્યાય મળ્યો નહિ. પાદરીને ઘણું સમજાવવામાં આવ્યા, પરંતુ તેણે કોઇનું કહ્યું ન માનતાં બન્નેને ખ્રિસ્તી બનાવી દીધાં. આ વાત જ્યારે દેવેન્દ્રનાથે જાણી ત્યારે તેમને ખૂબ લાગી આવ્યું. તેઓ બોલી ઊઠ્યા: 'હવે તો હદ થાય છે. પાદ-

રીઓ આપણા જનાના સુધી પહોંચ્યા આપણી સ્ત્રીઓને પણ તેઓ ખ્રિસ્તી બનાવવા લાગ્યા !'

આ પ્રસંગથી ઉત્તેજિત થઈ દેવેન્દ્રનાથે હિંદમાં ખ્રિસ્તી ધર્મને ફેલાતો અટકાવવા કમર કસી. તેનો વિરોધ કરવા સારુ જુદાંજુદાં પત્રોમાં તેઓ લેખો લખવા લાગ્યા. બીજાઓને પણ તેમણે સખત વિરોધ કરવાનો આગ્રહ કર્યો. તેમણે પડકાર કર્યો કે આપણા ધર્મનો નાશ થવા બેઠો છે; દેશનું સત્યાનાશ જવાનો વખત આવી પુગ્યો છે; આપણું હિંદુપણું ભુલાઇ જવા આવ્યું છે; તમે તમારું અને તમારા કુટુંબનું હિત ચાહતા હો, આપણા દેશની પ્રગતિ ઈચ્છતા હો અને સત્યને માટે માન હોય તો તમે તમારાં બાળકોને તેમની નિશાળે ન મોકલો. દેશી નિશાળો સ્થાપો અને તેમાં તમારાં બાળકોને કેળવો.'

તેમના પ્રચારની અસર સારી થઈ. લોકોએ બાળકોને ખ્રિસ્તીશાળાઓમાંથી ઉઠાડી લીધાં. ઠેરઠેર રાષ્ટ્રીય શાળાઓ સ્થપાઇ. પાદરીઓના હાથ હેઠા પડ્યા. બંગાળામાં ખ્રિસ્તી ધર્મ ફેલાતો અટકી પડ્યો.

ઇ.સ. ૧૮૪૬માં દેવેન્દ્રનાથના પિતા ઈંગ્લાંડમાં અવસાન પામ્યા. તેમની શ્રાદ્ધાદિ ક્રિયા કરવાનું કામ તેમને માથે આવી પડ્યું. તેમાં મૂર્તિપૂજા આવતી હોવાથી તેમણે તે કામ કરવાની સાફ ના પાડી. ભાઇઓ, મિત્રો અને સગાંસંબંધીઓએ આથી તેમનો ત્યાગ કર્યો. પરંતુ તેમણે કોઇની દરકાર ન કરતાં બ્રહ્મોધર્મ પ્રમાણે પોતાના પિતાનું શ્રાદ્ધ જુદી જ રીતે કર્યું.

હજુ પિતાના અવસાનનો ઘા રૂઝાયો નથી એટલામાં વેપારની પેઢી ભાંગી ગઇ. લગભગ ૧ કરોડ રૂપિયાનું દેવું ને ૪૩ લાખનું લેણું હતું. પેઢીના મૅનેજરે લેણદારોની સભા બોલાવી અને દેવેન્દ્રનાથ તથા તેમનાં કુટુંબીજનો માટે ખાસ જુદી રાખેલી ટ્રસ્ટમિલ્કત સિવાયની બીજી બધી મિલ્કત લેણદારોને આપવાની દરખાસ્ત મૂકી. પરંતુ દેવેન્દ્રનાથને પ્રામાણિક લાગ્યું નહિ. તેમણે પોતાના ભાઇની સલાહ લઇ જાહેર કર્યું કે જે મિલ્કત લેણદારો કાયદેસર રીતે લઇ શકતા નથી તે પણ પોતે આપી દેવા તૈયાર છે. તેમની આવી ઉદારતા જોઇ એક લેણદાર તો સભામાંજ રડી પડ્યો. આખરે તમામ મિલ્કત લેણદારોને સોંપવી ને દ્વારકાનાથના કુટુંબને દર વર્ષે રૂપિયા ૨૫,૦૦૦ આપવા એવું નક્કી થયું. પિતૃઋણ ફેડવામાં દેવેન્દ્રનાથે વિજય મેળવ્યો.

બ્રહ્મોધર્મ સ્વીકાર્યા પછી દેવેન્દ્રનાથ પ્રવાસે નીકળ્યા. ઠેરઠેર બ્રહ્મો સમાજો સ્થાપી. ઈ.સ. ૧૮૫૬માં તેઓ હિમાલય ગયા. ત્યાં જઇ તેમણે દોઢ વર્ષ સુધી એકાંતમાં અભ્યાસ કર્યો. ૧૮૫૭ના બળવા પછી તેઓ કલકત્તા પાછા આવ્યા.

એ વખતે બ્રહ્મોસમાજમાં કેશવચંદ્ર સેન નામના એક સમર્થ સુધારક થયા. કેશવચંદ્રે પોતાના કુલગુરુ પાસે દીક્ષા લેવાની ના પાડી. આથી તેમનાં કુટુંબીજનો અને પત્નીએ તેમને કાઢી મૂક્યા. તેઓ દેવેન્દ્રનાથને ત્યાં આવી રહેવા લાગ્યા. તેમની શક્તિ અને પ્રતિભા જોઈ દેવેન્દ્રનાથ તેમના પર પ્રસન્ન થયા અને બંને જણે હવે બ્રહ્મોસમાજનું કામ ઉત્સાહભેર ઉપાડી લીધું. ઈ.સ. ૧૮૬૨માં દેવેન્દ્રનાથે કેશવચંદ્રને આચાર્યની પદવી આપી ને તેમનું નામ બ્રહ્માનંદ પાડ્યું. પરંતુ વખત જતાં બંનેના વિચારોમાં ભેદ પડવા લાગ્યો. ઇ. ૧૮૬૫માં બે જણ છૂટા પડ્યા. કેશવચંદ્રે 'ભારત બ્રહ્મોસમાજ'ની સ્થાપના કરી. દેવેન્દ્રનાથે પોતાના સમાજને 'આદિ બ્રહ્મો સમાજ' નામ આપ્યું.

હવે દેવેન્દ્રનાથ બ્રહ્મોસમાજના કામમાંથી ધીમેધીમે નિવૃત્ત થવા લાગ્યા. બિરભૂમ જિલ્લાના બોલપુર ગામમાં તેમણે પોતાનું રહેઠાણ રાખ્યું. આજે તે 'શાંતિનિકેતન'ના નામથી ઓળખાય છે. જિંદગીના છેલ્લા દિવસોમાં ધ્યાન અને અભ્યાસનો ઘણોખરો સમય તેમણે આ જ સ્થળે ગાળ્યો અને ઈ.સ. ૧૯૦૫ના જાન્યુઆરીની ૧૯મી તારીખે તે કલકત્તામાં અવસાન પામ્યા. તેમના જવાથી બંગાળે એક મોટો મહારાજા ગુમાવ્યો હોય એવો શોક વ્યક્ત કર્યો, કેમકે બંગાળભરમાં લોકોના હૃદયમાં તેમણે એક મહર્ષિ તરીકે સ્થાન મેળવ્યું હતું.

દુર્ગાપૂજા

આશ્વિન માસનો પ્રારંભ થતાં જ નવરાત્રિ, શરદપૂર્ણિમા અને દીપોત્સવીનાં મંડાણ થઈ ચૂકે છે. એ શુભ દિનોએ માનવ સમુદાય આનંદની અવધિ અનુભવે છે. આશ્વિન માસની શરૂઆત એટલે નવરાત્રિનો આરંભ. એ નવરાત્રિના દિવસોમાં ગરવી ગુજરાત પોતાને આંગણે ગરબા, રાસ, વગેરે મનોરંજક કાર્યક્રમ ગોઠવી આનંદોત્સવ ઊજવે છે. પરંતુ ગુજરાતથી ઘણે દૂર પૂર્વમાં આવેલો બંગદેશ તો નવરાત્રિના છેલ્લા દિવસોમાં જાણે સ્વર્ગસુખની ઝાંખી જુએ છે. એ દિવસોને એ 'પૂજા' તહેવારોના નામથી ઓળખે છે.

બંગીય જીવનમાં પૂજાઓનું બહુ મહત્ત્વ છે. એ સમસ્ત દેશ દેવી—શક્તિનો ઉપાસક છે. આખા વર્ષ દરમિયાન એ પ્રદેશમાં સાત-આઠ પૂજા ઉત્સવ રૂપે ઊજવાય છે. તે ઉત્સવોમાં સૌથી શ્રેષ્ઠ તે નવરાત્રિમાં ઊજવાતી દુર્ગાપૂજા.

દુર્ગાપૂજાની શરૂઆતનો દિન આશ્વિન સુદ સપ્તમી. પરંતુ તેના શ્રીગણેશ તો ક્યારના યે મંડાય. પંદર દહાડા પહેલાં ઉત્સવનું વાતાવરણ જામે. લોકોમાં અનેરો ઉત્સાહ નજરે પડે. રેલવે કંપનીઓ સસ્તા દરની ટિકિટો કાઢે; શાળા-મહાશાળાઓ એક માસ જેટલી લાંબી રજાઓ પાડે; સંસ્થાઓ પોતાના કાર્યક્રમો ગોઠવી ઉત્સવના મહિમામાં વધારો કરે; દુકાનો પર 'પૂજા સેલ' એ અક્ષરોથી કલામય રીતે આલેખાએલાં પાટિયાં નજરે પડે, અને મધરાત લગી એ દુકાને ગ્રાહકો જામી રહે. જેમજેમ દુર્ગાપૂજાના દિવસો પાસે આવે તેમતેમ સર્વત્ર આનંદની રેખા દર્શાવતો પારો ચઢવા લાગે.

આશ્વિન સુદ સપ્તમી એટલે દુર્ગાપૂજાનો પૂર બહાર. પ્રભાતની મંગળ પળોએ, જેમને ઘેર પૂજોત્સવ થવાનો હોય તે ઘરનો વડો, તેનું કુટુંબ તથા અન્ય ગૃહસ્થો સાથે મળી નદીએ પાણી લેવા જાય. સરઘસના આકારે સૌ ચાલે. દુંદુભી, ઢોલ, શરણાઇ અને ત્રાસાં, એ સરઘસનાં વાજિંત્રો હોય. તે પછી ઘરનો વડો, અને તેની સાથે ચાલતો ઉપાધ્યાય. તેમની પછવાડે કુટુંબીજનો અને સ્નેહીઓ. સાથે ચાંદી યા પિત્તળના ઘડા હોય.

એમ સરઘસાકારે સૌ નદીએ જાય. ત્યાં સ્નાન કરી, પવિત્ર થઇ, સૌ ઘડાઓમાં પાણી ભરે અને પછી એવી જ રીતે સરઘસના રૂપમાં પાછા ફરે. પાછા ફરતી વખતે દરેકે રેશમી અને રંગબેરંગી વસ્ત્રો ધારણ કરેલાં હોય. ઘેર આવી એ ઘડામાંના પાણીને મંત્રપૂત કરે અને એ શુદ્ધોદકથી દુર્ગાદેવીનું આવાહન કરે.

શક્તિપૂજાને કારણે બંગાળામાં એક કલા બહુ વિકાસ પામી છે. અને તે મૂર્તિનુ સર્જન. શુદ્ધ માટી વડે મૂર્તિના ઘડવૈયાઓ મૂર્તિ બનાવે. પાંચ ફૂટથી માંડી પંદર ફૂટ લગી ઊંચી મૂર્તિઓ બનાવવામાં આવે. એ મૂર્તિ, પૂજા કરનારને આંગણે જ બનાવવામાં આવે. દરેક શક્તિસંપન્ન બંગાળીએ પોતાના ઘરમાં મંદિરનો ખાસ જુદો ભાગ બંધાવેલો હોય. મૂર્તિને વિવિધ આભૂષણોથી, રંગબેરંગી વસ્ત્રોથી ચિત્રવિચિત્ર વસ્તુઓથી અને કલાત્મક કૃતિઓથી સુશોભિત કરેલી હોય વચમાં દુર્ગાદેવી અને બંને બાજુએ અન્ય દેવીઓની મૂર્તિ હોય. દુર્ગાદેવીના પગ નીચે લોહીમાં રગદોળાએલો મહિષાસુર, એક ખૂણે કાર્તિકસ્વામી અને બીજે ખૂણે શ્રી ગણેશ હોય. આ, એ મૂર્તિનું કલાવિધાન.

આશ્વિન સુદ ૮, એ મહાપૂજાનો દિવસ. તે દિવસે પત્ર, પુષ્પ, ફલ વગેરે અર્ઘ્યાદિથી દેવીની ભવ્ય પૂજા થાય. શક્તિપૂજાનો તાદૃશ ચિતાર આપણને એ દિનની પૂજા જોવાથી આવે. તે પછી આશ્વિન સુદ ૯ને દિવસે વાજિંત્રોના ગડગડાટ વચ્ચે માતાને બકરાનું બલિદાન દેવાય. હજારો બકરાઓ તે દિવસે માતાનો બલિ બની મોક્ષ મેળવે! આશ્વિન સુદ ૧૦, એ પૂજાનો અંતિમ દિન. તે દિવસે માતાજીનું વિસર્જન થાય. સાંજના સમયે માતાજીના વિસર્જનનો વિધિ શરૂ થાય. ઘરમાં વિસર્જનવિધિ પૂરો થયા બાદ દેવીની મૂર્તિને નદીએ પધરાવવા માટે સરઘસાકારે લઇ જવામાં આવે. શરૂઆતમાં મોટાં નગારાં, ઢોલ, શરણાઈ વગેરે હોય, ત્યારબાદ બૅન્ડપાર્ટી, વચમાં નવવસ્ત્રોથી વિભૂષિત થએલા ઘરના તમામ પુરુષો, તેમની પછવાડે ભાઇ લોકો વડે ઊચકાએલી દેવીની મૂર્તિ, અને સૌથી છેલ્લે, ગાડીમાં બેઠેલી સ્ત્રીઓ. સરઘસની શોભાની ન્યૂનાધિકતાનો આધાર ઘરના મુખ્ય પુરુષ પરની લક્ષ્મીદેવીની કૃપા પર અવલંબે.

સાંજના ચાર વાગતાં જ, શેરીએશેરીએ આ પ્રકારનાં સરઘસો જોવા મળે. રાત પડતાં આ સરઘસોમાં દીવાની રોશની અનેરી શોભા અર્પે. સ્વગૃહે જતાં દેવીનાં દર્શન કરવા માનવમેદની ટોળે મળે. 'દુર્ગા માઇકી જય'ના પોકારોથી સરઘસ ગાજી ઊઠે. મુખ્ય રસ્તાઓ ફરી સરઘસ નદીકિનારે આવે. ત્યાં અનેક વહાણો લાંગરેલાં હોય, તેમાંથી કોઇ એકાદ ભાડે કરે. વહાણમાં મૂર્તિને મૂકવામાં આવે ને પછી વહાણને નદીની મધ્યમાં લઈ જઈ નદીજળમાં તેને પધરાવવામાં આવે.

એ જ રીતે સૌ સરઘસાકારે પાછા ફરે. પરંતુ આ વખતે બધું વિપરિત હોય. જે ઉલ્લાસ, જે આનંદ, દેવીને જળનિમજ્જન કરવા લઇ જતી વખતે નજરે પડે, તે આ વેળા જોવામાં ન આવે. વાજિંત્રો વાગતાં હોય, પણ શોક પ્રદર્શિત કરતાં હોય એવા સ્વરે. બંગાળી બાબુઓ ચાલતા હોય, પણ તેમનાં પગલાંમાં છટા ન હોય. દીવાની રોશની હોય, પણ બુઝાવાની આળસે બળતી હોય એવી. દેવીનો વિયોગ સરઘસનો આનંદ છીનવી લે.

વિજયા દશમીને દહાડે એકબીજામાં અભિનંદનની આપલે કરે. 'આજકે બિજયા, આજકે બિજયા' એ શબ્દો રસ્તે ચાલતા પથિકને અનેકવાર સંભળાય.

દુર્ગાપૂજા એ બંગીય જીવનનો ઉત્તમ પ્રસંગ. પૂજામાં પણ શક્તિપૂજાનું પ્રાધાન્ય. દેવીમંદિરોમાં 'મા' 'મા'ના પોકારો અનેક બંગાળીઓનાં મુખમાંથી સરી પડતા સંભળાય. પૂજાના આ ચારે ય દિવસોમાં પૂજા કરનારને ત્યાં વિવિધ કાર્યક્રમ ગોઠવાય. 'જાત્રા' (હરિકથા), વ્યાયામના પ્રયોગો, ગવૈયાઓનાં ગાન તથા નર્તિકાઓના નાચ વગેરેથી પૂજાના દિવસો વ્યતીત થાય.

પૂજા દિવસો દરમિયાન શેરીને એક ખૂણે ઊભેલો પરપ્રાન્તીય શું જુએ? ટિકિટના સસ્તા દરે દોડતી અને પરિણામે બંગાળી બાબુઓથી ભરચક ભરાએલી ટ્રામગાડીઓ, પાંચગણાં ભાડાં પડાવી કમાણી કરતી ઘોડાગાડીઓ, દેવીનાં દર્શને જતાંઆવતાં ઉત્સુક મનુષ્યો, રોશની અને કલાત્મક જાહેર ખબરોથી શોભતી દુકાનો, સુંદર વસ્ત્રો, ઉઘાડાં માથાં લાંબા જભ્ભા અને છૂટી પાટલી એવી વેશભૂષાથી ઓળખાતા અહીંતહીં આનંદે ફરતા બંગવાસીઓ, લજ્જાની મર્યાદાનો પાઠ શીખવતી, સુંદર રંગબેરંગી સાડીઓમાં શોભતી, માથામાં સીંદુરનાસેંથાનું સૌભાગ્યચિહ્ન ધરાવતી, દેવીનાં દર્શને જતી કોમલાંગી બંગીય મહિલાઓ. બંગીય જીવનનું એક વિશિષ્ટ અંગ આ દુર્ગાપૂજા નજરે નિહાળનાર સૌકોઇને જીવનમાં ચિરસ્મરણીય બની રહે છે.

—મુકુંદરાય જશવંતલાલ ધોળકિયા

તમાકુની તવારીખ

કોલંબસ માત્ર અમેરિકા જ શોધ્યાનો જશ ખાટી જાય તેમ નથી, પરંતુ જે તમાકુનો આજે દુનિયાભરમાં જુદેજુદે સ્વરૂપે ઉપયોગ થઇ રહ્યાં છે તેની શોધ ૧૪૯૩માં કરવાનો જશ પણ તેને ફાળે જાય છે. એ સાલમાં ટોબાગો બેટ તેણે શોધી કાઢયો. એ બેટ ઉપર તમાકુ મોટા પ્રમાણમાં ઊગતી અને કયૂબાના રાજાઓ તમાકુનાં પાંદડાંના વીંટલા કરી તેનો છેડો સળગાવીને ફૂંકતા. આધુનિક બીડી-સિગારેટના પૂર્વજને આ ટોબૅગો નામ અપાએલું હતું.

ઇ. ૧૫૬૦માં અમેરિકામાં વસેલા સ્પૅનિયાર્ડો સૌપહેલાં તમાકુ પીતાં (ધુમાડો લેતાં અને કાઢતાં) શીખ્યા. સર જૉન હૉકિન્સે ઇ. ૧૫૬૫માં વિલાયતમાં તમાકુ દાખલ કરી. કેટલાકનું માનવું એવું છે કે સૌથી પહેલા સર ફ્રાન્સિસ ડ્રેક અને સર વૉલ્ટર રૅલે ૧૫૮૫માં તમાકુનાં પાન વિલાયતમાં લાવ્યા.

ઇ. ૧૫૫૯માં પોર્ટુગલના દરબારમાં ફ્રેન્ચ એલચી તરીકે ગએલા જૉન નિકૉટે રાણી કૅથેરીન દ મેદાસીને તમાકુનાં બી ભેટ મોકલ્યાં, અને ત્યાર પછી ફ્રાન્સમાં તેનો વપરાશ વધી ગયો અને નિકૉટનું નામ ચિરસ્મરણીય બન્યું.

એ જ અરસામાં ફ્રાન્સ અને પોર્ટુગલમાંના પોપના પ્રતિનિધિએ ઇટાલીમાં વિસ્ફોટકના દરદના ઓસડ તરીકે તમાકુ દાખલ કરી અને તેને 'સંત પાલો' (Herbe sainte) નામ આપ્યું.

તમાકુનું જેમ ઠેરઠેર ભાવભીનું સ્વાગત થયું છે તેમ જ તેના ઉપયોગને ધુત્કારી કાઢવામાં પણ આવ્યો છે. ઇ. ૧૫૯૯માં હેન્રી બ્યૂટ્સ નામના વિદ્વાને લખેલા ખોરાક વિષયક એક નિબંધમાં ભોજનને અંતે તમાકુના ઉપયોગ વિષે લખ્યું છે. તેણે એમાં તમાકુનાં ગુણગાન વર્ણવતાં જણાવ્યું છે કે 'તે કોઈ પણ જાતની મનોવ્યથા, સુસ્તી તેમ જ શરદી અને પવનને લીધે છાતીમાં આવતા સોજા તથા ક્ષયને મટાડે છે.

૧૬૦૫માં એ જ રાજાના અમલમાં ઑક્સફર્ડમાં થએલી ઔષધવિષયક ચર્ચાસભામાં રાફેલ થોરિયસ નામે નિષ્ણાત દાક્તરે તમાકુની તરફેણ કરી હતી. ઇ. ૧૬૧૪માં વિલિયમ બાર્કલે નામના દાક્તરે 'તમાકુ-ગુણ વર્ણન' લખ્યું તેમાં જુદાજુદા રોગો ઉપર ઔષધ તરીકે તમાકુના વિષે લખ્યું છે કે, તે સંધિવા, ફેફરું, મૂંઝીપણું (melancholia) અને સોજાને મટાડે છે.

૧૬૦૪માં વિલાયતના રાજા પહેલા જેમ્સે બહુ કડક શબ્દોમાં તમાકુને વખોડી કાઢી હતી. ૧૬૧૫માં કૅમ્બ્રિજના વાઈસ-ચાન્સેલરે ફરમાન બહાર પાડ્યું કે કૅમ્બ્રિજના કોઇ પણ વિદ્યાર્થીએ, શિષ્યવૃત્તિ મેળવનારે કે સ્નાતકે સેન્ટ મેરીના દેવાલયમાં તમાકુ લાવવી નહિ; લાવશે તેને યુનિવર્સિટીમાંથી કાઢી મૂકવામાં આવશે. ૧૬૯૦માં પોપ ઇનોસન્ટ ૧૨માએ તમાકુ ફૂંકનારનો બહિષ્કાર કરનારું ફરમાન પ્રસિદ્ધ કર્યું હતું.

હિન્દમાં ઇસુની સાતમી સદીમાં સુગંધી દ્રવ્યોની બીડી ફૂંકવાનું પ્રચલિત હતું અને તમાકુનો પહેલો પ્રવેશ હિન્દને પશ્ચિમ કિનારેથી ફિરંગીઓ મારફત થયો. ત્યાંથી તમાકુનો છોડ બીજાપુર પહોંચ્યો અને છેક સત્તરમી સદીમાં શહેનશાહ અકબરના અસ્તકાળમાં દિલ્હીની કચેરી સુધી તમાકુ પહોંચી.

ઈ ૧૬૦૪-૫ના અરસામાં, અકબરના રાજ્ય અમલના અંતકાળે અબુલફઝલનો આસદ બેગ નામનો નોકર દક્ષ્ખણથી મોગલ દરબારમાં તમાકુ લાવ્યો. બાદશાહી હકીમોએ અકબરને તમાકુનો સ્પર્શ કરવાની ના પાડી, પરંતુ આસદ બેગના સંતોષને ખાતર તેણે

ત્રણ ચપટી તમાકુ લઈ તેની ફૂંક લીધી. તેના હકીમો આથી ખૂબ મૂંઝાયા. આવી કોઇ વસ્તુનો ઉલ્લેખ તેમની કિતાબોમાં નહોતો, તેથી અજાણી વસ્તુનો ઉપયોગ બાદશાહ કરે તે તેમને ન રુચ્યું. પરંતુ બાદશાહને નવાનવા અખતરાઓનો શોખ હોવાથી તેણે તો એ તમાકુના ગુણદોષ નક્કી કરવાનું કામ એ હકીમોનેજ સોંપ્યું! બાદશાહી હકીમે અકબરને જણાવ્યું કે કોઈ કિતાબમાં તેનો ઉલ્લેખ નથી. 'આ કોઇ નવી જ વસ્તુ છે અને તેને વિષે કોઇ પણ હકીમે આજ સુધી કાંઇ જ લખ્યું નથી.' આસદ બેગે જવાબ આપ્યો કે 'આ નવી વસ્તુ ઉપયોગી છે કે નહિ તે નક્કી કરીને પછી જ તેનો સ્વીકાર કે ઇન્કાર કરવો જોઇએ.' હકીમ કહે, 'આ વસ્તુ યુરોપથી આવેલી છે. અમે યુરોપવાસીનું અનુકરણ કરવા નથી માગતા.' 'પરંતુ ડાહ્યા માણસો અને હકીમો પાસે કોઈ નવી વસ્તુ આવે તો પહેલાં તેના ગુણદોષ તેમણે પારખવા જોઇએ,' એવો આસદ બેગે જવાબ આપ્યો. છેવટે સત્યાન્વેષણની ઈચ્છાવાળા અને વિશાળ દૃષ્ટિબિન્દુવાળા બાદશાહે જણાવ્યું કે 'આપણી કિતાબોમાં કોઈ વસ્તુ વિષે ન લખ્યું હોય અને પરદેશથી તે આવી હોય તેટલા માટે તેનો તિરસ્કાર કરવો યોગ્ય નથી. એથી આપણે પ્રગતિ ન કરી શકીએ.'

ઇ. ૧૬૧૭માં જહાંગીર બાદશાહે તમાકુ પીવાથી મગજ તેમજ શરીર ઉપર થતી માઠી અસરને કારણે તમાકુના ઉપયોગ સામે પ્રતિબંધ મૂક્યો. પણ તે પછી તો તમાકુનો પગપેસારો વધી ગયો. હિંદભરમાં તે ફેલાઈ ગઈ. તેનો ફેલાવો અટકાવવાનું મુશ્કેલ બન્યું. તમાકુનો પાક એટલો બધો વધી પડતો કે ખેડૂતો અરધો પાક જ લેતા અને બાકીનો સડી જતો.

શરૂઆતમાં જૉન કંપનીના હાથમાં તમાકુનો વેપાર હતો અને તેની મારફત કંપનીને પુષ્કળ આવક મળતી.

આમ, તમાકુ અનેક તડકાછાંયામાંથી પસાર થઇ આજે સાડાચારસો વર્ષે દુનિયાભરમાં ફેલાઈ ગઈ છે.

(સૂચિત) —વે૦

ગ્રામ સ્વરાજ

ગ્રામ સ્વરાજનો મારો ખ્યાલ એવો છે કે દરેક ગામ એક સંપૂર્ણ પ્રજાસત્તાક હોવું જોઇએ. પોતાના જીવનની અત્યંત મહત્ત્વની જરૂરિયાતો માટે એ પ્રજાસત્તાક પોતાના પાડોશીઓથી સ્વતંત્ર હશે, પરંતુ જે બાબતોમાં સહકાર્ય અનિવાર્ય હશે તે બધાં કાર્યોમાં પાડોશીઓ સાથે પરસ્પર સહાયથી કાર્ય કરશે. એ મુજબ પોતાની જરૂરિયાત જેટલું ધાન્ય અને પોતાના કાપડ માટેનો કપાસ ઉગાડવાની તેની પહેલી ફરજ ગણાશે. પોતાનાં ઢોરોને ચરવાને માટે તેમજ બાળકોની રમતગમતો અને મોટેરાંઓના આમોદપ્રમોદને સારુ તે જમીન અલગ રાખશે. તે પછી જો ગામ પાસે જમીન ફાજલ રહેશે તો તેમાં ઉપયોગી, બજારમાં વેચી શકાય એવા, પાકો લેવાશે; —ઉપયોગી એટલેકે તેમાં ગાંજો, તમાકુ, અફીણ વગેરે જેવા પાકો નહિ આવે. દરેક ગામ પોતાનું એક નાટકઘર, પોતાની નિશાળ અને સભાગૃહ નભાવશે. ગામની દરેક વ્યક્તિને સ્વચ્છ પાણી મળે એવી જોગવાઈ કરવામાં આવશે. પૂરતી દેખરેખ નીચે નભાવવામાં આવતાં કૂવાઓ અથવા તળાવોથી આ કાર્ય પાર પડી શકશે. પાયાની કેળવણીના છેવટના ધોરણ સુધીની કેળવણી ફરજિયાત હશે. બની શકે ત્યાં સુધી દરેકેદરેક પ્રવૃત્તિ સહકારી પદ્ધતિના સિદ્ધાન્તો પ્રમાણે ચાલશે. આજે છે તેવી અસ્પૃશ્યતાની ચઢતીઊતરતી શ્રેણીઓવાળી જ્ઞાતિવ્યવસ્થા ત્યાં નહિ હોય. દરેક ગ્રામસમાજની સત્તા પાછળનું સાધન અથવા બળ સત્યાગ્રહ અથવા અસહકારની પદ્ધતિવાળી અહિંસા હશે. ગામે રાખવામાં આવતી યાદીમાંથી ગામની ફરજિયાત ચોકી માટે વારા પ્રમાણે ચોકિયાતો પસંદ કરવામાં આવશે. નિયમ પ્રમાણેની નક્કી કરવામાં આવેલી ઓછામાં ઓછી ચોક્કસ લાયકાતવાળાં ગામનાં પુખ્ત ઉમરનાં સર્વ સ્ત્રી અને પુરુષો દર વર્ષે પાંચ જણની એક પંચાયત ચૂંટી કાઢશે અને તે ગામની સરકાર તરીકે ગામનાં બધાં જાહેર કાર્યો કરશે. આ પંચાયતને જરૂરની બધી સત્તા અને અધિકાર આપવામાં આવશે. હાલના માન્ય અર્થમાં શિક્ષાની કોઈ પદ્ધતિનો અમલ નહિ હોય, એટલે આ પંચાયત પોતાના અમલના એક વર્ષને માટે ગામની ધારાસભા, ન્યાયાધીશ અને કાર્યવાહક મંડળ બનશે. કોઇ પણ ગામ આજે જ આવું પ્રજાસત્તાક બની શકે અને તેમાં હાલની સરકાર—જેનો ગામ સાથેનો એકમાત્ર સક્રિય સંબંધ જમીનની મહેસૂલ ઉઘરાવીને ખેંચી જવા પૂરતો જ છે—પણ બહુ અંતરાય નહિ નાખે.

પડોશનાં ગામો સાથેના અને જે હોય તે કેન્દ્ર સાથેના સંબંધોનો વિચાર મેં અહીં નથી કર્યો. મારો હેતુ તો 'ગ્રામ સ્વરાજ' અથવા 'ગામ સરકાર'ની રૂપરેખા રજૂ કરવાનો જ છે. દરેક વ્યક્તિની સ્વતંત્રતાના પાયા ઉપર રચાએલી આ વ્યવસ્થામાં સંપૂર્ણ લોકશાહી રહેલી છે. એમાં પ્રત્યેક વ્યક્તિને હાથે પોતાની સરકારનું ઘડતર થાય છે. તે અને તેનું ગામ આખી દુનિયાના બળનો સામનો કરી શકે છે. કેમકે પોતાના ગામના અને તેની આબરૂના રક્ષણને સારુ દરેક ગ્રામવાસી મરણને ભેટવા તૈયાર હોય એ નિયમથી બધાં ગ્રામવાસીઓ બંધાએલાં હશે.

આ બધું લખતાંલખતાં હું મારી જાતને જેમ પૂછી રહ્યો છું તેમ વાચક પણ મને પૂછી શકે કે, ભલા, અહીં આ જે ચિત્ર તમે દોર્યું છે તે નમૂના પર સેવાગ્રામને તમે કેમ ન ગોઠવી દીધું? મારો જવાબ એ છે કે એ દિશામાં મારો પ્રયાસ ચાલે જ છે. સફળતાની કંઈક ઝાંખી મને પોતાને થાય છે, પણ પ્રત્યક્ષ દેખાય તેવું કશું હું બતાવી શકું એમ નથી. પણ અહીં જે ચિત્ર દોરેલું છે તેમાં સ્વભાવતઃ એવું કશું નથી કે જેથી તેની સિદ્ધિ અશક્ય બને. આવા પ્રકારના આદર્શ નમૂનાને પહોંચતાં કદાચ આખી જિંદગી કાર્ય કરવું પડે. સાચી લોકશાહી અને ગ્રામજીવનનો આશક જો એકાદ ગામ પકડીને તેના જ ઘડતરને પોતાની સર્વ સૃષ્ટિ અને સમગ્ર કાર્ય ગણીને બેસી જાય તો તે સારાં પરિણામો મેળવી શકે. તેણે શરૂઆત ગામના ભંગી, કાંતણશિક્ષક, ચોકિયાત, વૈદ અને શાળા-શિક્ષક એ બધાનાં કાર્યો એકીસાથે આરંભીને કરવી જોઇએ. એની સાથે તરત કોઈ ન જોડાય તો ગામનું ભંગીકામ અને કાંતણ કરતા રહીને તે સંતોષ મેળવશે.

(હરિજન) —મોહનદાસ કરમચંદ ગાંધી

સૈનિકો માટે લોહીની રસી

લડાઇના મેદાન ઉપર લશ્કર અને નૌકાદળમાં ઘાયલ થએલા સૈનિકોને જીવતા તંદુરસ્ત માણસનું લોહી આપવામાં આવે છે. રેડક્રૉસ તરફથી એ ભેગું કરવામાં આવે છે. અમેરિકામાં જુલાઇની પહેલી તારીખ સુધીમાં એકેક ઔંસનું ઉઘરાણું કરીને ૩,૬૫,૦૦૦ માણસોનું લોહી સંગ્રહવામાં આવ્યું છે. આ વડે હજારો ખલાસીઓ અને સૈનિકોના જાન બચાવી શકાશે.

ગત મહાયુદ્ધ વખતે ઘાયલ સૈનિકોને એકબીજાનું જ લોહી આપવામાં આવતું. આ રીતમાં બહુ જોખમ હતું. (કેમકે, માણસ દીઠ લોહીના પણ પ્રકાર હોય છે; અને કોઇને જો બીજા જ પ્રકારનું લોહી અપાઈ જાય તો ઊલટો તે તરત મરણશરણ થાય છે.) કેટલીક વખત તો રણમેદાન ઉપર લોહી આપવું બહુ મુશ્કેલ બની રહેતું. પણ છેલ્લાં

થોડાં વર્ષોમાં દાક્તરી નિષ્ણાતોએ લોહીની રસી મૂકવાની શોધ કરીને એ મુશ્કેલીનો અંત આણ્યો છે.

લોહીમાંના રાતા કણો દૂર કરવાથી પાછળ વધતા પીળા કણોનો પ્રવાહી રસી તરીકે વપરાય છે. જોકે લોહીમાં જરૂરી એવાં બધાં જ તત્ત્વો એ રસીમાં નથી હોતાં; છતાં ઘાયલ માણસની નસોમાં એ દાખલ કરવાથી તે એને નવું જ જીવન બક્ષે છે. અને બીજી સરળતા એ છે કે કોઇ પણ માણસના લોહીની રસી કોઇ પણ માણસમાં દાખલ કરી શકાય છે.

ગંભીર ઘા લાગ્યો હોય ત્યારે ખૂબ પ્રમાણમાં લોહી વહી જવાથી હૃદયને ચાલવા માટે જરૂરી લોહીનો પૂરવઠો બંધ થાય છે. તેથી એ વેગથી ધડકવા લાગે છે અને તાકીદે થોડું લોહી અંદર ન મોકલવામાં આવે તો બંધ પડી જાય છે ને માણસ મૃત્યુ પામે છે. આવા પ્રસંગોમાં મીઠાનો ઉપયોગ કામચલાઉ કરી શકાય છે. પણ રસી આપવાથી માણસને કલાકો સુધી જીવાડી શકાય છે, જે દરમ્યાન લોહીના પૂરેપૂરા પરિભ્રમણથી વહી ગએલા લોહીની ખોટ પૂરી શકાય છે.

સાધારણ જખમમાં પણ આ રસીનાં બિન્દુઓ બહુ પ્રમાણમાં ચાલ્યાં જાય છે અને ગંભીર જખમમાં તો એનું પ્રમાણ અસાધારણ હોય છે. લોહીના દબાણને મૂળ સ્થિતિએ લાવવા માટે બેથી ચાર ઈન્જેકશનો આપવાં પડે છે.

પર્લ હાર્બરમાં સેંકડો જિન્દગીઓ આવી રીતે રસી આપીને બચાવી લેવામાં આવી હતી. ગયા ડિસેમ્બર માસ પહેલાં ૭૫૦ એકમ લોહી ઉઘરાવવામાં આવેલું. એ બધું હવાઈ ટાપુમાં મોકલી દેવામાં આવ્યું હતું. જાપાનના પ્રથમ હુમલામાં જ એક તરુણ પાયલટને બૉમ્બ વાગવાથી જમણા હાથ ઉપર જખમ થયો. ઑસ્પિટલમાં એને લઈ ગયા ત્યારે એ જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતો હતો. એને રસી મૂકી કે તુરત એ જીવતા માણસની જેમ શુદ્ધિમાં આવી ગયો. પૂરી દસ મિનિટ પણ નહિ થઈ હોય, ત્યાં તો એણે આંખ ઉઘાડી અને સિગારેટ માગી!

પર્લ હાર્બરના દર ચાર જખમીઓમાંથી ત્રણને રસી આપવાની જરૂર પડી. રસી ન હોત તો એમાંનાં ઘણાખરા મૃત્યુ પામ્યા હોત. પણ જેઓ રસીની સગવડવાળા હોનોલુલુના ટ્રિપ્લર જનરલ ઑસ્પિટલમાં ગએલા, તેમાંના દર સેંકડે ૯૬ બચી ગયા.

આ વખતની લડાઇમાં ઘણાખરા તો બૉમ્બથી જ ઘાયલ થયા છે. એમાં પણ દાહક બૉમ્બથી થતા જખમોમાં રસી મૂકવાની ખાસ જરૂર પડે છે. એક સાત વરસના છોકરાનાં પગ, સાથળ અને પડખું દાઝી ગયા પછી ચૌદ કલાકે એને હોનોલુલુ ઑસ્પિટલમાં લાવવામાં આવ્યો. એ મરવાની અણી ઉપર જ હતો, તેથી રસી મૂકવાની વાટ જોયા પહેલાં જ તેના હૃદયને ટકાવી રાખવા માટે મીઠાનું ઇન્જેકશન આપવામાં આવ્યું. પછી ઉપરાઉપર રસી આપી. તેના નાનકડા શરીરમાં લગભગ એક ગૅલન પ્રવાહી દાખલ કર્યું. એ જીવતો રહ્યો.

ઈંગ્લંડે પોતાનું લોહીભંડોળ શરૂ કર્યું એ પહેલાં અમેરિકન રેડ ક્રૉસે આવી ૧૭,૦૦૦ રસીઓ ભેગી કરીને તેને મોકલી આપી હતી.

—ચુનીલાલ મડિયા

રશિયાનાં સામયિકો

એક પત્રકાર તાજેતરમાં રશિયા જઈ આવ્યા છે. તેણે ત્યાંનાં પત્રોનો અચ્છો ચિતાર આપ્યો છે. દેશનાં ત્રણ મુખ્ય વર્તમાનત્રો મૉસ્કોમાંથી પ્રગટ થાય છે. આ પત્રોએ દેશનાં આઠ હજાર પત્રોનું ધોરણ નક્કી કર્યું છે. આ ત્રણ પત્રો તે કૉમ્યુનિસ્ટ પક્ષની સેન્ટ્રલ કમિટિનું મુખપત્ર 'પ્રવડા', કારીગરો તથા ખેડૂતોનું પત્ર 'ઈઝવેસ્ટિયા' અને 'પીપલ્સ કૉમીસેરીએટ ઑફ ડિફેન્સ'નું મુખપત્ર 'રેડ સ્ટાર.'

એ ત્રણે પત્રો દેખાવમાં એકબીજાને એવાં મળતાં આવે છે કે જો તમે તેના મુખપૃષ્ઠ પરનું નામ લઇ લો તો એકબીજા પત્રને ઓળખવાનું કાર્ય મુશ્કેલ થઈ પડે.

બધાં પત્રોમાં ૧૬×૨૪ ઈંચનાં ચાર ખીચોખીચ છાપેલાં પાનાં હોય છે. લખાણોનાં મથાળાંના અક્ષરો મોટા હોતા નથી. કોઈપણ બાબતને ગરમાગરમ ભજિયાં તરીકે છાપવાનો યત્ન થતો નથી. દરેક પત્રના પહેલા પાનામાં યુદ્ધની જાહેરાતો, રશિયન યુદ્ધના બીજા ખબર તથા અગ્રલેખો હોય છે. અંદરના પાનામાં વિદ્વત્તાભર્યા તથા શાસ્ત્રીય લેખો હોય છે,—એવા કે જે જગતભરનાં પત્રોમાં મળી આવતા નથી. 'ઈઝવેસ્ટિયા'માં એક તજ્જ્ઞનો ૨,૦૦૦ શબ્દોનો એક લેખ છપાયો હતો.

પાછલા પાનામાં પરદેશના ખબરો છાપવામાં આવે છે. સોવિયેટ પત્રોની વિશિષ્ટતા એ છે કે, પરદેશનો બનાવ ગમે તેટલી અગત્યનો હોય તોપણ તે કદી આગળના પાના પર છાપવામાં આવતો નથી. દાખલા તરીકે 'સિંગાપુરનું પતન' પાછલા પાનાની વચ્ચે નાના મથાળાથી બે લીટીમાં જ છાપવામાં આવ્યું હતું. અગ્રલેખમાં તે વિષે કંઈ પણ નિર્દેશ કરવામાં આવ્યો નહોતો. એ સાથે પાછલા પાનામાં રમતગમતોની તથા પુસ્તકોની પણ ખબર આપવામાં આવે છે. બીજી કોઇ પણ પ્રકારની જાહેરખબર હોતી નથી. ખરી હકીકત એ છે કે સોવિયેટ પત્રોનો કાર્યપ્રદેશ બ્રિટિશ તથા અમેરિકન પત્રોના કાર્યપ્રદેશથી તદ્દન ભિન્ન છે. રશિયન પત્રોમાં કેળવણીવિષયક તત્ત્વ વધારે હોય છે અને તે પત્રો ચલાવતી સંસ્થાઓનાં તે મુખપત્ર હોય છે.

પશ્ચિમના દેશોનાં વર્તમાનપત્રોની માફક તે પત્રોમાં આનંદપ્રમોદના વિભાગો હોતા નથી. તે પત્રોમાં સિનેમા પાનું, સ્ત્રીઓનું પાનું, રમૂજના ટુચકા કે ગપ્પાં હોતાં નથી. પહેલી દૃષ્ટિએ આ પત્રો શુષ્ક તથા ગંભીર લાગે છે; પણ બીજા દેશોના પત્રમાં નથી હોતું તેમ, આ પત્રો રાષ્ટ્રની ફુરસદની ટેવોનું ચિત્ર નહિ, પણ રાષ્ટ્રની આકાંક્ષાઓ તથા યત્નોનું ચિત્ર દોરે છે.

(પુસ્તકાલય) —છોટાલાલ માનસિંગ કામદાર

જગતમાં આંધળાઓની વસ્તી

દેશ		સંખ્યા	એક લાખ વસ્તીએ કેટલા
ઑસ્ટ્રેલિયા	(૧૯૨૧)	૩૧૫૪	૫૮
કૅનેડા	(૧૯૨૫)	૪૭૧૨	૪૯
ડેન્માર્ક	(૧૯૨૫)	૧૮૦૦	૫૨
ઈંગ્લંડ	(૧૯૨૭)	૪૬૮૨૨	૧૧૯
ફ્રાન્સ	(૧૯૧૧)	૨૮૯૪૫	૭૩
જર્મની	(૧૯૨૫)	૩૪૭૦૩	૫૮
હિંદુસ્તાન	(૧૯૨૧)	૪૭૯૬૩૭	૧૫૦
આઇરિશ ફ્રીસ્ટેટ	(૧૯૧૧)	૩૨૫૦	૧૦૩
આયર્લૅન્ડ (ઉત્તર)		૧૦૬૨	૮૫
ઇટલી	(૧૯૧૧)	૨૮૨૧૧	૮૧
જાપાન	(૧૯૨૮)	૫૧૮૭૪	૧૦૫
ન્યુઝીલૅંડ	(૧૯૨૮)	૬૫૦	૪૮
અમેરિકા(યુ.સ્ટે.)	(૧૯૨૯)	૫૨૫૬૭	૪૯

(આગામી 'વિશ્વદર્શન'માંથી) —છોટાલાલ માનસિંગ કામદાર

ટિકિટ કલેક્ટર—એઈ, તારી ટિકિટ લાવ!

ગામડિઓ—ટિકિટ શેની? જા જા હવે! એના તો પૈસા ભરવા પડ્યા છે! જોઈતી હોય તો પૈસા ખરચીને લઈ લેને!

આ મહિનો (ઑક્ટોબર) ઇતિહાસમાં

તા. ૧ લૉર્ડ ઑકલૅન્ડે શાહ શુજાને પક્ષે રહી અફઘાન વિગ્રહ જાહેર કર્યો, ૧૮૩૬.

તા. ૫ પોર્ટુગાલમાં રાજ્યક્રાન્તિ થઈ, તે પ્રજાસત્તાક જાહેર થયું ને તેનો રાજા માનુએલ ઇંગ્લંડ નાસી ગયો, ૧૯૧૦.

તા. ૬ વિખ્યાત અંગ્રેજ રાજકવિ ટેનીસનનું અવસાન, ૧૮૯૨.

તા. ૧૧ અમેરિકાના નામી વનસ્પતિવિદ્ લ્યૂથર બુરબૅંકનું અવસાન, ૧૯૨૬.

તા. ૧૮ હાગમાં આંતરરાષ્ટ્રીય સુલેહ પરિષદ મળી, ૧૯૦૭.

તા. ૧૯ ગુલિવર્સ ટ્રાવેલ્સના કર્તા, જાણીતા અંગ્રેજ કટાક્ષલેખક જૉનાથન સ્વિફ્ટનું અવસાન, ૧૭૪૫.

તા. ૨૩ ઈંગ્લંડ અને સ્કૉટલૅંડની સંયુક્ત પાર્લામેન્ટની સૌપહેલી બેઠક મળી, ૧૭૦૭.

તા. ૨૫ અંગ્રેજી ભાષાના આદિકવિ ચૉસરનું અવસાન, ૧૪૦૦.

તા. ૨૯ પ્રખ્યાત અંગ્રેજ કોષકાર અને વિદ્વાન જૉન્સનના સાથી અને ચરિત્રકાર બૉસ્વેલનો જન્મ, ૧૭૪૦.

તા. ૩૦ રશિયાના પહેલા વાસ્તવવાદી નવલ-નવલિકા લેખક દોસ્તોયેવસ્કીનો જન્મ, ૧૮૨૧.

આ માસની વ્યક્તિવિશેષ
ઍની બેસંટ

'હું બુઢ્ઢી થઇ છું છતાં હિન્દને હોમરૂલ ભોગવતું જોયા પછી જ હું મરવાની છું' એવા મંગળ બોલને જીવનનો મંત્ર બનાવીને જેણે જિંદગીનો અર્ધ ઉપરાંત ભાગ આ દેશની સંસ્કૃતિ અને સ્વાતંત્ર્યના સ્વાધ્યાય અને સેવામાં વ્યતીત કરી આ જ દેશને પોતાનાં હાડ અર્પણ કર્યાં એ ઍની બેસંટનો જન્મ ઇ. ૧૮૪૭ના ઑક્ટોબરની પહેલી તારીખે લંડનમાં એક ધર્મપરાયણ અને સંસ્કારી દંપતીને ત્યાં થયો હતો. પિતા વિલિયમ પેજ વુડ યુરોપની સર્વ ભાષાઓના જ્ઞાતા અને વિદ્વાન પંડિત હતા. મોસાળ પક્ષે એ આઇરિશ હતા, અને માતા તો સર્વાંગે આઇરિશ તોખમની હતી. 'આમ, પોણા ભાગનું લોહી આઇરિશ હોવા છતાં કમભાગ્યે મારો જન્મ લંડનમાં થયો' એમ મોટપણે બોલનાર ઍનીમાં સ્વાધીનતાનો જોસ્સો લોહીમાંથી જ હતો. નાનપણથી જ તેજસ્વી ને નિર્દોષ સુકુમાર એ બાળાને પાંચ વર્ષની મૂકીને પિતા ક્ષયની બીમારીમાં ગુજરી ગયા અને પ્રેમાળ સંસ્કારી માતાએ વિદ્યાર્થીઓનું છાત્રાલય ચલાવી ગુજરો કરી પુત્રીને મોટી કરી. અંગ્રેજી



ગ્રંથો અને ઇશ્વર વિષયક કાવ્યો વાંચીવાંચીને ઍનીનું મન આપણી મીરાંની માફક 'સ્વામી ઈશુ'થી એટલું ભરાઇ ગયું કે યુવાવસ્થા આવવા છતાં પ્રેમ જેવી ઊર્મિ તેના અંતરમાં કદી ઊગી ન હતી; છતાં વીસ વર્ષની વયે ૧૮૬૭માં ફ્રૅન્ક બીસાન્ટ નામના એક યુવાન પાદરીના પરિચયમાં એ આવી અને વ્યાવહારિક વેવીશાળનો અપાઈ ગએલો બોલ કુળમર્યાદાને માટે પાળવા ખાતર, તેમજ પાદરીની પત્ની બનીને ધાર્મિક જીવન ગાળવાનો સોનેરી સુયોગ મળવાની આશાથી તે પરણી. પણ દિન પર દિન વિકસતી જતી ને નિરીશ્વરવાદી થતી જતી તેની માન્યતાને કારણે એ એવું આત્મિક અને માનસિક કજોડું નીવડયું કે છ વરસ પછી તે છુટાછેડામાં પરિણમ્યું. એ દરમ્યાન ૧૮૬૭-૭૦માં તે એક પુત્ર અને એક પુત્રીની માતા થઈ; પરંતુ કાયદાએ તેનાં નિરાશ બનતા જતા જીવનના આધારરૂપ એ બંને બાળકો તેની પાસેથી ઝૂંટવી તેના પતિને સોંપી દીધાં. ગરીબી, સ્વતંત્ર મત ધરાવવા માટે સમાજનો તિરસ્કાર અને પ્રિય બાળકોનો વિયોગ એવા ત્રિવિધ તાપથી કંટાળી ઍનીએ આપઘાતનો પ્રયત્ન કર્યો, પણ બીજી જ પળે એ ભીરૂતા સામે અંતરનો પોકાર સાંભળી તે સાવધ થઇ ગઈ અને ક્લૉરોફૉર્મની શીશી બગીચામાં ફેંકી દીધી.

આ અરસામાં તે ઇંગ્લંડના મુક્તિવિચારવાદી ચાર્લ્સ બ્રાડલોના સંસર્ગમાં આવી. અંગ્રેજ પ્રજા જેને ધાંધલખોર, ચારિત્ર્યહીન અને ધર્મદ્રોહી કહી ધિક્કારતી, ધર્મચુસ્તોમાં જેનું નામ શાપસમાન હતું છતાં બીજી બાજુ જે ગરીબોનો પ્રતિનિધિ બની પાર્લામેન્ટમાં ચુંટાયો હતો, અને ત્યાં 'પ્રભુને નામે શપથ' લેવાની ના પાડવા માટે જેને પાંચપાંચ વાર માર ખાઈ બહાર ધકેલાવું પડયું હતું, તે બ્રાડલોએ ઍનીની બાંહ્ય ઝાલી અને પોતાની એ શિષ્યાને શુદ્ધ ને ઉન્નત બુદ્ધિવાદ તરફ વાળી. ૧૮૭૪માં બ્રાડલો સાથે નૅશનલ સેક્યુલર સોસાઍટીમાં જોડાઇને ઍનીએ એક દસકા સુધી તનતોડ કામ કર્યું, અને તેજાબ જેવી સડસડતી ભાષામાં વહેતાં વ્યાખ્યાનો તથા 'Ajax'ની સહીથી લખેલી ધોધમાર પત્રિકાઓ દ્વારા ધાર્મિક પાખંડો સામે એણે સંગ્રામ ચલાવ્યો. પણ પછી વિચારની ઉદ્દામતાને કારણે ઍની ૧૮૮૫માં બર્નાર્ડ શૉના સમાજવાદ તરફ વળી, અને તેની સાથે બેકાર-કંગાળ મજૂરદુનિયાની ભીતરનો જાતઅનુભવ લઇ તેમને માટેની ભીષણ લડત મૂડીપતિઓ સામે ચલાવી અને ધરપકડો તથા ગોળીબારોની સામે તેમને અહિંસક રાખી ધ્યેયસિદ્ધિને માર્ગે વાળ્યા.

આ બધાં મનોમંથનો, સ્થિતિચુસ્તતા અને મૂડીવાદના અન્યાય સામેની લડતો, ઝહેમતો અને વિગ્રહોમાંથી પસાર થતાંથતાં અંતે તેમાં જગતભ્રાતૃભાવ કે શાશ્વતશાંતિનાં કાંઈ બીજ ન જણાતાં તે એવી શાંતિ આણનાર કોઈ અગમ્ય નિગૂઢ તત્ત્વને ઝંખતી હતી તેવામાં ઈ. ૧૮૮૯માં એને થીઓસોફિકલ સોસાઍટી (બ્રહ્મવિદ્યા મંડળ)નાં સ્થાપનાર રશિયન અધ્યાત્મવાદી મૅડમ બ્લૅવેટસ્કીનો સમાગમ થયો. તત્કાલ એને કોઇ નવા જ દિવ્ય પ્રદેશની ઝાંખી થઈ અને તોફાન-ધાંધલનું જીવન છોડી,ઍની બેસન્ટ થીઓસોફીકલ સોસાઍટીના કાર્યકર્તા તરીકે તેમજ હિંદી તત્ત્વજ્ઞાનમાંથી આત્માની સાચી શાંતિ મેળવવા ઇ. ૧૮૯૩માં હિંદને કિનારે ઊતર્યાં.

હિંદ આવીને તે સીધાં બનારસ ગયાં અને ત્યાં 'શાંતિકુંજ' નામનું તપોવન જમાવી, હિંદના મહેમાન મટી હિંદને માતૃભૂમિ બનાવી. તત્ત્વજ્ઞાનના અભ્યાસ માટે એકલા હિંદુ જ નહિ, પણ બૌદ્ધ, જૈન, મુસ્લિમ, જરથુસ્ત્ર વગેરે બધા પંથનો અભ્યાસ આદર્યો અને એ સર્વ દિશાના અધ્યયનમાંથી એકતાનું અણમોલ અમૃત સારવીને હિંદી સંસ્કૃતિસેવાની નવી ઐક્યપ્રેરક પ્રવૃત્તિ ઉપાડી. પ્રત્યેક પંથની ફિલસૂફીનાં વ્યાખ્યાનો વાટે, રામાયણ-મહાભારત ને ગીતા જેવા ગ્રંથોના શુદ્ધ સુંદર અનુવાદો દ્વારા, અને અન્ય સંખ્યાબંધ ગ્રંથો લેખો અને વાતોના અખંડ વહેતા પ્રવાહ વાટે એમણે એક તરફથી હિંદમાં પ્રવેશતી પાશ્ચાત્ય જડવાદની વેગવંત ગતિને ખાળી રાખી અને બીજી બાજુ મતસહિષ્ણુતાના [અનુસંધાન જુઓ પાછળ પાન ૨૯૬મે]

જીભ, કછોટી, કર–પદો જે નર વશ રાખંત,
તે નરથી અપરાધ પણ અળગો સદા રહંત.

જિનેવાનો એડોર્નો નામનો એક શ્રીમંત ગરીબો પર અત્યાચાર કરતો હોઇ, યુવર્ટી નામનો એક જુવાન ગરીબોની તરફેણ કરી ઊભો થયો. પોતાની લાગવગને બળે એડોર્નોએ તેની મિલકત જપ્ત કરી આફ્રિકા દેશનિકાલ કરાવ્યો. યુવર્ટી આફ્રિકામાં વેપાર ખેડી ખૂબ પૈસાદાર થયો. તેવામાં એક દિવસ એક ગોરા ગુલામ પર તેની નજર પડી. તપાસ કરતાં તે એડોર્નોનો પુત્ર જ માલૂમ પડ્યો, એટલે યુવર્ટીએ પાંચ હજારની રકમ આપી તેને છોડાવ્યો અને કહ્યું, 'ભાઇ, રાજીખુશીથી તું સ્વિટ્ઝર્લૅંડ જા. તારો પિતા હવે વૃદ્ધ અને અશક્ત થયો છે. તેને મારા પ્રણામ કહેજે.'

અનેકાર્થી શબ્દઃ **ઊતરવું**=નીચે આવવું; ઘટી જવું; શમી જવું; પાર જવું; બગડી જવું; મુકામ કરવો; તોલમાં બરાબર થવું; તૈયાર થવું; વાળનું ખરી પડવું; મનમાં ઠસવું.

કહેવતોના અર્થઃ 'અલ્લાને આગુસે લે લિયા.'—ઇશ્વરને છેતરવામાં નિષ્ફળ જનારના પશ્ચાત્તાપના ઉદ્ગારવાળી આ કહેવત પાછળ ટુચકો છે કે એક ફકીરે એવી માનતા માની કે પોતાને રૂપિયો મળે તો પોતે અલ્લાને નામે ચાર આના ખેરાત કરશે. અકસ્માત તેને રૂપિયો મળ્યો, પણ મન ચળી જતાં ખેરાતનો વિચાર જતો કરી રૂપિયો વટાવવા ગયો. પરંતુ તે બાબાશાહી નીકળતાં તેના બાર જ આના ઊપજ્યા, તેથી તે બોલી ઊઠ્યોઃ 'અપના ભાગ અલ્લાને આગુસે લે લિયા!'



દેશદેશના શિરવેશ
બાજુએ બતાવ્યો છે તે ગ્રીસના વતની ગ્રીકનો છે

ગણિત ગમ્મત

(૧× ૫)+(૧+ ૫)– ૧= ૨×૫
(૨×૧૦)+(૨+૧૦)– ૨= ૩×૧૦
(૩×૧૫)+(૩+૧૫)– ૩= ૪×૧૫
(૪×૨૦)+(૪+૨૦)– ૪= ૫×૨૦
(૫×૨૫)+(૫+૨૫)– ૫= ૬×૨૫
(૬×૩૦)+(૬+૩૦)– ૬= ૭×૩૦
(૭×૩૫)+(૭+૩૫)– ૭= ૮×૩૫
(૮×૪૦)+(૮+૪૦)– ૮= ૯×૪૦
(૯×૪૫)+(૯+૪૫)– ૯=૧૦×૪૫
(૧૦×૫૦)+(૧૦+૫૦)–૧૦=૧૧×૫૦
અને એ પ્રમાણે આગળ (કા. મ. જોષી)

સોયાબીન અને ટૅંગ એ બંનેનાં તેલનાં મિશ્રણ વડે હવે એવા રંગ બનાવ્યા છે જે હવાની અસરથી તતડી કે ઊખડી નહિ જાય.

રાષ્ટ્રસંઘમાં આવેલા વસ્તીગણત્રીના આંકડા પ્રમાણે દર વર્ષે દુનિયાની વસતિમાં ૧૯ ૦૦૦,૦૦૦ જેટલી જનસંખ્યાનો વધારો થાય છે, અને તેમાં યે સૌથી બહોળો વધારો રશિયામાં થાય છે—દર વર્ષે બે ટકા

તિબેટના લોકો રોજ સરાસરી ૪૦ પ્યાલા ચા પીએ છે.

ફ્રેન્ચ લોકોએ હવે એવો કાચ બનાવ્યો છે કે દિવાલ પર ખીલી વડે જડી શકાય, શારડી વડે કાણાં પાડી શકાય અને કરવતીથી વહેરી શકાય, છતાં જરા યે નુકસાન ન પામે!

શિલા છાપની શોધ ઈ. ૧૭૯૬માં અલોઇઝ સીનીફિલ્ડરે કરી.

કૉફીની પેદાશ હિંદમાં મોટા પ્રમાણમાં થતી હોવા છતાં તેનો વપરાશ અહીં ઘણા અલ્પ પ્રમાણમાં થાય છે. સરેરાશ દરેક હિંદી એક વર્ષમાં સાત કપ કૉફી પીએ છે.

દુનિયાની જુદીજુદી ભાષાઓ બોલવામાં વપરાતી ઝડપનો અભ્યાસ કરીને એક ભાષાશાસ્ત્રીએ ઠરાવ્યું છે કે દર મિનિટે ૩૫૦ સિલેબલ ઉચ્ચારતી ફ્રેન્ચ ભાષા સૌથી ઝડપી છે. મિનિટે ૩૧૦ સિલેબલવાળી જાપાની ભાષા બીજી આવે છે, ને પછી ૨૫૦ સિલેબલવાળી જર્મન ભાષા. ૨૨૦ સિલેબલે મિનિટે ચાલતી અંગ્રેજી ભાષા તો મુકાબલે બહુ ધીમી છે, અને મિનિટે ૫૦ સિલેબલ ધરાવનાર અમુક પૉલિનેશિયનનો નંબર સૌથી છેલ્લો આવે છે.

હિંદમાં થતા એક ફળમાંથી નીકળતું ચૌલમૂર્ગા નામનું તેલ રક્તપિત્ત ઉપર બહુ મૂલ્યવાન ઉપચાર લેખાય છે.

ચાલુ મહાયુદ્ધ શરૂ થયા પહેલાં બ્રિટિશ જહાજો પર ૬૦ હજાર હિંદી કામ કરતા હતા.


આયર્લૅંડ દેશ પોપ ઍડ્રિયન ચોથાએ ઈ. ૧૧૫૫માં ઇંગ્લંડના રાજા હેન્રી બીજાને વેચી માર્યો હતો, અને એની કિંમત પેટે ઇંગ્લંડે આયર્લૅંડના પ્રત્યેક ઘર દીઠ દર વર્ષે એક પેની સેન્ટ પીટર્સના દેવળ (રોમ)ને ભરવી એમ ઠર્યું હતું. આયર્લૅંડની પાર્લામેન્ટે પોપનો એ હક કબૂલ રાખ્યો હતો અને જેઓ એ વેચાણને નાકબૂલ કરે તેનો દંડ કરવાની સત્તા દરેક પાદરીને આપી હતી.



ઑક્ટોપસ જાતિના બધા દરિયાઈ જીવને સ્વરક્ષણ માટે કુદરતે શાહી જેવા કાળા પ્રવાહીની કોથળી શરીરમાં આપી હોય છે, જે કોઈ દુશ્મન પ્રાણીના હુમલા વખતે છોડવાથી પાણીમાં (યુદ્ધમાં આગબોટો વાપરે છે તેવો) ધુમાડિયો પડદો રચાઈ જાય છે અને તેને ઓથે તે નાસી છૂટે છે. દુશ્મન જો એ પડદા સોંસરો નીકળવા મથે તો એ પ્રવાહીથી તે અંધ થઈ જાય છે. છોડનાર પ્રાણી સિવાય બધા ઉપર તેની આવી અસર થાય છે.

'તમારી ઉંમર કેટલી? આ નીચે આંકડાઓના જે છ કોઠા આપ્યા છે. કોઈપણ માણસને તે કોઠા બતાવીને પૂછજો કે તેની ઉંમર દર્શાવતો આંક કયા કયા કોઠામાં છે. તે જે જે કોઠા બતાવે તે તે કોઠાના પહેલા અંકનો સરવાળો કરશો એટલે તેની ઉંમરનો આંકડો તમને મળી જશે, અને તે તમે તેને કહીને ચકિત કરી શકશો.

૮ ૨૭ ૪૬	૧ ૨૩ ૪૫	૧૬ ૨૭ ૫૪	૪ ૨૩ ૪૬	૩૨ ૪૩ ૫૪	૨ ૨૩ ૪૬
૯ ૨૮ ૪૭	૩ ૨૫ ૪૭	૧૭ ૨૮ ૫૫	૫ ૨૮ ૪૭	૩૩ ૪૪ ૫૫	૩ ૨૬ ૪૭
૧૦ ૨૯ ૫૬	૫ ૨૭ ૪૯	૧૮ ૨૯ ૫૬	૬ ૨૯ ૫૨	૩૪ ૪૫ ૫૬	૬ ૨૭ ૫૦
૧૧ ૩૦ ૫૭	૭ ૨૯ ૫૧	૧૯ ૩૦ ૫૭	૭ ૩૦ ૫૩	૩૫ ૪૬ ૫૭	૭ ૩૦ ૫૧
૧૨ ૩૧ ૫૮	૯ ૩૧ ૫૩	૨૦ ૩૧ ૫૮	૧૨ ૩૧ ૫૪	૩૬ ૪૭ ૫૮	૧૦ ૩૧ ૫૪
૧૩ ૪૦ ૫૯	૧૧ ૩૩ ૫૫	૨૧ ૪૮ ૫૯	૧૩ ૩૬ ૫૫	૩૭ ૪૮ ૫૯	૧૧ ૩૪ ૫૫
૧૪ ૪૧ ૬૦	૧૩ ૩૫ ૫૭	૨૨ ૪૯ ૬૦	૧૪ ૩૭ ૬૦	૩૮ ૪૯ ૬૦	૧૪ ૩૫ ૫૮
૧૫ ૪૨ ૬૧	૧૫ ૩૭ ૫૯	૨૩ ૫૦ ૬૧	૧૫ ૩૮ ૬૧	૩૯ ૫૦ ૬૧	૧૫ ૩૮ ૫૯
૨૪ ૪૩ ૬૨	૧૭ ૩૯ ૬૧	૨૪ ૫૧ ૬૨	૨૦ ૩૯ ૬૨	૪૦ ૫૧ ૬૨	૧૮ ૩૯ ૬૨
૨૫ ૪૪ ૬૩	૧૯ ૪૧ ૬૩	૨૫ ૫૨ ૬૩	૨૧ ૪૪ ૬૩	૪૧ ૫૨ ૬૩	૧૯ ૪૨ ૬૩
૨૬ ૪૫	૨૧ ૪૩	૨૬ ૫૩	૨૨ ૪૫	૪૨ ૫૩	૨૨ ૪૩



અપ્રતિમ ગુજરાતી શિલ્પસમૃદ્ધિ ધરાવતા
મોઢેરાના સૂર્યમંદિરના રંગમંડપનો ઉત્તર તરફનો દરવાજો
ફોટો • બલવન્ત ભટ્ટ
(જુઓ આ અંકમાંનો શ્રી મંજુલાલ ર. મજમુદારનો લેખ : ગુજરાતની શિલ્પસમૃદ્ધિ)



ટપાલની ટિકિટો પર દેવો તથા દેવમંદિરો (શ્રી હરિલાલ બૅંકર-વઢવાણ કૅમ્પ-ના સંગ્રહમાંથી)

મથાળે-ડાબી બાજુથી: (૧) હિંદુસ્તાનમાંના ફ્રેન્ચ પ્રદેશની ૨ સેન્ટની ટિકિટ પર બ્રહ્મા; (૨) હિંદી ચીનની ૫ સેન્ટની ટિકિટ પર ત્યાંના 'ત્રિમૂર્તિ'ના જંગી ને વિખ્યાત શિલ્પનું ચિત્ર; (૩) પેરૂની ૧ સેન્ટની ટિકિટ પર સૂર્ય-દેવનું ચિત્ર; (૪) ગ્રીસની ૧ ડ્રૅક્મસની ટિકિટ પર સૂર્યદેવનો રથ. વચ્ચે-(૧) જાપાનની ૧ યેનની ટિકિટ પર ભગવાન બુદ્ધ; (૨) સીઆમ (થાઇલૅન્ડ)ની ૧૦ સ્ટૅ.ની ટિકિટ પર ગરુડદેવ; (૩) હિંદુસ્તાનના જયપુર રાજ્યની ટિકિટ પર સૂર્યદેવનો રથ. નીચે-(૧) સીલોન (લંકા)ની બે રૂપિયાની ટિકિટ પર દ્વારપાલિકા દેવી; (૨) સીલોનની ૨૫ સેન્ટની ટિકિટ પર ભગવાન બુદ્ધના દાંત ઉપર બંધાએલું ત્યાંનું વિખ્યાત મંદિર; (૩) નેપાળની આઠ પૈસાની ટિકિટ પર હિમાલયમાં વિરાજેલા ભગવાન પશુપતિનું ચિત્ર. આ ઉપરાંત હિંદુસ્તાનમાં ચાલુ નીચેની ટિકિટો એટલી બધી જાણીતી છે કે તે ઉપરના બ્લૉકમાં ઉતારી નથી. તેની યાદી નોંધપાત્ર છે: (૧) હિંદની ૧૧ આનાની ટિકિટ પર કલકત્તાનું વિખ્યાત જૈનમંદિર; (૨) ૩॥ આનાની ટિકિટ પર અમૃતસરનું સુવર્ણમંદિર (શીખોનું પવિત્ર ધામ); (૩) ૧ આનાની ટિકિટ પર મદ્રાસનું રામેશ્વરનું મંદિર; (૪) આઠ આનાની ટિકિટ પર માંડલે (બ્રહ્મદેશ)નું બુદ્ધમંદિર.







ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ડાબી બાજુથી: (૧) 'મારવાડી વણિક'—ચંદુભાઈ ભટ્ટ (અમદાવાદ): ત્રીજું ઇનામ; (૨) 'શ્રમજીવીની સવાર' —ચીનુભાઈ પટેલ (અમદાવાદ): બીજું ઈનામ; (૩) 'સીમભાગ્ય' —ચીમન મેવાડા (કલોલ): નોંધપાત્ર. (વિગત માટે જુઓ અંદર પૃષ્ઠ ૩૦૩)